આદર્શ ભક્ત હનુમાન

શ્રીહનુમાનજી ભગવાન શ્રીરામના સર્વોત્તમ દાસ-ભક્ત છે. એમનો જન્મ વાયુદેવના અંશમાંથી અને માતા અંજનીના ગર્ભમાંથી થયો હતો. શ્રીહનુમાનજી બાલબ્રહ્મચારી, મહાવીર, અતિશય બળવાન, ઘણા બુદ્ધિશાળી, ચતુરશિરોમણિ, વિદ્વાન, સેવાધર્મના આચાર્ય, સર્વથા નિર્ભય, સત્યવાદી, સ્વામીભક્ત, ભગવાનનાં તત્ત્વ, રહસ્ય, ગુણ અને પ્રભાવને સારી રીતે જાણનારા, મહાવિરક્ત, સિદ્ધ, પરમ પ્રેમી ભક્ત અને સદાચારી મહાત્મા છે. તેઓ યુદ્ધવિદ્યામાં ઘણા જ કુશળ, ઇચ્છાનુસાર રૂપ ધારણ કરવામાં સમર્થ તથા ભગવાનનાં નામ, ગુણ, સ્વરૂપ અને લીલાના ઘણા જ રસિક છે. કહેવાય છે કે હજી પણ જ્યાં શ્રીરામની કથા કે કીર્તન થાય છે, ત્યાં શ્રીહનુમાનજી કોઈ ને કોઈ વેશમાં ઉપસ્થિત રહે જ છે. શ્રદ્ધા ન હોવાને લીધે લોકો એમને ઓળખી નથી શકતા.

શ્રીહનુમાનજીના ગુણો અપાર છે. ભગવાન અને એમના ભક્તોના ગુણોનું વર્ણન કોઈ પણ મનુષ્ય કેવી રીતે કરી શકે છે. આ વિષયમાં જે કંઈ પણ લખવામાં આવે, તે ઘણું જ અલ્પ છે. અહીં સંક્ષેપમાં શ્રીહનુમાનજીનાં ચરિત્રો દ્વારા એમના ગુણોનું કંઈક કરાવવામાં આવે છે.

પહેલી વખત જ્યારે પમ્પા સરોવર પર શ્રીરામ અને લક્ષ્મણજી સાથે શ્રીહનુમાનજી મળ્યા છે, તે પ્રસંગ જોવાથી ખબર પડે છે કે શ્રીહનુમાનજીમાં વિનય, વિદ્વત્તા, ચતુરતા, દીનતા, પ્રેમ અને શ્રદ્ધા વગેરે ગુણો ઘણા જ વિલક્ષણ છે.

પોતાના મંત્રીઓ સાથે ઋષ્યમૂક પર્વત પર બેઠેલા સુગ્રીવજીની દૃષ્ટિ પમ્પા સરોવર તરફ જાય છે, ત્યારે તે જુએ છે કે હાથમાં ધનુષ-બાણ લઈને ઘણા સુંદર, વિશાળ ભુજાઓવાળા, મહાપરાક્રમી બે વીર પુરુષ આ બાજુ આવી રહ્યા છે. એમને જોતાં જ સુગ્રીવજી ભયભીત થઈને શ્રીહનુમાનજીને કહે છે કે, 'હનુમાનજી! તમે જઈને એમની પરીક્ષા તો કરો. જો આ લોકો વાલીના મોકલેલા હોય તો મને ઈશારાથી સમજાવી દેજો, જેથી હું આ પર્વતને છોડીને તરત જ ભાગી જાઉં.'

સુગ્રીવજીની આજ્ઞા મેળવીને તેઓ બ્રહ્મચારીનું રૂપ ધારણ કરીને ત્યાં જાય છે અને શ્રીરામચંદ્રજીને પ્રણામ કરીને એમને પ્રશ્ન પૂછે છે. માનસ-રામાયણમાં શ્રીતુલસીદાસજી એમના પ્રશ્નનું આમ વર્ણન કરે છે. હનુમાનજી પૂછે છે :

કો તુમ્હ સ્યામલ ગૌર સરીરા।
છત્રી રૂપ ફિરહુ બન બીરા॥
કઠિન ભૂમિ કોમલ પદ ગામી।
કવન હેતુ બિચરહુ બન સ્વામી॥
કી તુમ્હ તીનિ દેવ મહઁ કોઊ।
નર નારાયન કી તુમ્હ દોઊ॥

(તુ૦ રા૦ કિ૦ ૦૭/થી ૯)

જગ કારન તારન ભવ ભંજન ધરની ભાર।
કી તુમ્હ અખિલ ભુવન પતિ લીન્હ મનુજ અવતાર॥

(તુ૦ રા૦ કિ૦ ૧/૦)

'હે વીરો! શ્યામ અને ગૌર વર્ણનું શરીર ધારણ કરનારા આપ કોણ છો, કે જે ક્ષત્રિયના રૂપમાં વનમાં વિચરી રહ્યા છો? હે સ્વામી! કઠોર ભૂમિ પર કોમળ ચરણો વડે ચાલનારા આપ કયા કારણે વનમાં વિચરી રહ્યા છો? શું તમે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ – આ ત્રણ દેવતાઓમાંથી કોઈ છો, કે આપ બન્ને નર અને નારાયણ છો?... અથવા આપ જગતના મૂળ કારણ અને સંપૂર્ણ લોકોના સ્વામી સ્વયં ભગવાન છો, જેમણે

લોકોને ભવસાગરની પાર ઉતારવા તથા પૃથ્વીનો ભાર નષ્ટ કરવા માટે મનુષ્યરૂપે અવતાર ધારણ કર્યો છે.'

અધ્યાત્મરામાયણમાં પણ લગભગ આવું જ વર્ણન છે. આના સિવાય ત્યાં શ્રીરામચંદ્રજી ભાઈ શ્રીલક્ષ્મણજીને હનુમાનજીની વિદ્વત્તાભરી પ્રશંસા કરતાં કહે છે –

'લક્ષ્મણ! જો, આ બ્રહ્મચારીના વેષમાં કેવું સુંદર ભાષણ કરે છે, ચોક્કસ જ આમણે સંપૂર્ણ શબ્દ-શાસ્ત્ર ઘણી રીતે વાંચ્યું છે. આમણે આટલી વાતો કરી, પણ એમના બોલવામાં ક્યાંય કોઈ અશુદ્ધિ નથી આવી.'

વાલ્મીકીય રામાયણમાં તો શ્રીરામે ત્યાં સુધી કહ્યું છે કે, 'આમણે અવશ્ય બધા વેદોનો અભ્યાસ કર્યો છે, નહીં તો આ પ્રકારનું ભાષણ કેવી રીતે કરી શકત.' આના સિવાય બીજી પણ ઘણી બધી રીતે શ્રીહનુમાનજીનાં વચનોની પ્રશંસા કરતાં તે છેવટે કહે છે કે જે રાજાની પાસે આવા બુદ્ધિશાળી દૂત હોય, એનાં બધાં કાર્ય દૂતની વાતચીતથી જ સિદ્ધ થઈ જતાં હોય છે!

રામચરિતમાનસમાં આગળનું વર્ણન ઘણું જ પ્રેમપૂર્ણ છે –

ભગવાન શ્રીરામચંદ્રજી પોતાનો બધો પરિચય આપીને શ્રીહનુમાનજીને પૂછે છે કે બ્રાહ્મણ! બતાવો, તમે કોણ છો? આ સાંભળીને હનુમાનજી શ્રીરામને સારી રીતે જાણીને તરત જ એમના ચરણોમાં નમી પડે છે, એમનું શરીર રોમાંચિત થઈ ઊઠે છે, મુખથી બોલાતું નથી, તે એકીટશે ભગવાનની રૂપ-માધુરી અને વિચિત્ર વેષને નિહાળવા લાગે છે. કેવો અલૌકિક પ્રેમ છે! પછી ધૈર્ય ધારણ કરીને ભગવાનને કહે છે –

મોર ન્યાઉ મૈં પૂછા સાઈં।
તુમ્હ પૂછહુ કસ નર કી નાઈં॥
તવ માયા બસ ફિરઉँ ભુલાના।
તાતે મૈં નહિ પ્રભુ પહિચાના॥
એકુ મૈં મંદ મોહબસ કુટિલ હૃદય અગ્યાન।
પુનિ પ્રભુ મોહિ બિસારેઉ દીનબંધુ ભગવાન॥
જદપિ નાથ બહુ અવગુન મોરેં।
સેવક પ્રભુહિ પરૈ જનિ ભોરેં॥

(તુ૦ રા૦ કિ૦ ૧/૮થી ૨/૧)

'હે સ્વામી! મેં જે પૂછ્યું તે મારું પૂછવું તો ન્યાયસંગત હતું, પરંતુ તમે મનુષ્યની જેમ કેવી રીતે પૂછી રહ્યા છો? હું તો આપની માયાને વશ થઈને તમને ભૂલીને ફરું છું; એથી જ મેં મારા સ્વામી આપને ઓળખ્યા નહીં. એક તો હું આમેય મંદ છું, બીજું મોહના વશમાં છું, ત્રીજું હૃદયનો કુટિલ અને અજ્ઞાની છું. હે દીનબંધુ! હે ભગવાન! વળી આપ પણ મને ભૂલી ગયા! હે નાથ! જોકે મારામાં તો ઘણા અવગુણ છે, પણ આપ સ્વામી છો, હું તમારો સેવક છું, આથી સ્વામીએ સેવકને ન ભૂલવો.'

કેટલો પ્રેમ અને દૈન્યભાવ છે! એના પછી વિનયપૂર્વક સુગ્રીવજીની પરિસ્થિતિ બતાવીને બંને ભાઈઓને પોતાની પીઠ પર ચઢાવીને તે સુગ્રીવજીની પાસે લઈ જાય છે. ત્યાં બંને બાજુની બધી વાતો સંભળાવીને અગ્નિદેવની સાક્ષીમાં શ્રીરામ અને સુગ્રીવજીની મિત્રતા કરાવી આપે છે. વાલીનો વધ કરીને ભગવાન શ્રીરામ ભાઈ લક્ષ્મણજીની સાથે પ્રવર્ષણ પર્વત પર નિવાસ કરી વર્ષા-ઋતુનો સમય વ્યતીત કરે છે. ત્યાં સુગ્રીવજી રાજ્ય, ઐશ્વર્ય અને સ્ત્રી વગેરે મળી જવાથી ભોગોમાં ફસાઈને ભગવાનના કાર્યને ભૂલી જાય છે. આ જોઈને શ્રીહનુમાનજી રાજનીતિ અનુસાર સુગ્રીવજીને ભગવાનના કાર્યની યાદ અપાવે છે અને એમની આજ્ઞા

લઈને વાનરોને બોલાવવા માટે દેશ-દેશાન્તરોમાં દૂત મોકલે છે. કેવી બુદ્ધિમત્તા છે!

એના પછી જ્યારે સીતાજીની શોધ કરવા માટે બધી દિશાઓમાં વાનરોને મોકલવાની વાતચીત થઈ રહી હતી, એ વખતનું વર્ણન શ્રીવાલ્મીકીય રામાયણમાં જોવાથી ખબર પડે છે કે સુગ્રીવજીનો શ્રીહનુમાનજી પર કેટલો વિશ્વાસ અને કેટલી શ્રદ્ધા હતી તથા ભગવાન શ્રીરામને પણ એમની કાર્યકુશળતા પર કેટલો વિશ્વાસ હતો. ત્યાં શ્રીરામની સામે જ સુગ્રીવજી હનુમાનજીને કહે છે –

ન ભૂમૌ નાન્તરિક્ષે વા નામ્બરે નામરાલયે ।
નાપ્સુ વા ગતિભઙ્ગં તે પશ્યામિ હરિપુઙ્ગવ ॥
સાસુરાઃ સહગન્ધર્વાઃ સનાગનરદેવતાઃ ।
વિદિતાઃ સર્વલોકાસ્તે સસાગરધરાધરાઃ ॥
ગતિર્વેગશ્ચ તેજશ્ચ લાઘવં ચ મહાકપે ।
પિતુસ્તે સદૃશં વીર મારુતસ્ય મહૌજસઃ ॥
તેજસા વાપિ તે ભૂતં ન સમં ભુવિ વિદ્યતે ।
તદ્યથા લભ્યતે સીતા તત્ત્વમેવાનુચિન્તય ॥
ત્વય્યેવ હનુમન્નસ્તિ બલં બુદ્ધિઃ પરાક્રમઃ ।
દેશકાલાનુવૃત્તિશ્ચ નયશ્ચ નયપણ્ડિત ॥

(વા૦ રા૦ કિષ્કિન્ધા૦ ૪૪/૩-૭)

'કપિશ્રેષ્ઠ! તમારી ગતિનો અવરોધ ન પૃથ્વીમાં, ન અંતરિક્ષમાં, ન આકાશમાં કે ન તો દેવલોકમાં અથવા ન જળમાં જોવા મળે છે. દેવતા, અસુર, ગંધર્વ, નાગ, મનુષ્ય સહિત એમના સમસ્ત લોકનું સમુદ્ર અને પર્વતો સહિત તમને યથાયોગ્ય જ્ઞાન છે. મહાકપે! તમારી ગતિ, વેગ, તેજ અને સ્ફુર્તિ – તમારા મહાન બળવાળા પિતા વાયુનાં જેવાં જ છે. વીર! આ ભૂમંડળ પર કોઈ પણ પ્રાણી તેજમાં તમારી સમાનતા કરનારો કદી થયો નથી કે ન છે. આથી જે રીતે સીતા મળી શકે, તે ઉપાય તમે જ વિચારીને બતાવો. હનુમાનજી! તમે નીતિશાસ્ત્રના પંડિત છો; બળ, બુદ્ધિ, પરાક્રમ, દેશ-કાળનું અનુસરણ અને નીતિપૂર્ણ વ્યવહાર – આ બધું એકસાથે તમારામાં મળી આવે છે.'

આ રીતે સુગ્રીવજીની વાતો સાંભળીને ભગવાન શ્રીરામ હનુમાનજી તરફ જોઈને પોતાનું કાર્ય સિદ્ધ થયું જ સમજવા લાગ્યા. એમણે મનોમન અત્યંત ખુશ થઈને પોતાના નામના અક્ષરોવાળી એક વીંટી હનુમાનજીના હાથમાં આપીને કહ્યું –

અનેન ત્વાં હરિશ્રેષ્ઠ ચિહ્નેન જનકાત્મજા ।
મત્સકાશાદનુપ્રાપ્તમનુદ્વિગ્નાનુપશ્યતિ ॥
વ્યવસાયશ્ચ તે વીર સત્ત્વયુક્તશ્ચ વિક્રમઃ ।
સુગ્રીવસ્ય ચ સંદેશઃ સિદ્ધિં કથયતીવ મે ॥

(વા૦ રા૦ કિષ્કિન્ધા૦ ૪૪/૧૩-૧૪)

'કપિશ્રેષ્ઠ! આ ચિહ્ન વડે જનકનંદિની સીતાને એ વિશ્વાસ બેસી જશે કે તમે મારી પાસેથી જ ગયા છો. ત્યારે તે નિર્ભય થઈને તમારા તરફ જોઈ શકશે. વીરવર! તમારો પરિશ્રમ, ધૈર્ય અને પરાક્રમ તથા સુગ્રીવજીનો સંદેશ મને એ વાતની સૂચના આપી રહ્યા છે કે તમારા વડે આ કાર્યની સિદ્ધિ ચોક્કસ થશે.'

અધ્યાત્મરામાયણમાં પણ ઘણે ભાગે આ પ્રકારે શ્રીરામે હનુમાનજીના ગુણોની પ્રશંસા કરી છે. ત્યાં નિશાનીના રૂપમાં પોતાની મુદ્રિકા આપીને ભગવાન શ્રીરામ હનુમાનજીને કહે છે –

અસ્મિન્ કાર્યે પ્રમાણં હિ ત્વમેવ કપિસત્તમ ।
જાનામિ સત્ત્વં તે સર્વં ગચ્છ પન્થાઃ શુભસ્તવ ॥

(અધ્યાત્મ૦ ૪/૬/૨૯)

'કપિશ્રેષ્ઠ! આ કાર્યમાં માત્ર તમે જ સમર્થ છો. હું તમારું સર્વ પરાક્રમ સારી રીતે જાણું છું. સારું, જાઓ; તમારો માર્ગ કલ્યાણકારક હજો.'

એના પછી જ્યારે જાંબવાન્ અને અંગદ વગેરે વાનરોની સાથે હનુમાનજી સીતાજીની શોધ કરતા કરતા સમુદ્રના કિનારે પહોંચે છે અને સીતાજીનું અનુસંધાન ન મળવાને લીધે શોકાકુળ થઈને બધા ત્યાં જ અનશન-વ્રત લઈને બેસી જાય છે, ત્યારે ગૃધ્રરાજ સંપાતી સાથે વાતચીત થતાં એમને એ ખબર પડે છે કે સો યોજન સમુદ્રની પાર લંકાપુરીમાં રાક્ષસરાજ રાવણ રહે છે, ત્યાં પોતાની અશોકવાટિકામાં એણે સીતાજીને છુપાવી રાખ્યાં છે. ત્યારે બધા વાનર એક જગ્યાએ બેસીને પરસ્પર સમુદ્ર ઓળંગવાનો વિચાર કરવા લાગ્યા. અંગદના પૂછવાથી બધાએ પોતપોતાના સામર્થ્યનો પરિચય આપ્યો; પરંતુ હનુમાનજી મૌન રાખી બેઠા જ રહ્યા. કેવી નિરભિમાનતા છે! આ પ્રસંગ શ્રીવાલ્મીકીય રામાયણમાં ઘણો જ રોચક અને વિસ્તૃત છે. ત્યાં જામ્બવાને હનુમાનજીની બુદ્ધિ, બળ, તેજ, પરાક્રમ, વિદ્યા અને વીરતાનું ઘણું જ વિચિત્ર વર્ણન કર્યું છે. તે કહે છે –

વીર વાનરલોકસ્ય સર્વશાસ્ત્રવિદાં વર।
તૂષ્ણીમેકાન્તમાશ્રિત્ય હનૂમન્ કિં ન જલ્પસિ ॥

....

રામલક્ષ્મણયોશ્ચાપિ તેજસા ચ બલેન ચ ॥

....

ગરુત્માનિવ વિખ્યાત ઉત્તમઃ સર્વપક્ષિણામ્ ॥

× × ×

પક્ષયોર્યદ્બલં તસ્ય ભુજવીર્યબલં તવ।
વિક્રમશ્ચાપિ વેગશ્ચ ન તે તેનાપહીયતે ॥
બલં બુદ્ધિશ્ચ તેજશ્ચ સત્ત્વં ચ હરિપુઙ્ગવ।
વિશિષ્ટં સર્વભૂતેષુ કિમાત્માનં ન સજ્જસે ॥

(વા૦ રા૦ કિષ્કિન્ધા૦ ૬૬/૨,૩,૪, ૬-૭)

'સંપૂર્ણ શાસ્ત્રવેત્તાઓમાં શ્રેષ્ઠ તથા વાનર-જગતના અદ્વિતીય વીર હનુમાન! તમે કેવા એકાંતમાં આવીને મૌન ધરી બેઠા છો? કશું બોલતા કેમ નથી? તમે તો તેજ અને બળમાં શ્રીરામ અને લક્ષ્મણજી જેવા છો. ગમનશક્તિમાં બધાં પક્ષીઓમાં શ્રેષ્ઠ વિનતાપુત્ર મહાબલી ગરુડ સમાન વિખ્યાત છો. એમની પાંખોમાં જે બળ અને તેજ તથા પરાક્રમ છે, તે જ તમારી આ ભુજાઓમાં પણ છે. વાનરશ્રેષ્ઠ! તમારી અંદર બધાં પ્રાણીઓથી વધીને બળ, બુદ્ધિ, તેજ અને ધૈર્ય છે; તો પછી તમે પોતાનું સ્વરૂપ કેમ નથી ઓળખતા?'

એના પછી જામ્બવાન એમના જન્મની કથા સંભળાવે છે તથા બાલ્યાવસ્થાનાં પરાક્રમ અને વરદાનની વાત કહીને એમના બળની યાદ અપાવતાં છેલ્લે કહે છે –

ઉત્તિષ્ઠ હરિશાર્દૂલ લઙ્ઘયસ્વ મહાર્ણવમ્।
પરા હિ સર્વભૂતાનાં હનુમન્ યા ગતિસ્તવ ॥
વિષણ્ણા હરયઃ સર્વે હનુમન્ કિમુપેક્ષસે।
વિક્રમસ્વ મહાવેગ વિષ્ણુસ્ત્રીન્વિક્રમાનિવ ॥

(વા૦ રા૦ કિષ્કિન્ધા૦ ૬૬/૩૬-૩૭)

'વાનરશ્રેષ્ઠ હનુમાનજી! ઊઠો અને આ મહાસાગરને ઓળંગી જાઓ. જે તમારી ગતિ છે, તે બધાં પ્રાણીઓથી વધારે છે. બધા વાનર ચિંતામાં પડ્યા છે અને તમે એમની ઉપેક્ષા કરો છો, આ શું વાત છે? તમારો વેગ મહાન છે. જેમ ભગવાન વિષ્ણુએ (પૃથ્વીને માપવા માટે) ત્રણ ડગ ભર્યાં હતાં, એ જ રીતે તમે છલાંગ મારીને સમુદ્રની પેલે પાર ચાલ્યા જાઓ.' એટલું સાંભળતાં જ હનુમાનજી તરત જ સમુદ્ર ઓળંગવા માટે પોતાનું શરીર વધારવા લાગ્યા.

રામચરિતમાનસમાં પણ આ જ આશયનું વર્ણન છે. ત્યાં અંગદને ધૈર્ય આપ્યા પછી જામ્બવાન હનુમાનજીને કહે છે –

કહઈ રીછપતિ સુનુ હનુમાના ।
કા ચુપ સાધિ રહેઉ બલવાના ॥
પવન તનય બલ પવન સમાના ।
બુધિ બિબેક બિગ્યાન નિધાના ॥
કવન સો કાજ કઠિન જગ માહીં ।
જો નહિં હોઈ તાત તુમ્હ પાહીં ॥
રામ કાજ લગિ તવ અવતારા ।
સુનતહિં ભયઉ પર્બતાકારા ॥
કનક બરન તન તેજ બિરાજા ।
માનહુઁ અપર ગિરિન્હ કર રાજા ॥
(તુ૦ રા૦ કિ૦ ૨૯/૩ થી ૭)

ઋક્ષરાજ જાંબવાને હનુમાનજીને કહ્યું, 'હે હનુમાન! હે બળવાન! સાંભળો. તમે મૌન ધરીને કેમ બેઠા છો? તમે વાયુદેવના પુત્ર છો, વાયુ સમાન તમારામાં બળ છે. બુદ્ધિ, વિવેક અને વિજ્ઞાનના તમે ભંડાર છો. હે તાત! જગતમાં એવું કયું કામ છે જે તમારા માટે મુશ્કેલ હોય કે તમારાથી ન થઈ શકે. શ્રીરામજીના કાર્યને માટે જ તો તમારો અવતાર થયો છે.' આ સાંભળતાં જ હનુમાનજી પર્વતાકાર વિરાટરૂપ થઈ ગયા. તેમનો સોના જેવો વર્ણ છે અને શરીર પર અજોડ તેજ સુશોભિત થઈ રહ્યું છે. જાણે કે પર્વતોનો રાજા બીજો મેરુ પર્વત હોય!

અધ્યાત્મરામાયણમાં પણ લગભગ આ જ રીતનું વર્ણન છે. આના સિવાય પર્વતાકાર રૂપ ધારણ કર્યા પછી ત્યાં શ્રીહનુમાનજી કહે છે –

લઙ્ઘયિત્વા જલનિધિં કૃત્વા લઙ્કાં ચ ભસ્મસાત્ ॥
રાવણં સકુલં હત્વાઽઽનેષ્યે જનકનન્દિનીમ્ ।
યદ્વા બદ્ધ્વા ગલે રજ્જ્વા રાવણં વામપાણિના ॥
લઙ્કાં સપર્વતાં ધૃત્વા રામસ્યાગ્રે ક્ષિપામ્યહમ્ ।
યદ્વા દૃષ્ટ્વૈવ યાસ્યામિ જાનકીં શુભલક્ષણામ્ ॥
(અધ્યાત્મ૦ ૪/૯/૨૨-૨૪)

'વાનરો! હું સમુદ્રને ઓળંગીને લંકાને ભસ્મ કરી દઈશ અને રાવણને કુળસહિત મારીને શ્રીજનકનંદિનીને લઈ આવીશ અથવા કહો તો રાવણના ગળામાં દોરી નાખીને તથા લંકાને ત્રિકૂટ પર્વત સહિત ડાબા હાથ પર ઉઠાવીને ભગવાન શ્રીરામની આગળ લાવી દઉં? કે શુભલક્ષણા જાનકીદેવીને જોઈને જ ચાલ્યો આવું?'

કેટલું આત્મબળ છે! ત્યારે જામ્બવાને કહ્યું – 'વીર! તમારું શુભ થાઓ, તમે કેવળ શુભલક્ષણા જાનકીદેવીને જીવતી-જાગતી જોઈને જ ચાલ્યા આવો.'

સમુદ્રને ઓળંગવા માટે તૈયાર થઈને તમે વાનરોને જે વચનો કહ્યાં છે, એનાથી એ ખબર પડે છે કે તમારો શ્રીરામનામ પર ઘણો જ દૃઢ વિશ્વાસ હતો. તમે ભગવાન શ્રીરામનાં ગુણ, પ્રભાવ અને તત્ત્વને સારી રીતે જાણતા હતા તથા શ્રીરામમાં તમારો અવિચળ પ્રેમ હતો. અધ્યાત્મરામાયણમાં આ પ્રસંગ આ રીતે છે –

....

પશ્યન્તુ વાનરાઃ સર્વે ગચ્છન્તં માં વિહાયસા ॥
અમોઘં રામનિર્મુક્તં મહાબાણમિવાખિલાઃ ।
પશ્યામ્યદ્યૈવ રામસ્ય પત્નીં જનકનન્દિનીમ્ ॥
કૃતાર્થોઽહં કૃતાર્થોઽહં પુનઃ પશ્યામિ રાઘવમ્ ।
પ્રાણપ્રયાણસમયે યસ્ય નામ સકૃત્ સ્મરન્ ॥
નરસ્તીર્ત્વા ભવામ્ભોધિમપારં યાતિ તત્પદમ્ ।
કિં પુનસ્તસ્ય દૂતોઽહં તદઙ્ગાઙ્ગુલિમુદ્રિકઃ ॥
તમેવ હૃદયે ધ્યાત્વા લઙ્ઘયામ્યલ્પવારિધિમ્ ।
(અધ્યાત્મ૦ ૫/૧/૨-૬)

'હે વાનરો! તમે બધા જ ભગવાન શ્રીરામ વડે છોડાયેલા અમોઘ બાણની જેમ આકાશમાર્ગથી જતાં મને જુઓ. હું આજે જ રામપ્રિયા જનકનંદિની સીતાજીનાં દર્શન કરીશ. હું કૃતકૃત્ય થઈ ગયો, ખરેખર હું કૃતકૃત્ય થઈ ગયો; અને પછી શ્રીરઘુનાથજીનાં દર્શન કરીશ. પ્રાણ નીકળતી

વખતે જેમના નામનું એક વાર સ્મરણ કરવાથી જ મનુષ્ય અગાધ સંસાર-સાગરને પાર કરી એમના પરમધામ જતો રહે છે, એ જ ભગવાન શ્રીરામનો દૂત, એમના હાથની મુદ્રિકા લઈને, હૃદયમાં એમનું જ ધ્યાન કરતો હું જો આ નાનકડા સમુદ્રને ઓળંગવા જાઉં તો એમાં આશ્ચર્ય જ શું છે?'

સમુદ્ર ઓળંગવા માટે શ્રીહનુમાનજીએ જે ભયાનક રૂપ ધારણ કર્યું હતું, એનું વર્ણન વાલ્મીકીય રામાયણમાં વિસ્તારથી છે. અહીં એનું દિગ્દર્શન જ કરાવવામાં આવે છે. ત્યાં લખ્યું છે –

....

વવૃધે રામવૃદ્ધ્યર્થં સમુદ્ર ઈવ પર્વસુ ॥
નિષ્પ્રમાણશરીરઃ સઁલ્લિલઙ્ઘયિષુરર્ણવમ્ ।
બાહુભ્યાં પીડયામાસ ચરણાભ્યાં ચ પર્વતમ્ ॥
સ ચચાલાચલશ્ચાશુ મુહૂર્તં કપિપીડિતઃ ।
તરૂણાં પુષ્પિતાગ્રાણાં સર્વં પુષ્પમશાતયત્ ॥
તમૂરુવેગોન્મથિતાઃ સાલાશ્ચાન્યે નગોત્તમાઃ ।
અનુજગ્મુર્હનૂમન્તં સૈન્યા ઈવ મહીપતિમ્ ॥

(વા૦ રા૦ સુન્દર૦ ૧/૧૦, ૧૧, ૧૨, ૪૮)

'જે રીતે પૂર્ણિમાના દિવસે સમુદ્ર વધે છે, એ જ રીતે ભગવાન શ્રીરામના કાર્યની સિદ્ધિ માટે હનુમાન વધવા લાગ્યા. સમુદ્ર ઓળંગવાની ઈચ્છાથી એમણે પોતાના શરીરને અતિશય વધારી દીધું અને પોતાની ભુજાઓ તથા ચરણોથી એ પર્વતને દબાવ્યો તો તે હનુમાનજી વડે દબાઈ ગયેલો પર્વત તરત જ કંપી ઊઠ્યો અને મુહૂર્ત સુધી કંપતો રહ્યો. એના પર ઊગેલાં વૃક્ષોનાં બધાં જ ફૂલ ખરી પડ્યાં. જ્યારે તેમણે છલાંગ મારી, ત્યારે પર્વત પર ઊગેલાં સાલ તથા બીજાં વૃક્ષો આમ-તેમ પડી ભાંગ્યાં. એમની જાંઘોના વેગથી તૂટેલાં વૃક્ષો એ રીતે એમની પાછળ ચાલ્યાં, જેમ રાજાની પાછળ સેના ચાલતી હોય છે.'

એ સિવાય ત્યાં હનુમાનજીના સ્વરૂપનું મનોહર ભાષામાં ઘણું જ સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. ત્યાં લખ્યું છે કે એ વખતે હનુમાનજીનો દસ યોજન પહોળો અને ત્રીસ યોજન લાંબો પડછાયો વેગના કારણે સમુદ્રમાં ઘણો સુંદર જણાઈ આવતો હતો. તે પરમ તેજસ્વી, મહાકાય કપિવર આકાશમાં આધાર વિનાની પાંખોવાળા પર્વત જેવા જણાતા હતા. આનાથી એમની લંબાઈ-પહોળાઈના વિસ્તારનો થોડો ખ્યાલ આવે છે.

આ જોઈને મૈનાક પર્વત એમને વિશ્રામ લેવા માટે ઘણી બધી આજીજી કરે છે, પણ ભગવાન શ્રીરામનું કાર્ય પૂરું કર્યા વિના તેમને વિશ્રામ ક્યાં! તેઓ એને માત્ર અડીને જ આગળ વધી જાય છે.

રામચરિતમાનસમાં શ્રીતુલસીદાસજી કહે છે –

જેહિં ગિરિ ચરન દેઈ હનુમંતા ।
ચલેઉ સો ગા પાતાલ તુરંતા ॥
જિમિ અમોઘ રઘુપતિ કર બાના ।
એહી ભાઁતિ ચલેઉ હનુમાના ॥
જલનિધિ રઘુપતિ દૂત બિચારી ।
તૈં મૈનાક હોહિ શ્રમહારી ॥
હનૂમાન તેહિ પરસા કર પુનિ કીન્હ પ્રનામ ।
રામ કાજુ કીન્હેં બિનુ મોહિ કહાઁ બિશ્રામ ॥

(તુ૦ રા૦ કિ૦ ૦/૭ થી ૧/૦)

'જે પર્વત ઉપર હનુમાનજી ચરણ મૂકતા હતા તે તરત જ પાતાળમાં પેસી જતો હતો. જેવી રીતે શ્રીરામનું અમોઘ બાણ ચાલે છે તેવી રીતે હનુમાનજી ચાલ્યા. સમુદ્રે તેમને શ્રીરઘુનાથજીના દૂત સમજીને મૈનાક પર્વતને કહ્યું

કે, 'હે મૈનાક! તું આમનો થાક દૂર કરનારો થા.' હનુમાનજીએ તેને હાથથી સ્પર્શ કર્યો અને પછી પ્રણામ કરીને કહ્યું કે શ્રીરામનું કાર્ય કર્યા સિવાય મને વિશ્રામ કેવો?' (એમ કહીને...)

સુરસાને પોતાના બુદ્ધિ-બળનો પરિચય આપીને આગળ જતાં જતાં જ્યારે સમુદ્ર પર દૃષ્ટિ પડે છે, ત્યારે શું જુએ છે કે એક વિશાળકાય પ્રાણી સમુદ્રના જળ પર પડેલું છે. એ વિકરાળમુખી રાક્ષસીને જોઈને તે વિચારવા લાગ્યા, કપિરાજ સુગ્રીવજીએ જે મહાપરાક્રમી છાયાગ્રાહી અદ્‌ભુત જીવની વાત કરી હતી, તે નિઃસંદેહ આ જ છે. એવો નિશ્ચય કરીને એમણે પોતાના શરીરને વધાર્યું. હનુમાનજીના શરીરને વધતું જોઈને સિંહિકા પણ પોતાનું ભયંકર મુખ ફેલાવીને હનુમાનજી તરફ દોડી. ત્યારે હનુમાનજી નાનું રૂપ ધરીને એના મુખમાં ઘૂસી ગયા અને પોતાનાં નખોથી એનાં મર્મસ્થળોને ફાડી નાખ્યાં. આ રીતે કુશળતા અને ધૈર્યપૂર્વક એને મારીને ફરી પહેલાંની જેમ આગળ વધી ગયા. કેવાં વિચિત્ર બુદ્ધિ, કૌશલ, ધૈર્ય અને સાહસ છે!

આ રીતે સમુદ્રને પાર કરીને તેઓ ત્રિકૂટ પર્વત પર ઊતરી આવ્યા. વિના વિસામે સો યોજનના સમુદ્રને ઓળંગવા છતાં પણ તેમના શરીરમાં કોઈ જાતનો થાક જણાયો નહીં. ત્યાંથી એમણે સારી રીતે લંકાનું નિરીક્ષણ કર્યું. પછી લંકાની નજીક જઈને એની અંદર પ્રવેશ કરવા વિશે ખૂબ વિચાર કરી છેવટે એ નિશ્ચય કર્યો કે રાતના સુમારે નાનું રૂપ ધરીને એમાં પ્રવેશ કરવો ઠીક રહેશે. એના પછી સંધ્યાસમયે જ્યારે તેઓ નાનકડું રૂપ ધરીને લંકાપુરીમાં પ્રવેશ કરવા લાગ્યા, ત્યારે દ્વારે લંકાપુરીની અધિષ્ઠાત્રી લંકિની રાક્ષસીએ તેમને જોઈ લીધા. એણે હનુમાનજીને ધાક-ધમકાવીને જ્યારે લાત મારી, ત્યારે તેમણે પોતાના ડાબા હાથનો એક મુક્કો એના શરીર પર માર્યો. એના લાગતાં જ તે લોહીની ઊલટી કરતી કરતી પૃથ્વી પર પડી ગઈ. પછી ઊઠીને બ્રહ્માજીની વાતનું સ્મરણ કરીને હનુમાનજીની સ્તુતિ કરવા લાગી અને છેવટે બોલી –

ધન્યાહમપ્યદ્ય ચિરાય રાઘવ-
સ્મૃતિર્મમાસીદ્ભવપાશમોચિની ।
તદ્ભક્તસઙ્ગોઽપ્યતિદુર્લભો મમ
પ્રસીદતાં દાશરથિઃ સદા હૃદિ ॥

(અધ્યાત્મ૦ ૫/૧/૫૭)

'આજે હું પણ ધન્ય છું જે ચિરકાળ પછી મને સંસારબંધનનો નાશ કરનારી રઘુનાથજીની સ્મૃતિ પ્રાપ્ત થઈ તથા એમના ભક્તનો ખૂબ દુર્લભ સંગ પણ મળ્યો. તે દશરથપુત્ર શ્રીરામ હંમેશાં મારા હૃદયમાં પ્રસન્નતાપૂર્વક નિવાસ કરો.' રામચરિતમાનસમાં આ પ્રસંગ આ રીતે છે –

હનુમાનજીના પ્રહારથી વ્યાકુળ થઈને પડી ગયા પછી સાવધ થઈને લંકિની કહે છે –

તાત મોર અતિ પુન્ય બહૂતા ।
દેખેઉઁ નયન રામ કર દૂતા ॥
તાત સ્વર્ગ અપબર્ગ સુખ ધરિઅ તુલા એક અંગ ।
તૂલ ન તાહિ સકલ મિલિ જો સુખ લવ સતસંગ ॥

(તુ૦ રા૦ કિ૦ ૩/૮ અને ૪/૦)

'હે તાત! હું ઘણી પુણ્યશાળી છું કે મેં મારા પોતાનાં નેત્રોથી શ્રીરામના દૂતનાં દર્શન કર્યાં. હે તાત! સ્વર્ગનું સુખ અને મોક્ષનું સુખ – બંને એક પલ્લામાં રાખો અને બીજા પલ્લામાં ક્ષણમાત્ર સત્સંગના સુખને રાખો તો તે બધાં મળીને પણ ક્ષણમાત્ર સત્સંગના સુખની બરાબરી નથી કરી શકતા.'

એના પછી હનુમાનજી નાનકડું રૂપ ધરીને લંકાપુરીમાં સીતાજીની શોધ કરતા કરતા ઘણા

બધા રાક્ષસોના ઘરમાં ફરી-ફરીને રાવણના મહેલમાં જાય છે. ત્યાં રાવણના મહેલની વિચિત્ર રચના જોતા-જોતા પુષ્પક વિમાનને આશ્ચર્યચકિત થઈને જુએ છે. એના પછી જે વખતે એમણે સીતાજીને ઓળખવા માટે રાવણના મહેલમાં રાવણની પત્નીઓને જોઈ પોતાના મનની સ્થિતિનું વર્ણન કર્યું છે, એને જોતાં જોતાં એ ખબર પડે છે કે તમારી બ્રહ્મચર્ય-નિષ્ઠા કેટલી ઊંચી હતી, પરસ્ત્રી-દર્શનને તમે કેટલું ખરાબ સમજતા હતા, તમારો કેટલો સુંદર વિશુદ્ધ ભાવ હતો. વાલ્મીકીય રામાયણની કથા છે કે જ્યારે હનુમાનજી રાવણના મહેલનો ખૂણેખૂણો ફરી વળ્યા, પણ એમને જાનકીજી ક્યાંય ન દેખાયાં, એ વખતે સીતાજીને શોધવાના ઉદ્દેશથી સ્ત્રીઓને જોતાં-જોતાં એમના મનમાં ધર્મ-ભયથી શંકા થઈ. તે વિચારવા લાગ્યા, 'આ રીતે અંતઃપુરમાં સૂઈ ગયેલી પારકી સ્ત્રીઓને જોવાનું તો મારા ધર્મને એકદમ નષ્ટ કરી દેશે; પરંતુ આ પરસ્ત્રીઓને મેં કામબુદ્ધિથી નથી જોઈ. આ દૃશ્યથી મારા મનમાં જરા પણ વિકાર નથી થયો. બધી ઈન્દ્રિયોની સારી-ખરાબ વૃત્તિઓનું કારણ મન જ છે અને મારું મન બધી રીતે નિર્વિકાર છે. એના સિવાય સીતાજીને અન્ય પદ્ધતિથી હું શોધી પણ નથી શકતો. સ્ત્રીઓને શોધતી વખતે સ્ત્રીઓની જ વચ્ચે શોધવું પડે છે.' – વગેરે. આવા સુંદર વિચાર અને આવો વિશુદ્ધ ભાવ તમારા જ લાયક છે.

સાધકોએ આનાથી વિશેષ શીખ ગ્રહણ કરવી જોઈએ અને વિકટ સ્થિતિમાં પોતાના મનમાં કોઈ પ્રકારનો પણ વિકાર ન આવવા દેવો જોઈએ. વાલ્મીકીય રામાયણમાં સીતાજીની શોધનું ઘણું જ વિચિત્ર અને વિસ્તૃત વર્ણન છે. અહીં એમાંથી ખૂબ જ થોડા પ્રસંગનું દિગ્દર્શનમાત્ર કરાવવામાં આવ્યું છે.

રામચરિતમાનસમાં લખ્યું છે કે સીતાજીને શોધવા માટે લંકામાં ફરતા ફરતા હનુમાનજીની દૃષ્ટિ એક સુંદર ભવન પર પડે છે, જેના પર ભગવાન શ્રીરામનાં આયુધ અંકિત કરાયાં છે. તુલસીના છોડ એની શોભા વધારી રહ્યા છે. આ જોઈને તેઓ વિચારવા લાગે છે કે અહીં તો રાક્ષસોનો જ નિવાસ છે, અહીં સજ્જનો શાથી નિવાસ કરવા લાગ્યા. એ જ વખતે વિભીષણજી જાગી ઊઠે છે અને વારંવાર શ્રીરામ-નામનું સ્મરણ કરે છે. આ જોઈને હનુમાનજીએ વિચાર્યું કે નિઃશંક આ કોઈ ભગવાનનો ભક્ત છે, આની સાથે જરૂર ઓળખાણ કરવી જોઈએ. સાધુથી ક્યારેય કાર્યની હાનિ નથી થઈ શકતી.

બિપ્ર રૂપ ધરિ બચન સુનાએ।
સુનત બિભીષન ઉઠિ તહઁ આએ॥
કરિ પ્રનામ પૂઁછી કુસલાઈ।
બિપ્ર કહહુ નિજ કથા બુઝાઈ॥
કી તુમ્હ હરિ દાસન્હ મહઁ કોઈ।
મોરેં હૃદય પ્રીતિ અતિ હોઈ॥
કી તુમ્હ રામુ દીન અનુરાગી।
આયહુ મોહિ કરન બડ઼ભાગી॥
તબ હનુમંત કહી સબ રામ કથા નિજ નામ।
સુનત જુગલ તન પુલક મન મગન સુમિરિ ગુન ગ્રામ॥

(તુ૦ રા૦ સુન્દર૦ ૫/૫ થી ૬/૦)

'બ્રાહ્મણનું રૂપ ધરીને હનુમાનજીએ તેમને વચન સંભળાવ્યાં. સાંભળતાં જ વિભીષણ ઊઠીને ત્યાં આવ્યા. પ્રણામ કરીને કુશળતા પૂછી અને કહ્યું કે, 'હે બ્રાહ્મણદેવ! આપની કથા સારી રીતે કહી સંભળાવો. શું તમે હરિભક્તોમાંથી કોઈ છો? કેમ કે આપને જોઈને મારા હૃદયમાં ઘણો પ્રેમ ઊભરાય છે. અથવા શું આપ દીનોને પ્રેમ કરનારા સ્વયં શ્રીરામજી જ છો, કે જે મને

ભાગ્યશાળી બનાવવા ઘેર બેઠાં દર્શન આપીને કૃતાર્થ કરવા માટે આવ્યા છો?' આ સાંભળીને હનુમાનજીએ શ્રીરામજીની બધી કથા કહીને પોતાનું નામ બતાવ્યું. સાંભળતાં જ બંનેનાં શરીર પુલકિત થઈ ગયાં અને શ્રીરામચંદ્રજીના ગુણસમૂહનું સ્મરણ કરીને બંનેનાં મન પ્રેમ અને આનંદમાં વિભોર થઈ ગયાં.'

ભગવાનના ભક્તોમાં પરસ્પર સ્વાભાવિક પ્રેમ કેવો હોવો જોઈએ, એનું અહીં ઘણું જ સુંદર ચિત્ર ખેંચવામાં આવ્યું છે. વિભીષણજી કહે છે –

તાત કબહુઁ મોહિ જાનિ અનાથા ।
કરિહહિં કૃપા ભાનુકુલ નાથા ॥
તામસ તનુ કછુ સાધન નાહીં ।
પ્રીતિ ન પદ સરોજ મન માહીં ॥
અબ મોહિ ભા ભરોસ હનુમંતા ।
બિનુ હરિકૃપા મિલહિં નહિં સંતા ॥

(તુ૦ રા૦ સુન્દર૦ ૬/૨ થી ૪)

'હે તાત! મને અનાથ માનીને સૂર્યવંશના સ્વામી શ્રીરામચંદ્રજી શું ક્યારેય મારા પર કૃપા કરશે? મારું તામસી શરીર હોવાને લીધે કોઈ સાધન થઈ શકતું નથી કે ન તો મનમાં શ્રીરામચંદ્રજીનાં ચરણકમળોમાં પ્રેમ છે, પરંતુ હે હનુમાન! હવે મને વિશ્વાસ થઈ ગયો કે શ્રીરામજીની મારા પર કૃપા છે, કેમ કે હરિની કૃપા વગર સંત મળતા નથી.'

ત્યારે હનુમાનજી કહે છે –

સુનહુ બિભીષન પ્રભુ કૈ રીતી ।
કરહિં સદા સેવક પર પ્રીતી ॥
કહહુ કવન મૈં પરમ કુલીના ।
કપિ ચંચલ સબહીં બિધિ હીના ॥
અસ મૈં અધમ સખા સુનુ મોહૂ પર રઘુબીર ।
કીન્હી કૃપા સુમિરિ ગુન ભરે બિલોચન નીર ॥

(તુ૦ રા૦ સુન્દર૦ ૬/૬, ૭ અને ૭/૦)

જાનતહૂઁ અસ સ્વામિ બિસારી ।
ફિરહિં તે કાહે ન હોહિં દુખારી ॥
એહિ બિધિ કહત રામ ગુન ગ્રામા ।
પાવા અનિર્બાચ્ય બિશ્રામા ॥

(તુ૦ રા૦ સુન્દર૦ ૭/૧, ૨)

'હે વિભીષણ! સાંભળો, પ્રભુની આ જ રીતિ છે કે તેઓ સેવક પર હંમેશાં પ્રેમ રાખે છે. ભલા આપ કહો, હું ક્યાં મોટો કુળવાન છું? જાતિનો ચંચળ વાનર છું અને બધી રીતે હીન છું. હે સખા! સાંભળો. હું આવો અધમ છું, છતાં શ્રીરામચંદ્રજીએ તો મારા પર પણ કૃપા જ કરી છે.' ભગવાનના ગુણોનું સ્મરણ કરીને હનુમાનજીનાં બન્ને નેત્રો પ્રેમાશ્રુથી ભરાઈ આવ્યાં. 'જેઓ જાણતા હોવા છતાં આવા સ્વામી (શ્રીરઘુનાથજી)ને ભૂલીને વિષયોની પાછળ ભટકતા ફરે છે તેઓ દુ:ખી કેમ ન થાય?' આ પ્રમાણે શ્રીરામચંદ્રજીના ગુણસમૂહને કહેતાં કહેતાં તેમણે અનિર્વચનીય શાંતિ પ્રાપ્ત કરી.

કેટલો સુંદર દૈન્યભાવ, અતુલ વિશ્વાસ અને અનન્ય ભગવત્પ્રેમ છે. એના પછી વિભીષણ પાસેથી બધી ખબર મેળવી હનુમાનજી અશોકવાટિકામાં જઈને સીતાજીને જુએ છે અને મનોમન એમને પ્રણામ કરે છે.

અશોકવાટિકામાં જઈને સીતાજીને મળવા માટે હનુમાનજીએ કેટલી બુદ્ધિમત્તા અને યુક્તિઓથી કામ લીધું છે, એનું વર્ણન વાલ્મીકીય રામાયણમાં ઘણું વિસ્તૃત છે. ત્યાં લખ્યું છે કે ઘણી જાતની યુક્તિઓ કરીને સીતાજીને મળવાનો ઉપાય વિચારતાં વિચારતાં છેવટે હનુમાનજી ઘણી સાવધતા સાથે એક સઘન વૃક્ષના પાંદડાઓમાં છુપાઈને બેસી જાય છે. ત્યાંથી જ બધી બાજુ દૃષ્ટિ ફેરવીને જુએ છે. જોતાં જોતાં એમની દૃષ્ટિ સીતાજી પર પડે છે. એમને જોઈ કેટલાંયે ચિહ્નો

વડે અનુમાન લગાવીને એ નિશ્ચય કરે છે કે આ જ જનકનંદિની સીતાજી છે. ત્યાં એમણે સીતાજીની રહેણીકરણી અને સ્વભાવનું ઘણું જ વિચિત્ર વર્ણન કર્યું છે. તે સીતાજીનાં આભૂષણોને જોઈને એવું અનુમાન કરે છે કે ભગવાન શ્રીરામે સીતાજીનાં અંગોમાં જે જે આભૂષણોની ચર્ચા કરી હતી, તે બધાં આમનાં અંગોમાં દેખાઈ રહ્યાં છે. આમાંથી માત્ર તે જ નથી જોવા મળતાં, જે એમણે ઋષ્યમૂક પર્વત પર પાડી નાખ્યાં હતાં.

આ જ રીતે એમના રૂપ અને ગુણોને જોઈને ખૂબ બુદ્ધિમત્તાથી એમણે એ નિશ્ચય કરી લીધો કે નિઃસંદેહ આ જ સીતાજી છે. આ નિશ્ચય થઈ જતાં એમને સીતાજીના દુઃખથી ઘણું દુઃખ થયું અને તે મનોમન ઘણો વિલાપ કરવા લાગ્યા.

એના પછી સીતાજી સાથે કઈ રીતે વાતચીત કરવી જોઈએ, કયા સમયે અને કેવી રીતે મળવું જોઈએ, કઈ રીતે એમને વિશ્વાસ અપાવવો જોઈએ કે હું રામચંદ્રજીનો દાસ છું - આ વિષય પર પણ તેમણે ઘણી વિચારકુશળતા પ્રગટ કરી છે. ઠીક તે જ વખતે રાવણ ઘણી બધી રાક્ષસીઓને સાથે લઈને ત્યાં પહોંચી જાય છે. તે સીતાજીને ઘણી રીતે ભય બતાવીને પોતાને આધીન કરવાનો પ્રયત્ન કરે છે, પણ સીતાજી કોઈ પણ રીતે પોતાના નિશ્ચયથી વિચલિત નથી થતાં. છેવટે રાવણ ચાલ્યો જાય છે. ત્યારે એની આજ્ઞા પ્રમાણે રાક્ષસીઓ અનેક રીતે સીતાજીને ભય બતાવે છે. એ જ વખતે ત્રિજટા નામની રાક્ષસી પોતાના સ્વપ્નની વાત કહીને સીતાજીને ધૈર્ય આપે છે અને એની વાતો સાંભળીને તે ભયાનક રાક્ષસીઓ પણ શાંત પડી જાય છે. સીતાજી વિરહથી વ્યાકુળ થઈને વિલાપ કરવા લાગે છે.

ત્યારે હનુમાનજી સીતાજીને મળવાનો યોગ્ય મોકો જોઈને પોતાના પૂર્વનિશ્ચિત વિચાર પ્રમાણે શ્રીરામની કથાનું વર્ણન કરવા લાગી જાય છે. શ્રીરઘુનાથજીનું આદ્યોપાન્ત સમસ્ત ચરિત્ર સાંભળીને સીતાજીને ઘણું આશ્ચર્ય થયું. અધ્યાત્મરામાયણમાં લખ્યું છે કે અંતે એમણે વિચાર્યું કે આ સ્વપ્ન કે ભ્રમ તો નથી ને? એવો વિચાર કરીને તે કહેવા લાગ્યાં –

યેન મે કર્ણપીયૂષં વચનં સમુદીરિતમ્ ।
સ દૃશ્યતાં મહાભાગઃ પ્રિયવાદી મમાગ્રતઃ ॥

(અધ્યાત્મ૦ ૫/૩/૧૮)

'જેમણે મારા કાનોને અમૃત સમાન પ્રિય લાગનારાં વચન સંભળાવ્યાં, તે પ્રિયભાષી મહાભાગ મારી સામે પ્રગટ થાય.'

આ વચન સાંભળીને તેઓ માતા સીતાજીની સામે ઘણા વિનય સાથે ઊભા રહી જાય છે અને હાથ જોડીને એમને પ્રણામ કરે છે. અચાનક એક વાનરને પોતાની સામે ઊભેલા જોઈને સીતાજીના મનમાં એ શંકા થાય છે કે ક્યાંક રાવણ તો મને છળવા માટે નથી આવી ગયો ને; એમ વિચારીને તે નીચેની તરફ મુખ કરીને જ બેસી રહે છે. રામચરિતમાનસમાં એ વખતે શ્રીહનુમાનજીનાં વચન આ રીતે છે –

રામ દૂત મૈં માતુ જાનકી ।
સત્ય સપથ કરુનાનિધાન કી ॥
યહ મુદ્રિકા માતુ મૈં આની ।
દીન્હિ રામ તુમ્હ કહઁ સહિદાની ॥

(તુ૦ રા૦ સુન્દર૦ ૧૨/૯, ૧૦)

'હે માતા જાનકી! હું શ્રીરામજીનો દૂત છું. કરુણાનિધાન શ્રીરામજીના સાચા સોગંદ ખાઉં છું. હે માતા! આ વીંટી હું જ લાવ્યો છું. શ્રીરામજીએ મને આપના માટે આ ઓળખ આપી છે.'

એના પછી જાનકીજીના પૂછવાથી એમણે જે રીતે વાનરરાજ સુગ્રીવજી સાથે ભગવાન

શ્રીરામની મિત્રતા થઈ, તે આખી કથા વિસ્તારથી સંભળાવી દીધી તથા શ્રીરામ અને લક્ષ્મણજીનાં શારીરિક ચિહ્નોનું અને એમના ગુણ તથા સ્વભાવનું પણ વર્ણન કર્યું. આ બધી વાતો સાંભળીને જાનકીજીને ઘણી પ્રસન્નતા થઈ. આ પ્રસંગનું વર્ણન શ્રીવાલ્મીકીય રામાયણમાં ઘણું વિસ્તૃત અને રોચક છે.

રામચરિતમાનસમાં શ્રીતુલસીદાસજીએ ઘણા જ સંક્ષેપમાં આ રીતે કહ્યું છે –

કપિ કે બચન સપ્રેમ સુનિ ઉપજા મન બિસ્વાસ ।
જાના મન ક્રમ બચન યહ કૃપાસિંધુ કર દાસ ॥
હરિજન જાનિ પ્રીતિ અતિ ગાઢ़ી ।
સજલ નયન પુલકાવલિ બાઢ़ી ॥

(તુ૦ રા૦ સુન્દર૦ ૧૩/૦ અને ૧૩/૧)

‘હનુમાનજીનાં પ્રેમાળ વચન સાંભળીને સીતાજીના મનમાં વિશ્વાસ ઉત્પન્ન થઈ ગયો. તેમણે જાણી લીધું કે આ મન, વચન અને કર્મથી કૃપાસાગર શ્રીરઘુનાથજીનો દાસ છે. ભગવાનનો સેવક જાણીને અત્યંત ગાઢ સ્નેહ થઈ ગયો. નેત્રોમાં પ્રેમાશ્રુઓ છલકાયાં, અને શરીર અત્યંત રોમાંચિત થઈ ગયું.’

એના પછી મહાતેજસ્વી પવનકુમાર હનુમાનજીએ સીતાજીને ભગવાન શ્રીરામે આપેલી વીંટી આપી, જેને લઈને તે એટલા પ્રસન્ન થયાં જાણે જાતે ભગવાન શ્રીરામ જ મળી ગયા હોય!!

એ વખતે તે હનુમાનજીને કહે છે –

બૂડ़ત બિરહ જલધિ હનુમાના ।
ભયહુ તાત મો કહુઁ જલજાના ॥
અબ કહુ કુસલ જાઉઁ બલિહારી ।
અનુજ સહિત સુખ ભવન ખરારી ॥
કોમલચિત કૃપાલ રઘુરાઈ ।
કપિ કેહિ હેતુ ધરી નિઠુરાઈ ॥
સહજ બાનિ સેવક સુખદાયક ।
કબહુઁક સુરતિ કરત રઘુનાયક ॥
કબહુઁ નયન મમ સીતલ તાતા ।
હોઇહહિં નિરખિ સ્યામ મૃદુ ગાતા ॥
બચનુ ન આવ નયન ભરે બારી ।
અહહ નાથ હૌં નિપટ બિસારી ॥

(તુ૦ રા૦ સુન્દર૦ ૧૩/૨ થી ૭)

‘હે હનુમાન! હું વિરહના સાગરમાં ડૂબી રહી હતી, એવી મારા માટે તમે પાર કરી આપનારા જહાજ થઈ ગયા. હવે લક્ષ્મણ સહિત સુખધામ અને ખરના શત્રુ પ્રભુ શ્રીરામની કુશળતા કહો. હું તમારા પર સ્નેહથી વારી જાઉં. તમે મારા અને રઘુનાથજીના પ્રેમનું મહત્ત્વ જાણનારા છો. શ્રીરઘુનાથજી કોમળહૃદયી અને કૃપાળુ છે. તો પછી હે હનુમાન! તેમણે કયા કારણે નિષ્ઠુરતા ધારણ કરી રાખી છે? સેવકને સુખ આપવું એ તેમનું સહજ વ્રત છે. શ્રીરઘુનાથજી શું કદી મારું પણ સ્મરણ કરે છે? હે તાત! શું ક્યારેય તેમનાં કોમળ, શ્યામલ અંગોને જોઈને મારાં નેત્રો શાંત થશે?’ મુખમાંથી વચન નથી નીકળતું, આંખોમાં વિરહનું જળ ભરાઈ આવ્યું. ખૂબ દુઃખી થઈને તે બોલ્યાં – ‘અરે નાથ! તમે મને બિલકુલ ભૂલી જ ગયા!’

આ રીતે સીતાજીને વિરહવ્યાકુળ જોઈને હનુમાનજી કહે છે –

માતુ કુસલ પ્રભુ અનુજ સમેતા ।
તવ દુખ દુખી સુકૃપા નિકેતા ॥
જનિ જનની માનહુ જિયઁ ઊના ।
તુમ્હ તે પ્રેમુ રામ કેં દૂના ॥
રઘુપતિ કર સંદેસુ અબ સુનુ જનની ધરિ ધીર ।
અસ કહિ કપિ ગદગદ ભયઉ ભરે બિલોચન નીર ॥

(તુ૦ રા૦ સુન્દર૦ ૧૩/૯, ૧૦ અને ૧૪/૦)

‘હે માતા! સુંદર કૃપાના ધામ પ્રભુ

લક્ષ્મણજી સાથે તો કુશળ છે, પરંતુ આપના દુઃખે દુઃખી છે. હે માતા! મનમાં ઓછું લગાડીને દુઃખ ન કરશો. શ્રીરામચંદ્રજીના હૃદયમાં તમારાથી બમણો પ્રેમ છે. હે માતા! હવે ધીરજ ધારણ કરીને શ્રીરઘુનાથજીનો સંદેશો સાંભળો.' આમ કહીને હનુમાનજી ગદ્‌ગદ થઈ ગયા. તેમનાં નેત્રોમાં પ્રેમાશ્રુઓનું જળ ભરાઈ આવ્યું.'

એના પછી ઘણી બુદ્ધિમત્તા સાથે શ્રીરામના પ્રેમ અને વિરહ-વ્યાકુળતાની વાત શ્રીહનુમાનજીએ મા સીતાજીને સંભળાવી. છેવટે કહ્યું કે શ્રીરામચંદ્રજીએ કહ્યું છે –

તત્વ પ્રેમ કર મમ અરુ તોરા ।
જાનત પ્રિયા એકુ મનુ મોરા ॥
સો મનુ સદા રહત તોહિ પાહીં ।
જાનુ પ્રીતિ રસુ એતનેહિ માહીં ॥

(તુ૦ રા૦ સુન્દર૦ ૧૪/૬, ૭)

'હે પ્રિયે! મારા અને તારા પ્રેમનું તત્ત્વ (રહસ્ય) તો એક મારું મન જ જાણે છે અને તે મન હંમેશાં તારી જ પાસે રહે છે. બસ, મારા પ્રેમનો સાર આટલામાં જ સમજી લે.'

આ રીતે શ્રીરામનો પ્રેમપૂર્ણ સંદેશ સાંભળીને સીતાજી પ્રેમમાં મગ્ન થઈ ગયાં, એમને પોતાના શરીરનું પણ ભાન ન રહ્યું. ત્યારે હનુમાન ફરી કહે છે –

ઉર આનહુ રઘુપતિ પ્રભુતાઈ ।
સુનિ મમ બચન તજહુ કદરાઈ ॥
નિસિચર નિકર પતંગ સમ રઘુપતિ બાન કૃસાનુ ।
જનની હૃદયઁ ધીર ધરુ જરે નિસાચર જાનુ ॥

(તુ૦ રા૦ સુન્દર૦ ૧૪/૧૦ અને ૧૫/૦)

'શ્રીરઘુનાથજીની પ્રભુતાને હૃદયમાં લાવો અને મારાં વચન સાંભળીને કાયરતા ત્યજી દો. રાક્ષસોનો સમૂહ પતંગિયા સમાન અને શ્રીરઘુનાથજીનાં બાણ અગ્નિ સમાન છે. હે માતા! હૃદયમાં ધૈર્ય ધારણ કરો. રાક્ષસો બળ્યા જ સમજો.'

આ બધી વાતો સાંભળીને જ્યારે જાનકીજી એવું બોલ્યાં કે, 'બધા વાનર તો તમારા જેવા જ હશે. રાક્ષસગણ ઘણા ભયાનક અને વિકરાળ છે. આ બધાને તમે લોકો કેમ જીતી શકશો, મારા મનમાં આ સંદેહ થઈ રહ્યો છે.' આ સાંભળીને હનુમાનજીએ પોતાનું ભયાનક પર્વતાકાર રૂપ સીતાજીને બતાવીને પોતાનો છુપાયેલો પ્રભાવ પ્રગટ કરી દીધો. એને જોતાં જ સીતાજીના મનમાં વિશ્વાસ બેસી ગયો. સીતાજીએ પ્રસન્ન થઈને હનુમાનજીને ઘણાં-બધાં વરદાન આપ્યાં. સાથે જ એ પણ કહ્યું કે ભગવાન શ્રીરામ તમારા પર કૃપા કરશે. આ વાત સાંભળતાં જ હનુમાનજી પ્રેમમાં મગ્ન થઈ ગયા અને વારંવાર ચરણોમાં પ્રણામ કરીને હાથ જોડતાં બોલ્યા –

અબ કૃતકૃત્ય ભયઉઁ મૈં માતા ।
આસિષ તવ અમોઘ બિખ્યાતા ॥

(તુ૦ રા૦ સુન્દર૦ ૧૬/૬)

'હે માતા! હવે હું કૃતાર્થ થઈ ગયો. આપના આશીર્વાદ અમોઘ છે એ વાત પ્રસિદ્ધ છે.'

આનાથી એ પ્રગટ થાય છે કે હનુમાનજીનો શ્રીરઘુનાથજીના ચરણોમાં કેટલો ગૂઢ પ્રેમ છે.

અધ્યાત્મરામાયણમાં લખ્યું છે કે વાતો ને વાતોમાં સીતાજીએ એમ પૂછ્યું કે, 'વાનર-સેનાની સાથે શ્રીરામ આ ઘણા મોટા સમુદ્રને પાર કરી અહીં કઈ રીતે આવી શકશે? ત્યારે –

હનૂમાનાહ મે સ્કન્ધાવારુહ્ય પુરુષર્ષભૌ ॥
આયાસ્યતઃ સસૈન્યશ્ચ સુગ્રીવો વાનરેશ્વરઃ ।
વિહાયસા ક્ષણેનૈવ તીર્ત્વા વારિધિમાતતમ્ ॥

(અધ્યાત્મ૦ ૩/૪૭-૪૮)

'હનુમાનજીએ કહ્યું, 'એ બંને નરશ્રેષ્ઠ

મારા ખભા પર ચઢીને આવી જશે અને આખી સેના સહિત વાનરરાજ સુગ્રીવજી પણ આકાશમાર્ગથી ક્ષણમાત્રમાં જ આ મહાસમુદ્રને પાર કરી આવી જશે.'

આ પ્રસંગથી પણ શ્રીહનુમાનજીનાં બળ, વીર્ય અને સાહસનો પરિચય મળે છે. એના પછી માતા સીતાજીની આજ્ઞા લઈને અશોકવાટિકાનાં ફળ ખાઈને શ્રીહનુમાનજીએ પોતાના સ્વામી શ્રીરામનું વિશેષ કાર્ય કરવાની ઈચ્છાથી અશોકવાટિકાનાં વૃક્ષોને ખેદાન-મેદાન કરીને સમસ્ત વાટિકાનો વિધ્વંસ કરી નાખ્યો. આ સમાચાર મેળવીને રાવણે પોતાની ઘણી મોટી સેના અને અક્ષયકુમારને મોકલ્યાં. એ બધાની સાથે હનુમાનજીનો ઘણો ભયંકર સંગ્રામ થયો. ઘણી વીરતા અને યુદ્ધ-કૌશલથી એમણે અનાયાસે જ જામ્બુમાલી મંત્રીના સાત પુત્રો, પાંચ સેનાપતિઓ અને અક્ષયકુમારને મારી નાખ્યા. આ યુદ્ધના પ્રસંગથી શ્રીહનુમાનજીના અતુલ બળ-પૌરુષ અને યુદ્ધ-કૌશલ સ્પષ્ટ વ્યક્ત થાય છે. શ્રીવાલ્મીકીય રામાયણમાં આનું ખૂબ સુંદર વર્ણન છે. શ્રીહનુમાનજીના અજોડ પરાક્રમનું ચિત્ર ખેંચતાં ત્યાં લખ્યું છે –

તલેનાભિહનત્ કાંશ્ચિત્ પાદૈઃ કાંશ્ચિત્પરંતપઃ ।
મુષ્ટિભિશ્ચાહનત્કાંશ્ચિન્નખૈઃ કાંશ્ચિદ્વ્યદારયત્ ॥
પ્રમમાથોરસા કાંશ્ચિદૂરુભ્યામપરાનપિ ।
કેચિત્તસ્યૈવ નાદેન તત્રૈવ પતિતા ભુવિ ॥

(વા૦ રા૦ સુન્દર૦ ૪૫/૧૨-૧૩)

'હનુમાનજીએ એ રાક્ષસોમાંથી કેટલાકને લાફો મારીને પાડી દીધા, કેટલાકને પગથી કચડી નાખ્યા, કેટલાકનું તો મુક્કાઓથી કામ તમામ કરી દીધું અને ઘણાને નખોથી ફાડી નાખ્યા. થોડાને છાતી સાથે ઘસીને એમનું કચુંબર કાઢી નાખ્યું તો કોઈ-કોઈને બંને જાંઘોથી દબાવીને પીસી નાખ્યા. કેટલાયે રાક્ષસ તો એમની ભયાનક ગર્જનાથી જ ત્યાં પૃથ્વી પર પડી ગયા.' – વગેરે.

જ્યારે વધ્યા-ઘટ્યા રાક્ષસો પાસેથી રાવણને એ ખબર પડી કે મંત્રીના સાતેય પુત્ર અને મુખ્ય-મુખ્ય લગભગ બધા રાક્ષસો માર્યા ગયા, પાંચેય સેનાપતિ તથા અક્ષયકુમાર પણ માર્યો ગયો, ત્યારે એણે ઈન્દ્રજિતને ઉત્સાહિત કરીને હનુમાનજીને પકડી લાવવા માટે મોકલ્યો. મેઘનાદ અને હનુમાનજી વચ્ચે ઘણું ભીષણ યુદ્ધ થયું. અંતે જ્યારે એણે હનુમાનજીને બાંધવા માટે બ્રહ્માસ્ત્ર છોડ્યું, ત્યારે બ્રહ્માજીનું માન રાખવા માટે તે એનાથી બંધાઈ ગયા. એમણે વિચાર્યું કે રાક્ષસો વડે પકડાઈ જવામાં પણ મારો લાભ જ છે; કારણ કે એનાથી મને રાક્ષસરાજ રાવણની સાથે વાતચીત કરવાનો અવસર મળશે. એમ વિચારીને તે પ્રયત્નહીન થઈ ગયા. ત્યારે રાક્ષસ લોકોએ અનેક પ્રકારનાં દોરડાંઓથી હનુમાનજીને સારી રીતે બાંધી દીધા. આવું કરવાથી બ્રહ્માસ્ત્રનો પ્રભાવ ન રહ્યો. આ રીતે બ્રહ્માસ્ત્રથી મુક્ત થઈ જવા છતાં પણ પરમ ચતુર હનુમાનજીએ એવું વર્તન કર્યું કે જાણે આ વાતને જાણતાં જ ન હોય!

અધ્યાત્મરામાયણમાં લખ્યું છે કે એના પછી હનુમાનજીને રાવણની સભામાં લાવવામાં આવ્યા. ત્યાં પહોંચીને એમણે આખી સભાની વચ્ચે ઘણા સાજ-શણગાર સાથે રાજસિંહાસન પર બેઠેલા રાવણને જોયો. હનુમાનજીને જોઈને રાવણને મનોમન ઘણી ચિંતા થઈ. તે વિચારવા લાગ્યો કે આ ભયંકર વાનર કોણ છે, શું સાક્ષાત્ શિવજીના ગણ ભગવાન નન્દીશ્વરજી જ વાનરનું રૂપ ધારણ કરી નથી આવી ગયા ને?! એ રીતે ઘણો જ તર્ક કર્યા પછી રાવણે પ્રહસ્તને કહ્યું –

પ્રહસ્ત પૃચ્છૈનમસૌ કિમાગતઃ
કિમત્ર કાર્યં કુત એવ વાનરઃ।
વનં કિમર્થં સકલં વિનાશિતં
હતાઃ કિમર્થં મમ રાક્ષસા બલાત્॥
(અધ્યાત્મ૦ ૫/૪/૫)

'પ્રહસ્ત! આ વાનરને પૂછ, આ અહીં કેમ આવ્યો છે? અહીં આનું શું કામ છે? આ આવ્યો ક્યાંથી છે? તથા આણે મારો આખો બગીચો કેમ નષ્ટ કરી નાખ્યો? અને મારા રાક્ષસ-વીરોને અન્યાયથી કેમ મારી નાખ્યા?'

પ્રહસ્તે શ્રીહનુમાનજીને બધી વાતો સાચેસાચી કહેવા માટે અનુરોધ કર્યો, ત્યારે તેમણે ખૂબ રાજનીતિની સાથે ઉત્તર આપ્યો. મનમાં ભગવાનનું સ્મરણ કરીને તે કહેવા લાગ્યા –

શૃણુ સ્ફુટં દેવગણાદ્યમિત્ર હે
રામસ્ય દૂતોઽહમશેષહૃત્સ્થિતેઃ।
યસ્યાખિલેશસ્ય હૃતાધુના ત્વયા
ભાર્યા સ્વનાશાય શુનેવ સદ્ધવિઃ॥
(અધ્યાત્મ૦ ૫/૪/૮)

'દેવાદિઓના શત્રુ રાવણ! તું સાફ-સાફ સાંભળ – કૂતરો જેવી રીતે વિશુદ્ધ હવિને ચોરી લઈ જાય છે, એ જ રીતે તેં પોતાનો નાશ કરવા માટે જે અખિલેશ્વરની સાધ્વી પત્નીને હરી લીધી છે, હું એ જ અંતર્યામી ભગવાન રામનો દૂત છું.' વાલ્મીકીય રામાયણમાં આ પ્રસંગનું વિસ્તૃત વર્ણન છે. ત્યાં હનુમાનજી કહે છે –

અબ્રવીન્નાસ્મિ શક્રસ્ય યમસ્ય વરુણસ્ય ચ।
ધનદેન ન મે સખ્યં ....॥
જાતિરેવ મમ ત્વેષા વાનરોઽહમિહાગતઃ।
દર્શને રાક્ષસેન્દ્રસ્ય તદિદં દુર્લભં મયા॥
વનં રાક્ષસરાજસ્ય દર્શનાર્થે વિનાશિતમ્।
તતસ્તે રાક્ષસાઃ પ્રાપ્તા બલિનો યુદ્ધકાઙ્ક્ષિણઃ॥
રક્ષણાર્થં ચ દેહસ્ય પ્રતિયુદ્ધા મયા રણે।
અસ્ત્રપાશૈર્ન શક્યોઽહં બદ્ધું દેવાસુરૈરપિ॥
....
રાજાનં દ્રષ્ટુકામેન મયાસ્ત્રમનુવર્તિતમ્॥
(વા૦ રા૦ સુન્દર૦ ૫૦/૧૩-૧૭)

'હું ઈન્દ્ર, યમ, વરુણ વગેરે અન્ય કોઈ દેવતાનો મોકલેલો નથી, ન મારી કુબેર સાથે મિત્રતા છે. મારી તો આ જાતિ જ છે અર્થાત્ હું જન્મથી જ વાનર છું, રાક્ષસરાજ રાવણને જોવા માટે જ હું અહીં આવ્યો છું તથા રાવણને મળવાના ઉદેશથી જ મેં આ દુર્લભ બગીચો ઉજાડ્યો છે. તારા બળવાન રાક્ષસ મારી સાથે લડવા માટે આવ્યા; ત્યારે પોતાના શરીરની રક્ષા માટે મેં એમનો સામનો કર્યો. દેવતા કે અસુર – ગમે તે કોઈ પણ રીતે મને અસ્ત્રો વડે ન બાંધી શકે. રાક્ષસરાજને જોવા માટે જ મેં આ બંધનનો સ્વીકાર કર્યો છે.'

એના પછી સંક્ષેપમાં શ્રીરામની આખી કથાનું વર્ણન કરતાં એમની સુગ્રીવજી સાથે મિત્રતા થવાની અને વાલીના માર્યા જવાની બધી વાતો કહીને એ જણાવ્યું કે, 'હું સીતાજીની ખબર લેવા માટે આવ્યો છું.'

એના પછી તેમણે ઘણી યુક્તિઓથી રાવણને ભગવાન શ્રીરામનાં બળ, પરાક્રમ, પ્રભાવ અને ઐશ્વર્યની વાતો સંભળાવી. ઘણું બધું સમજાવવાનો પ્રયત્ન કર્યો. રામચરિતમાનસમાં હનુમાનજી કહે છે –

બિનતી કરઉઁ જોરિ કર રાવન।
સુનહુ માન તજિ મોર સિખાવન॥
× × ×
જાકેં ડર અતિ કાલ ડેરાઈ।
જો સુર અસુર ચરાચર ખાઈ॥
તાસોં બયરુ કબહુઁ નહિં કીજૈ।
મોરે કહેં જાનકી દીજૈ॥

પ્રનતપાલ રઘુનાયક કરુના સિંધુ ખરારિ ।
ગએઁ સરન પ્રભુ રાખિહૈં તવ અપરાધ બિસારિ ॥

રામ ચરન પંકજ ઉર ધરહૂ ।
લંકા અચલ રાજુ તુમ્હ કરહૂ ॥

× × ×

સુનુ દસકંઠ કહઉઁ પન રોપી ।
બિમુખ રામ ત્રાતા નહિં કોપી ॥

× × ×

મોહમૂલ બહુ સૂલ પ્રદ ત્યાગહુ તમ અભિમાન ।
ભજહુ રામ રઘુનાયક કૃપા સિંધુ ભગવાન ॥

(તુ૦ રા૦ સું૦ ૨૧/૭, ૨૧/૯ થી ૨૨/૧, ૨૨/૭ અને ૨૩/૦)

'હે રાવણ! હું હાથ જોડીને તને વિનંતી કરું છું, તું અભિમાન છોડીને મારી વાત સાંભળ... જે દેવતા, રાક્ષસ અને સમસ્ત ચરાચર જીવોને ખાઈ જાય છે, તે કાળ પણ જેમના ભયથી અત્યંત ડરે છે એવા પ્રભુ શ્રીરામજી સાથે ક્યારેય વેર ન કર અને મારા કહેવાથી જાનકીજી આપી દે. ખરના શત્રુ શ્રીરઘુનાથજી શરણાગતોના રક્ષક અને દયાના સાગર છે. શરણે જવાથી પ્રભુ તારા અપરાધને ભૂલીને તને એમના શરણમાં રાખી લેશે. તું શ્રીરામજીના ચરણકમળને હૃદયે ધારણ કર અને લંકાનું અચળ રાજ્ય કર... હે દશાનન! સાંભળ. હું પ્રતિજ્ઞા કરીને કહું છું કે શ્રીરામથી વિમુખ થયેલાની રક્ષા કરનારું કોઈ નથી... મોહ જ જેનું મૂળ છે એવા અજ્ઞાનજનિત, ખૂબ પીડા આપનારા તમરૂપી અભિમાનનો ત્યાગ કર અને રઘુકુળના સ્વામી, કૃપાના સાગર ભગવાન શ્રીરામચંદ્રજીની ભક્તિ કર.'

ભગવાન શ્રીરામનો પ્રભાવ બતાવીને ઘણું બધું સમજાવ્યા પછી અધ્યાત્મરામાયણમાં પણ આ જ કહ્યું છે –

વિસૃજ્ય મૌર્ખ્યં હૃદિ શત્રુભાવનાં
ભજસ્વ રામં શરણાગતપ્રિયમ્ ।
સીતાં પુરસ્કૃત્ય સપુત્રબાન્ધવો
રામં નમસ્કૃત્ય વિમુચ્યસે ભયાત્ ॥

(અધ્યાત્મ૦ ૫/૪/૨૩)

'રાવણ! તું હૃદયમાં રહેલી શત્રુભાવનારૂપ મૂર્ખતાનો ત્યાગ કરીને શરણાગતપ્રિય શ્રીરામની ભક્તિ કર. સીતાજીને આગળ કરીને પોતાના પુત્ર અને બંધુ-બાન્ધવોસહિત (ભગવાન શ્રીરામની શરણમાં જઈ પડ) એમને નમસ્કાર કર. એમ કરવાથી તું ભયથી મુક્ત થઈ જઈશ.'

આ રીતે હનુમાનજીએ રાવણને એના હિતની ઘણી-બધી વાતો કરી, પણ એને તે ઘણી માઠી લાગી. તે હનુમાનજી પર ક્રોધ કરીને કહેવા લાગ્યો, 'અરે વાંદરા! તું નિર્ભયની જેમ કેવો મારી સામે બકી રહ્યો છે! તું વાંદરાઓમાં નીચ છે. હું અત્યારે જ તને મારી નાખીશ.' એ રીતે એણે શ્રીહનુમાનજીને ઘણી બધી ખોટી-ખરી વાતો કહીને રાક્ષસોને આદેશ આપ્યો કે, 'આને મારી નાખો.' આ સાંભળતાં જ ઘણા બધા રાક્ષસ હનુમાનજીને મારવા માટે તૈયાર થયા. એ વખતે વિભીષણજીએ રાવણને સમજાવ્યો. રામચરિતમાનસમાં એનું આમ વર્ણન આવે છે –

નાઈ સીસ કરિ બિનય બહૂતા ।
નીતિ બિરોધ ન મારિઅ દૂતા ॥
આન દંડ કછુ કરિઅ ગોસાઁઈ ।
સબહીં કહા મંત્ર ભલ ભાઈ ॥

(તુ૦ રા૦ સુન્દર૦ ૨૩/૭, ૮)

તેમણે મસ્તક નમાવીને રાવણને વિનયપૂર્વક કહ્યું – 'દૂતને મારવો જોઈએ નહીં, એ નીતિવિરુદ્ધ છે. હે સ્વામી! કોઈ બીજો દંડ આપો.' વિભીષણની વાત સાંભળીને બધાંએ કહ્યું, 'ભાઈ! વિભીષણની સલાહ યોગ્ય છે.'

આ સાંભળીને રાવણે કહ્યું –

કપિ કેં મમતા પૂઁછ પર સબહિ કહઉઁ સમુઝાઈ ।
તેલ બોરિ પટ બાઁધિ પુનિ પાવક દેહુ લગાઈ ॥
પૂઁછહીન બાનર તહઁ જાઇહિ ।
તબ સઠ નિજ નાથહિ લઇ આઇહિ ॥
જિન્હ કૈ કીન્હિસિ બહુત બડ઼ાઈ ।
દેખઉઁ મૈં તિન્હ કૈ પ્રભુતાઈ ॥

(તુ૦ રા૦ સું૦ ૨૪/૦ થી ૨૪/૨)

'હું બધાંને સમજાવીને કહું છું કે વાંદરાની મમતા એના પૂંછડા પર જ હોય છે. આથી તેલમાં કપડું બોળીને તેને આના પૂંછડે બાંધીને પછી આગ લગાડી દો. જ્યારે પૂંછડા વિનાનો આ વાંદરો ત્યાં (પોતાના સ્વામી પાસે) જશે ત્યારે આ મૂર્ખ પોતાના સ્વામીને સાથે લઈ આવશે. જેમની આણે ખૂબ પ્રશંસા કરી છે, હું જરા તેમનું સામર્થ્ય તો જોઉં!'

અધ્યાત્મરામાયણમાં લખ્યું છે –

આ સાંભળીને શ્રીહનુમાનજીએ મનોમન વિચાર્યું કે હવે કામ થઈ ગયું. ત્યાં રાક્ષસોએ રાવણની આજ્ઞા મેળવીને તરત જ હનુમાનજીની પૂંછડી પર ઘણાં-બધાં વસ્ત્રો ઘી અને તેલમાં પલાળી-પલાળીને બાંધી દીધાં. પૂંછડીના આગલા ભાગમાં થોડી આગ ચાંપી દીધી અને શહેરમાં ફેરવીને તથા ઢંઢેરો પિટાવીને લોકોને સંભળાવવા લાગ્યા કે, 'આ ચોર છે, આથી આને આ દંડ આપવામાં આવ્યો છે.' થોડે દૂર જતાં હનુમાનજીએ પોતાના શરીરને સંકુચિત કરી તરત જ બધાં બંધનોથી મુક્ત થઈને પર્વતાકાર રૂપ ધારણ કરી લીધું અને આખી લંકા બાળી નાખી.

ઉત્પ્લુત્યોત્પ્લુત્ય સન્દીપ્તપુચ્છેન મહતા કપિઃ ।
દદાહ લઙ્કામખિલાં સાટ્ટપ્રાસાદતોરણામ્ ॥
હા તાત પુત્ર નાથેતિ ક્રન્દમાનાઃ સમન્તતઃ ।
વ્યાપ્તાઃ પ્રાસાદશિખરેઽપ્યારૂઢા દૈત્યયોષિતઃ ॥

(અધ્યાત્મ૦ ૫/૪/૪૨-૪૩)

'એક ઘરથી બીજા ઘર પર છલાંગ મારતાં શ્રીહનુમાનજીએ પોતાના સળગતા મોટા પૂંછડાથી ખડકી, મહેલ અને તોરણોની સાથે આખી લંકાને બાળી દીધી. એ વખતે 'હા તાત!' 'હા પુત્ર!' 'હા નાથ!' – આ રીતે બૂમો પાડતી દૈત્યોની પત્નીઓ ચારે બાજુ ફેલાઈ ગઈ અને મહેલોનાં શિખરો પર પણ ચઢી ગઈ.'

રામચરિતમાનસમાં લખ્યું છે –

નિબુકિ ચઢ઼ેઉ કપિ કનક અટારીં ।
ભઈં સભીત નિસાચર નારીં ॥

× × ×

જારા નગરુ નિમિષ એક માહીં ।
એક બિભીષન કર ગૃહ નાહીં ॥

× × ×

ઉલટિ પલટિ લંકા સબ જારી ।
કૂદિ પરા પુનિ સિંધુ મઝારી ॥
પૂઁછ બુઝાઇ ખોઇ શ્રમ ધરિ લઘુ રૂપ બહોરિ ।
જનકસુતા કેં આગેં ઠાઢ઼ ભયઉ કર જોરિ ॥

(તુ૦ રા૦ સું૦ ૨૪/૯, ૨૫/૬, ૨૫/૮ અને ૨૬/૦)

બંધનમાંથી છૂટીને તેઓ સોનાની અગાશી પર જઈ ચઢ્યા. તેમને જોઈને રાક્ષસીઓ ભયભીત થઈ ગઈ... હનુમાનજીએ એક જ ક્ષણમાં આખું નગર બાળી નાખ્યું, એક વિભીષણનું ઘર જ ન બાળ્યું... હનુમાનજીએ એક છેડાથી લઈને બીજા છેડા સુધીની આખી લંકા બાળી નાંખી. પછી તેઓ સમુદ્રની વચ્ચે કૂદી પડ્યા. પૂંછડું હોલવીને, થાક ઉતારીને અને પછી નાનકડું રૂપ ધારણ કરીને હનુમાનજી જાનકીજીની સામે જઈને હાથ જોડીને વિનંતીપૂર્વક ઊભા રહ્યા.

આ રીતે જાનકીજીની પાસે પહોંચીને હનુમાનજીએ એમને પ્રણામ કર્યા અને પાછા આવીને શ્રીરામ પાસે જવા માટે આજ્ઞા માગી. ત્યારે માતા સીતાએ કહ્યું કે, 'હનુમાન! તમને

જોઈને હું પોતાના દુ:ખને કંઈક ભૂલી ગઈ હતી; હવે તમે પણ જઈ રહ્યા છો તો બતાવો, હવે હું ભગવાન શ્રીરામની કથા સાંભળ્યા વિના કેમ રહી શકીશ?' અધ્યાત્મરામાયણમાં એ વખતે હનુમાનજીનાં વચન આ પ્રકારનાં છે –

યદ્યેવં દેવિ મે સ્કન્ધમારોહ ક્ષણમાત્રતઃ।
રામેણ યોજયિષ્યામિ મન્યસે યદિ જાનકિ॥

(અધ્યાત્મ૦ ૫/૫/૬)

'દેવિ જાનકી! જો એવી વાત છે અને તમે સ્વીકાર કરતા હો તો મારા ખભા પર ચઢી જાઓ; હું એક ક્ષણમાં જ તમને શ્રીરામ સાથે મેળવી આપીશ.'

વાલ્મીકીય રામાયણમાં હજી પણ વિસ્તૃત વર્ણન છે. ત્યાં હનુમાનજીના આ પ્રસ્તાવ પર જનકનંદિનીજી કહે છે, 'હનુમાન! હું સ્વેચ્છાથી કોઈ પુરુષને કઈ રીતે સ્પર્શ કરી શકું છું? શ્રીરામજી વાનરોની સાથે અહીં આવીને રાવણને યુદ્ધમાં મારીને મને લઈ જાય એમાં જ એમની શોભા છે. આથી તમે જાઓ, હું કોઈ પણ રીતે થોડા દિવસ પ્રાણ ધારણ કરીશ.'

એના પછી રામચરિતમાનસમાં હનુમાનજીનાં વચન આ રીતે છે –

માતુ મોહિ દીજે કછુ ચીન્હા।
જૈસેં રઘુનાયક મોહિ દીન્હા॥

(તુ૦ રા૦ સું૦ ૨૬/૧)

'હે મા! જેવી રીતે રઘુનાથજીએ મને ચિહ્નરૂપે વીંટી આપી હતી તેમ જ આપ પણ મને ચિહ્નરૂપે કંઈક આપો.'

ત્યારે સીતાજીએ પોતાનું ચૂડામણિ હનુમાનજીને આપ્યું, એને લઈને હનુમાનજી ઘણા ખુશ થયા. એના પછી સીતાજીએ તે બધો પ્રસંગ પણ હનુમાનજીને સંભળાવ્યો, જેમાં જયંતે કાગડાનું રૂપ ધરીને ચાંચ મારી હતી અને ભગવાન શ્રીરામે એના પર ક્રોધ કર્યો હતો.

આ રીતે શ્રીહનુમાનજી સીતાજીનો સંદેશો લઈને, એમને પ્રણામ કરીને ત્યાંથી પાછા ફર્યા. એમના મનમાં શ્રીરામચંદ્રજીનાં દર્શનની ઘણી જ ઉતાવળ થઈ રહી હતી. આથી તે ઘણા વેગથી પહાડ પર ચઢી રહ્યા હતા. એ વખતે એમના પગની ચોટથી પર્વતની શિલાઓ ચૂર-ચૂર થઈ જતી હતી. સૌથી ઊંચા શિખર પર ચઢીને હનુમાનજીએ પોતાનું શરીર વધાર્યું અને સમુદ્રની પાર થઈને ઉત્તરના કિનારા પર જવાનો વિચાર કર્યો. પર્વતથી ઊછળીને તે વાયુની જેમ આકાશમાં જઈ પહોંચ્યા. તે પર્વત હનુમાનજીના પગોથી દબાઈ જવાને કારણે ઘણો અવાજ કરતો પોતાની ઉપર રહેનારાં વૃક્ષો અને પ્રાણીઓની સાથે જમીનમાં ઊતરી ગયો.

શ્રીહનુમાનજી આકાશમાર્ગથી આગળ વધતાં ઉત્તર-તટની પાસે પહોંચીને ઘણા જોરથી ગરજ્યા, જેનાથી બધી દિશાઓ ગૂંજી ઊઠી. એને સાંભળીને હનુમાનજીને મળવા માટે તમામ વાનરો ઉત્સાહિત થઈ ઊઠ્યા. જાંબવાનના હૃદયમાં ઘણી ખુશી થઈ, તે બધાને કહેવા લાગ્યા, 'હનુમાનજી બધી રીતે પોતાનું કાર્ય સિદ્ધ કરીને આવી રહ્યા છે; નહીં તો એમની આવી ગર્જના ન હોઈ શકત.'

એટલામાં જ અત્યંત વેગશાળી પર્વતાકાર હનુમાનજી મહેન્દ્ર પર્વતના શિખર પર કૂદી પડ્યા. એ વખતે બધા વાનર ઘણા પ્રસન્ન થયા અને મહાત્મા હનુમાનજીને ચારે બાજુથી ઘેરીને ઊભા રહી ગયા. હનુમાનજીએ જાંબવાન વગેરે મોટેરાંઓને પ્રણામ કર્યાં તથા અન્ય વાનરોને પ્રેમપૂર્વક મળ્યા. સંક્ષેપમાં જ સીતાજી સાથે મળ્યાનો અને લંકા બાળી નાખવાનો આખો પ્રસંગ એ લોકોને કહી સંભળાવ્યો. વાલ્મીકીય રામાયણમાં આ પ્રસંગનું પણ ઘણા વિસ્તારથી

વર્ણન થયું છે.

સમસ્ત વાનરો સહિત શ્રીહનુમાનજી ત્યાંથી નીકળીને કિષ્કિન્ધા પહોંચ્યા. ત્યાં સુગ્રીવજીના મધુવનમાં આનંદપૂર્વક બધા વાનરોએ અંગદની આજ્ઞા લઈને મધુપાન કર્યું. રક્ષકોએ આવીને વાનરરાજ સુગ્રીવની પાસે આની ફરિયાદ કરી, એ વખતે લક્ષ્મણજીના પૂછવાથી સુગ્રીવજીએ કહ્યું, 'ભાઈ લક્ષ્મણ! આ બધી વાતોથી મને સહેજ પણ સંદેહ નથી રહ્યો કે હનુમાને જ ભગવતી સીતાજીનાં દર્શન કર્યાં છે. વાનરશ્રેષ્ઠ હનુમાનમાં કાર્ય સિદ્ધ કરવાની શક્તિ, બુદ્ધિ, ઉદ્યોગ, પરાક્રમ અને શાસ્ત્રીય જ્ઞાન – સર્વ કાંઈ છે.' એ સિવાય એમણે બીજી પણ ઘણી બધી વાતો કહી, જેનાથી હનુમાનજીનો પ્રભાવ સ્પષ્ટ વ્યક્ત થાય છે.

પછી સુગ્રીવજીએ તરત જ બધા વાનરોની સાથે હનુમાનજીને પોતાની નજીક બોલાવી દીધા અને તે એમના કુશળ-સમાચાર જાણીને ઘણા પ્રસન્ન થયા. બધા મળીને શ્રીરામજીની પાસે આવ્યા. એ વખતે શ્રીરામચરિતમાનસમાં શ્રીહનુમાનજીના મહત્ત્વનું વર્ણન કરતાં જાંબવાને કહ્યું છે –

નાથ પવનસુત કીન્હિ જો કરની ।
સહસહુઁ મુખ ન જાઇ સો બરની ॥

(તુ૰ રા૰ સું૰ ૨૯/૫)

'હે નાથ! પવનપુત્ર હનુમાને જે કાર્ય કર્યું તેનું હજાર મુખોથી પણ વર્ણન ન થઈ શકે.'

એના પછી શ્રીહનુમાનજીએ ભગવાનના ચરણોમાં પ્રણામ કર્યાં અને શ્રીરામે હનુમાનજીને હૃદય-સરસા ચાંપ્યા. ત્યારે હનુમાનજીએ કહ્યું, 'દેવી સીતાજી પાતિવ્રત્યના કઠોર નિયમોનું પાલન કરતાં શરીરથી કુશળ છે, હું એમનાં દર્શન કરી આવ્યો છું.' હનુમાનજીનાં આ અમૃત જેવાં વચનો સાંભળીને શ્રીરામ અને લક્ષ્મણજીને ઘણો હર્ષ થયો. ભગવાનના મનનો ભાવ જાણીને હનુમાનજીએ એમને જે રીતે જાનકીદેવીનાં દર્શન થયાં હતાં, તે આખો પ્રસંગ સંભળાવીને એમનું આપેલું ચૂડામણિ ભગવાનને અર્પણ કરી દીધું. એ મણિને લઈને ભગવાન શ્રીરામે હૃદયસરસું ચાંપી દીધું અને એને જોઈ-જોઈને વિરહમાં વ્યાકુળ થવા લાગ્યા.

રામચરિતમાનસમાં સીતાજીનો સંદેશો આપતાં હનુમાનજીએ સીતાજીના પ્રેમની વાત આ રીતે કહી છે –

નામ પાહરૂ દિવસ નિસિ ધ્યાન તુમ્હાર કપાટ ।
લોચન નિજ પદ જંત્રિત જાહિં પ્રાન કેહિં બાટ ॥

(તુ૰ રા૰ સું૰ ૩૦/૦)

'આપનું નામ રાત-દિવસ પહેરો ભરનારું છે, આપનું ધ્યાન જ બારણું છે, તેમનાં નેત્રો પોતાના ચરણોમાં લાગેલાં છે, આ જ તાળું છે; તો પ્રાણ જાય તો પણ કયા માર્ગે?'

છેવટે ત્યાં સુધી કહી નાખ્યું –

સીતા કૈ અતિ બિપતિ બિસાલા ।
બિનહિં કહે ભલિ દીનદયાલા ॥

(તુ૰ રા૰ સું૰ ૩૦/૯)

'સીતાજીની વિપત્તિ ઘણી મોટી છે. હે દીનદયાળુ! ન કહેવામાં જ ભલાઈ છે.' (કહેવાથી તમને ઘણું દુઃખ થશે.)

અધ્યાત્મરામાયણમાં આનું વર્ણન આ રીતે છે. સીતાજીના સમાચાર સંભળાવતાં હનુમાનજી કહે છે –

અભિજ્ઞાં દેહિ મે દેવિ યથા માં વિશ્વસેદ્વિભુઃ ॥
ઈત્યુક્તા સા શિરોરત્નં ચૂડાપાશે સ્થિતં પ્રિયમ્ ।
દત્ત્વા કાકેન યદ્વૃત્તં ચિત્રકૂટગિરૌ પુરા ॥
તદપ્યાહાશ્રુપૂર્ણાક્ષી કુશલં બ્રૂહિ રાઘવમ્ ।
લક્ષ્મણં બ્રૂહિ મે કિઞ્ચિદ્ દુરુક્તં ભાષિતં પુરા ॥

તત્ક્ષમસ્વાજ્ઞભાવેન ભાષિતં કુલનન્દન ।
તારયેન્માં યથા રામસ્તથા કુરુ કૃપાન્વિતઃ ॥

× × × ×

તતઃ પ્રસ્થાપિતો રામ ત્વત્સમીપમિહાગતઃ ।
તદાગમનવેલાયામશોકવનિકાં પ્રિયામ્ ॥
ઉત્પાટ્ય રાક્ષસાંસ્તત્ર બહૂન્હત્વા ક્ષણાદહમ્ ।
રાવણસ્ય સુતં હત્વા રાવણેનાભિભાષ્ય ચ ॥
લઙ્કામશેષતો દગ્ધ્વા પુનરપ્યાગમં ક્ષણાત્ ।

(અધ્યાત્મ૦ ૫/૫/૫૨–૫૫, ૫૬–૫૯)

'આવતી વખતે મેં સીતાજીને કહ્યું કે 'દેવીજી! મને કોઈ એવી નિશાની આપો, જેથી રઘુનાથજી મારો વિશ્વાસ કરી લે.' મારા આમ કહેવાથી એમણે પોતાના કેશપાશમાં રહેલું પોતાનું પ્રિય ચૂડામણિ મને આપ્યું. પહેલાં ચિત્રકૂટ પર કાગડાની સાથે જે ઘટના બની હતી, તે આખી સંભળાવી અને નેત્રોમાં પાણી ભરીને કહ્યું કે શ્રીરઘુનાથજીને મારું કુશળ કહેજો અને લક્ષ્મણજીને કહેજો, 'કુળનંદન! મેં પહેલાં તમને જે કઠોર વચનો કહ્યાં હતાં, એ અજ્ઞાનવશ કહેલાં વચનો માટે મને ક્ષમા કરજો તથા જે રીતે શ્રીરઘુનાથજી કૃપા કરીને મારો ઉદ્ધાર કરે, એવો પ્રયત્ન કરજો.' એમનો આ સંદેશો લઈને એમનો મોકલેલો હું તમારી પાસે ચાલ્યો આવ્યો. આવતી વખતે મેં રાવણની મનગમતી અશોકવાટિકા ઉજાડી તથા એક ક્ષણમાં જ ઘણા-બધા રાક્ષસો મારી નાખ્યા. રાવણના પુત્ર અક્ષયકુમારને પણ માર્યો અને રાવણ સાથે વાર્તાલાપ કરી લંકાને બધી બાજુથી બાળીને પછી તરત જ અહીં ચાલ્યો આવ્યો.

શ્રીહનુમાનજી પાસેથી સીતાજીના બધા સમાચાર સાંભળીને શ્રીરામ ઘણા ખુશ થયા અને કહેવા લાગ્યા –

હનુમંસ્તે કૃતં કાર્યં દેવૈરપિ સુદુષ્કરમ્ ।
ઉપકારં ન પશ્યામિ તવ પ્રત્યુપકારિણઃ ॥
ઈદાનીં તે પ્રયચ્છામિ સર્વસ્વં મમ મારુતે ।
ઈત્યાલિઙ્ગ્ય સમાકૃષ્ય ગાઢં વાનરપુઙ્ગવમ્ ॥
સાર્દ્રનેત્રો રઘુશ્રેષ્ઠઃ પરાં પ્રીતિમવાપ સઃ ।

(અધ્યાત્મ૦ ૫/૫/૬૦-૬૨)

'વાયુનંદન હનુમાન! તમે જે કાર્ય કર્યું છે, તે દેવતાઓ વડે પણ થવું કાઠું છે. હું આના બદલામાં તમારો શું ઉપકાર કરું, એ નથી જાણતો. હું હમણાં જ તમને મારું સર્વસ્વ આપું છું, એમ કહીને રઘુશ્રેષ્ઠ શ્રીરામે વાનરશ્રેષ્ઠ હનુમાનજીને ખેંચીને ગાઢ આલિંગન કર્યું. એમનાં નેત્રોમાં પ્રેમાશ્રુ ભરાઈ આવ્યાં અને તે પ્રેમમાં મગ્ન થઈ ગયા.'

શ્રીહનુમાનજીનાં બળ; પરાક્રમ, કાર્યકૌશલ, સાહસ અને પવિત્ર પ્રેમનું આ પ્રકરણમાં બધાં રામાયણોમાં ઘણું જ સુંદર વર્ણન મળે છે. વાલ્મીકીય રામાયણના યુદ્ધકાંડમાં શ્રીહનુમાનજીના પ્રભાવનું ઘણું સુંદર વર્ણન છે; અહીં એનું દિગ્દર્શનમાત્ર કરાવવામાં આવે છે.

એક દિવસ ભયાનક યુદ્ધમાં રાવણના મુખ્ય-મુખ્ય સેનાપતિ માર્યા ગયા, રાક્ષસો હતાશ થઈ ગયા. પુત્ર અને ભાઈઓના માર્યા જવાના સમાચાર સાંભળીને રાવણને ઘણી ચિંતા થઈ. એ જોઈને મેઘનાદને ઘણો ક્રોધ ચઢ્યો. તે પિતાજીની સામે પોતાના બળ-પૌરુષનું વર્ણન કરીને એમને ધૈર્ય આપીને ભયાનક યુદ્ધ કરવા માટે યુદ્ધક્ષેત્રમાં આવ્યો. ત્યાં પહોંચીને એણે ઘણું જ ઘમસાણ યુદ્ધ કર્યું અને ઘણા બધા વાનરોને પ્રાણહીન કરી દીધા. એના બ્રહ્માસ્ત્રના પ્રભાવથી શ્રીરામ તથા લક્ષ્મણજી પણ મૂર્ચ્છિત થઈને પૃથ્વી પર પડી ગયા. બચેલા મુખ્ય-મુખ્ય રીંછ અને વાનરો ચિંતામગ્ન થઈ ગયા. ત્યારે વિભીષણે

બધાંને ધૈર્ય આપ્યું અને તે હનુમાનજીને લઈને જ્યાં જાંબવાન પડ્યા હતા, ત્યાં ગયા. ત્યાં જઈને વિભીષણજીએ જાંબવાનની ખબર પૂછી, ત્યારે જાંબવાન પોતાની પીડાનું વર્ણન કરતાં કહેવા લાગ્યા કે, 'હું તમને માત્ર અવાજથી જ ઓળખી શકું છું, જોવાની શક્તિ મારામાં નથી. તમે સૌથી પહેલાં મને એ બતાવો કે વાનરશ્રેષ્ઠ હનુમાનજીના પ્રાણ બચ્યા છે કે નહીં.' ત્યારે વિભીષણજીએ કહ્યું, 'ઋક્ષરાજ! તમે શ્રીરામ અને લક્ષ્મણજીને જતાં કરી પહેલાં માત્ર હનુમાનજીનું કુશળ કેમ પૂછ્યું? રાજા સુગ્રીવજી, અંગદજી તથા શ્રીરામ અને લક્ષ્મણજી ઉપર પણ તમે એટલો જ સ્નેહ પ્રગટ ન કર્યો જેટલો ગાઢ પ્રેમ તમારો પવનકુમાર તરફ જણાઈ રહ્યો છે. આનું શું કારણ છે?'

ત્યારે જાંબવાન બોલ્યા –

શૃણુ નૈર્ઋતશાર્દૂલ યસ્માત્પૃચ્છામિ મારુતિમ્ ॥
અસ્મિઞ્જીવતિ વીરે તુ હતમપ્યહતં બલમ્ ।
હનૂમત્યુજ્ઝિતપ્રાણે જીવન્તોઽપિ મૃતા વયમ્ ॥

(વા૦ રા૦ ૬/૭૪/૨૧-૨૨)

'રાક્ષસરાજ! સાંભળો, હું હનુમાનજી માટે એટલા માટે પૂછી રહ્યો છું કે જો આ સમયે વીરવર હનુમાનજી જીવિત હોય તો આ મરેલી સેના પણ જીવી શકે છે અને જો એમના પ્રાણ નીકળી ગયા હોય તો આપણે જીતી ગયેલા પણ મરેલા જેવા જ છીએ.'

એના પછી શ્રીહનુમાનજીએ એમને પ્રણામ કર્યાં. હનુમાનજીનો અવાજ સાંભળીને જાંબવાનજીમાં નવું જીવન આવી ગયું. એમણે હનુમાનજીને સંજીવની ઔષધિનાં લક્ષણો બતાવીને હિમાલયે મોકલ્યા. એમની આજ્ઞા પ્રમાણે હનુમાનજીએ ત્યાં જઈને ઔષધિની શોધ કરી, પણ ઔષધિ લુપ્ત થઈ જવાને લીધે મળી નહીં. ત્યારે હનુમાનજી એ પર્વતને જ ઉખાડીને લઈ આવ્યા અને આખી વાનર-સેનાને ફરી જીવત-દાન આપ્યું તથા શ્રીરામ અને લક્ષ્મણજી પણ સ્વસ્થ થઈ ગયા. વગેરે.

જ્યારે રાવણ વડે છોડાયેલી અમોઘ શક્તિ લક્ષ્મણજીએ વિભીષણજીની રક્ષા માટે પોતાના ઉપર લઈ લીધી અને માનુષી લીલા કરવા માટે મૂર્ચ્છિત થઈ ગયા, ત્યારે રાવણ લક્ષ્મણજીની પાસે જઈને એમને ઉપાડવા લાગ્યો; પણ આખા જગતના આધારભૂત લક્ષ્મણજીને એ શી રીતે ઉપાડી શકવાનો હતો?

અધ્યાત્મરામાયણમાં લખ્યું છે –

ગ્રહીતુકામં સૌમિત્રિં રાવણં વીક્ષ્ય મારુતિઃ ॥
આજઘાનોરસિ ક્રુદ્ધો વજ્રકલ્પેન મુષ્ટિના ।
તેન મુષ્ટિપ્રહારેણ જાનુભ્યામપતદ્ભુવિ ॥

(અધ્યાત્મ૦ ૬/૬/૧૨-૧૩)

'એ વખતે હનુમાનજીએ જોયું કે રાવણ લક્ષ્મણજીને ઉપાડીને લઈ જવા ઇચ્છે છે ત્યારે તે ગુસ્સે થઈ ગયા અને પોતાની વજ્ર જેવી મુઠ્ઠીથી એની છાતી પર પ્રહાર કર્યો. એ મુષ્ટિપ્રહારથી રાવણ ઘૂંટણિયે પૃથ્વી પર પડી ગયો.' અને હનુમાનજી લક્ષ્મણજીને ઉપાડીને ભગવાન શ્રીરામ પાસે લઈ ગયા.

આ વખતે પણ હનુમાનજી દ્રોણ-પર્વત પર ઔષધિ લાવવા માટે ગયા અને એ જ રીતે પર્વતને ઉખાડી લાવ્યા હતા. આ પ્રસંગનું વર્ણન કરતાં બધાં રામાયણોમાં હનુમાનજીનું અદ્ભુત બળ, પરાક્રમ, બુદ્ધિચાતુર્ય અને પ્રભાવ બતાવવામાં આવ્યાં છે.

રામચરિતમાનસમાં મેઘનાદની શક્તિથી લક્ષ્મણજીના મૂર્ચ્છિત થવાની વાત આવે છે. ત્યાં હનુમાનજી જ જાંબવાનજીના કહેતાં પહેલાં ઘરસહિત સુષેણને ઉપાડીને લાવ્યા છે, પછી

સુષેણના કહેવાથી સંજીવની લેવા ગયા છે અને પર્વત ઉખાડી લાવ્યા છે. શ્રીહનુમાનજીનો સેવાભાવ ઘણો જ વિચિત્ર હતો. એમની સેવાને લીધે ભગવાન શ્રીરામે પોતાને ઋણી માન્યા છે. માતા સીતાજીએ પણ એ જ વાત કહી. લક્ષ્મણજી અને સમસ્ત વાનરોના પ્રાણ બચ્યા. આ જ રીતે વિરહ-વ્યાકુળ ભરતજીને શ્રીરામચંદ્રજીના આવ્યાની સૂચના આપીને એમના પ્રાણ બચાવવાનું કામ પણ હનુમાનજીએ જ કર્યું.

રામચરિતમાનસનું વર્ણન છે –

રામ બિરહ સાગર મહઁ ભરત મગન મન હોત ।
બિપ્ર રૂપ ધરિ પવનસુત આઇ ગયઉ જનુ પોત ॥

(તુ૦ રા૦ ઉ૦ ૧/૦ (ક))

'શ્રીરામચંદ્રજીના વિરહ-સાગરમાં ભરતજીનું મન ડૂબી રહ્યું હતું, એ જ વખતે પવનપુત્ર હનુમાનજી બ્રાહ્મણનું રૂપ ધરીને એવી રીતે પધાર્યા જાણે તેમને ડૂબતા બચાવવા માટે જહાજ આવ્યું હોય.'

ત્યાં શ્રીહનુમાનજી ભરતજીની પ્રેમ-દશા જોઈને કહે છે –

જાસુ બિરહઁ સોચહુ દિન રાતી ।
રટહુ નિરંતર ગુન ગન પાઁતી ॥
રઘુકુલ તિલક સુજન સુખદાતા ।
આયઉ કુસલ દેવ મુનિ ત્રાતા ॥

(તુ૦ રા૦ ઉ૦ ૧/૩, ૪)

'જેમના વિરહમાં આપ દિવસ-રાત ચિંતન કરતા રહો છો અને જેમના ગુણ-સમૂહની પંક્તિઓને તમે નિરંતર રટતા રહો છો, તે જ રઘુકુળના તિલક, સજ્જનોને સુખ આપનાર અને દેવતાઓ તથા મુનિઓના રક્ષક શ્રીરામજી સકુશળ આવી ગયા.'

આ રીતે શ્રીરામના આવવાના કુશળ-સમાચાર સાંભળતાં જ શ્રીભરતજીમાં જીવનનો સંચાર થઈ આવ્યો. એમના પૂછવાથી પોતાનો પરિચય આપતાં હનુમાનજી કહે છે –

મારુત સુત મૈં કપિ હનુમાના ।
નામુ મોર સુનુ કૃપાનિધાના ॥
દીનબંધુ રઘુપતિ કર કિંકર ।

(તુ૦ રા૦ ઉ૦ ૧/૮, ૯ પહેલું ચરણ)

'હે કૃપાનિધાન! સાંભળો. હું પવનનો પુત્ર તથા જાતિથી વાનર છું, મારું નામ હનુમાન છે. હું દીનબંધુ શ્રીરઘુનાથજીનો સેવક છું.'

કેટલો વિનયભાવ છે! આ વાત સાંભળતાં જ ભરતજી ઊઠીને ઘણા હર્ષથી અને આદર સાથે એમને મળ્યા. પોતાના આનંદનું વર્ણન કરતાં છેવટે ત્યાં સુધી કહી દીધું –

નાહિન તાત ઉરિન મૈં તોહી ।
અબ પ્રભુ ચરિત સુનાવહુ મોહી ॥

(તુ૦ રા૦ ઉ૦ ૧/૧૪)

'હે તાત! હું તમારું ઋણ ક્યારેય નહીં ચૂકવી શકું. હવે મને પ્રભુનું ચરિત્ર સંભળાવો.'

આ રીતે શ્રીહનુમાનજીએ બધાંની સેવા કરી, જેના કારણે બધાંએ પોતાને એમના ઋણી માન્યા. ભગવાન શ્રીરામના રાજસિંહાસન પર આરૂઢ થઈ ગયા પછી પણ તેઓ હંમેશાં એમની સેવામાં જ રહ્યા. બીજા બધા વાનર અને રાક્ષસ પોતપોતાના ઘરે પાછા ફર્યા, પણ હનુમાનજી ન ગયા. ભગવાન શ્રીરામચંદ્રજીએ જ્યારે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો, એ વખતે હનુમાનજી પણ ઘોડાની રક્ષા માટે શત્રુઘ્નજીની સાથે ગયા હતા.

પદ્મપુરાણના પાતાલખંડમાં રામાશ્વમેધ યજ્ઞની કથાનું વિસ્તૃત વર્ણન છે. ત્યાં પણ શ્રીહનુમાનજીના મહત્ત્વનું ઘણું સુંદર વર્ણન આવે છે. જ્યારે શ્રીરામાશ્વમેધનો ઘોડો અનેક દેશોમાં ભ્રમણ કરતો રાજા સુબાહુની રાજધાની ચક્રાંકા નગરીની પાસે પહોંચ્યો, ત્યારે રાજાના પુત્ર દમને એ ઘોડાને

પકડી લીધો. એ રાજાના બીજા પણ ઘણા પુત્ર અને ભાઈ ઘણા શૂરવીર હતા તથા તે પોતે પણ ખૂબ જ વીર યોદ્ધો હતો. ત્યાં બંને બાજુથી ઘણું ભયંકર યુદ્ધ થયું. છેવટે રાજા સુબાહુની સાથે હનુમાનજીનું ઘોર યુદ્ધ થયું. એમાં કપિવર હનુમાનજીએ વારંવાર રાજાને હેરાન કર્યો, એના રથનો ઘોડાઓ સહિત ચૂરો કરી નાખ્યો અને ઘણા જોરથી રાજાની છાતીમાં એક લાત મારી. એના વાગતાં જ રાજા સુબાહુ મૂર્ચ્છિત થઈને પૃથ્વી પર પડી ગયો. શ્રીહનુમાનજીના પદાઘાતથી એનો મોહ નષ્ટ થઈ ગયો. એમના મનમાં શ્રીરામની ભક્તિ પ્રગટ થઈ ગઈ. તે સ્વપ્નમાં જુએ છે –

રામચન્દ્રસ્ત્વયોધ્યાયાં સરયૂતીરમણ્ડપે ।
બ્રાહ્મણૈર્યાજ્ઞિકશ્રેષ્ઠૈર્બહુભિઃ પરિવારિતઃ ॥
તત્ર બ્રહ્માદયો દેવાસ્તત્ર બ્રહ્માણ્ડકોટયઃ ।
કૃતપ્રાઞ્જલયસ્તં વૈ સ્તુવન્તિ સ્તુતિભિર્મુહુઃ ॥
(પદ્મ૰ પુ૰ ૨૮/૪૯-૫૦)

'અયોધ્યાપુરીમાં સરયૂ નદીના તીર પર શ્રીરામચંદ્રજી યજ્ઞમંડપની અંદર વિરાજમાન છે. યજ્ઞ કરાવનારાઓમાં શ્રેષ્ઠ બ્રાહ્મણ એમને ઘેરીને બેઠેલા છે. કરોડો બ્રાહ્મણોના બ્રહ્માદિ દેવતા હાથ જોડીને ઊભા છે અને વારંવાર શ્રીરામની સ્તુતિ કરી રહ્યા છે.' – વગેરે.

આ પ્રકારનું અદ્ભુત સ્વપ્ન જોતાં જ રાજાને શ્રીરામ-તત્ત્વનું જ્ઞાન થઈ ગયું. તે તરત જ મૂર્ચ્છાથી ઊઠ્યો અને શત્રુઘ્નજીના ચરણો તરફ પગપાળા જ ચાલી નીકળ્યો. યુદ્ધ બંધ કરવાની ઘોષણા કરતાં એણે પોતાના પુત્ર અને બન્ધુ-બાન્ધવોને કહ્યું –

એષ રામઃ પરં બ્રહ્મ કાર્યકારણતઃ પરમ્ ।
ચરાચરજગત્સ્વામી ન માનુષવપુર્ધરઃ ॥
એતદ્ધિ બ્રહ્મવિજ્ઞાનમધુના જ્ઞાતવાનહમ્ ।
(પદ્મ૰ પુ૰ ૨૮/૫૯-૬૦)

'આ શ્રીરામચંદ્રજી કાર્ય અને કારણથી પર સાક્ષાત્ પરબ્રહ્મ છે. આ ચરાચર જગતના સ્વામી છે. માનવશરીર ધારણ કરવા છતાં પણ એ વાસ્તવમાં મનુષ્ય નથી. એમને આ રૂપમાં જાણી લેવા તે જ બ્રહ્મજ્ઞાન છે. આ તત્ત્વને હું હવે સમજી શક્યો છું.' એટલું કહીને એણે પોતાના પુત્રોને અસિતાંગ મુનિ દ્વારા પોતાને શાપ પ્રાપ્ત થયાની આખી કથા કહી સંભળાવી અને ઘોડાને લઈને પોતાના બન્ધુ-બાન્ધવોની સાથે શત્રુઘ્નજીની શરણમાં જઈ પડ્યો. ત્યાં તેણે કૃતજ્ઞતા પ્રગટ કરતાં હનુમાનજી વિશે કહ્યું છે –

ક્વાસૌ હનૂમાન્ રામસ્ય ચરણામ્ભોજષટ્પદઃ ।
યત્પ્રસાદાદહં પ્રાપ્સ્યે રાજરાજસ્ય દર્શનમ્ ॥
સાધૂનાં સઙ્ગમે કિં કિં પ્રાપ્યતે ન મહીતલે ।
યત્પ્રસાદાદહં મૂઢો બ્રહ્મશાપમતીતરમ્ ॥
(પદ્મ૰ પુ૰ ૨૯/૩૨-૩૩)

'શ્રીરામનાં ચરણ-કમળોના મધુકર તે હનુમાન ક્યાં છે? એમની જ કૃપાથી હું રાજાધિરાજ શ્રીરામચંદ્રજીનાં દર્શન કરીશ. સાધુસંગ મળી જવાથી આ પૃથ્વી પર મનુષ્યને શું શું નથી મળી જતું. હું મહામૂર્ખ હતો, પણ સત્સંગના પ્રભાવથી આજે ઘોર બ્રહ્મશાપમાંથી મારો ઉદ્ધાર થઈ ગયો.'

એના પછી અનેક દેશો પર વિજય કરતા કરતા જ્યારે યજ્ઞનો ઘોડો રાજા સત્યવાનના નગરની આગળ જઈ રહ્યો હતો, એ વખતે વિદ્યુન્માલી નામના રાક્ષસે એ ઘોડાને ચોરી લીધો અને પોતાના સૈનિક રાક્ષસો સહિત વિમાનમાં બેસીને આકાશમાં જઈને પ્રગટ થયો. ત્યાં એ રાક્ષસની સાથે શત્રુઘ્નજીની સેનાનું ઘણું ભયાનક યુદ્ધ થયું. એ વખતે શ્રીહનુમાનજીએ એ રાક્ષસની સાથે યુદ્ધમાં પોતાનું પરાક્રમ દેખાડવાની જે પ્રતિજ્ઞા કરી છે, એનાથી એ વાતની ખબર પડે છે કે શ્રીહનુમાનજી ભગવાન

રામ પર કેટલો ભરોસો રાખતા હતા. તે ભગવાન શ્રીરામની કૃપાના ભરોસા પર પોતાની અદ્ભુત શક્તિ માનતા હતા. એમણે પહેલાં જેવી પ્રતિજ્ઞા કરી, એ જ રીતે યુદ્ધમાં પણ પોતાનું અદ્ભુત પરાક્રમ બતાવ્યું. તે આકાશમાં જઈને વિમાન પર શત્રુપક્ષના મહાન દૈત્યોને નખોથી વિદીર્ણ કરીને મોતને ઘાટ ઉતારવા લાગ્યા. કેટલાકને પૂંછડાથી મારી નાખ્યા, કેટલાકને પગથી કચડી નાખ્યા અને કેટલાકને હાથોથી ચીરી નાખ્યા. જ્યારે ક્રોધમાં ભરાઈને રાક્ષસરાજ વિદ્યુન્માલીએ અત્યંત તેજસ્વી ભયાનક ત્રિશૂળનો પ્રહાર કર્યો, ત્યારે એને હનુમાનજીએ પોતાના મુખમાં પકડી લીધો અને દાંતોથી ચાવીને ભુક્કે-ભુક્કો કરી નાખ્યો તથા એ દૈત્યરાજને લાફાઓના મારથી હેરાન કરી દીધો. એના પછી શત્રુઘ્નજીએ વિદ્યુન્માલી અને વજ્રદંષ્ટ્રને મારી પટક્યો. ગણ્યા-ગાંઠ્યા રાક્ષસો એમની શરણમાં આવી ગયા.

ત્યાંથી જઈને તે આરણ્યક મુનિને મળ્યા. એના પછી તે ઘોડો દેવપુરની પાસે પહોંચ્યો, ત્યાં રાજા વીરમણિ અને એના પુત્રો સાથે શત્રુઘ્નજીની સેનાનું ખૂબ ભયંકર યુદ્ધ થયું. રાજા વીરમણિ ભગવાન શંકરનો પરમ ભક્ત હતો. આથી ત્યાં એની સહાયતા માટે સ્વયં ભગવાન શંકર પણ પોતાના ગણોની સાથે રણક્ષેત્રમાં યુદ્ધ કરવા માટે પધાર્યા હતા. એ ઘોર યુદ્ધમાં જ્યારે રાજકુમાર પુષ્કલ માર્યા ગયા અને શત્રુઘ્નજી પણ મૂર્ચ્છિત થઈ ગયા, એ વખતે શ્રીહનુમાનજીએ અદ્ભુત પરાક્રમ બતાવ્યું. સાક્ષાત્ ભગવાન શંકરની સાથે એમણે ઘોર યુદ્ધ કર્યું તથા સારથિ અને ઘોડાઓ સાથે શિવજીના રથનો ભુક્કે-ભુક્કો કરી નાખ્યો. જ્યારે ભગવાન શિવજી નંદી પર સવાર થઈને યુદ્ધ કરવા લાગ્યા, ત્યારે હનુમાનજીએ શાલવૃક્ષનો પ્રહાર કરીને શિવજીને વ્યાકુળ કરી દીધા. પછી ભગવાન શંકરે એમના પર પોતાનું ત્રિશૂળ ચલાવ્યું. હનુમાનજીએ એને પકડી લીધું અને ક્ષણભરમાં જ ભાંગીને ભુક્કો કરી નાખ્યું. અનેક પ્રકારના પ્રહારોથી શિવજીને હેરાન કરીને છેલ્લે ભૂતનાથ ભગવાન શિવજીને પોતાના પૂંછડામાં લપેટી દીધા. આ જોઈને નંદી ભયભીત થઈ ગયા. આ રીતે જ્યારે હનુમાનજીએ શિવજીને વ્યાકુળ કરી દીધા, ત્યારે હનુમાનજીના યુદ્ધથી પ્રસન્ન થઈને શંકર કહેવા લાગ્યા, 'શ્રીરઘુનાથજીના સેવક હનુમાન! તમે ધન્ય છો. આજે તમે મહાન પરાક્રમ કરી દેખાડ્યું. આનાથી મને ઘણો સંતોષ થયો. આથી તમે મારી પાસે વરદાન માગો.'

ત્યારે હનુમાનજીએ હસીને નિર્ભય વાણીથી કહ્યું, 'મહેશ્વર! રઘુનાથજીની કૃપાથી મને બધું જ પ્રાપ્ત છે; છતાં પણ તમારી પ્રસન્નતા માટે હું એ જ વરદાન માગું છું કે જ્યાં સુધી હું દ્રોણ-પર્વત પર જઈને ઔષધ લઈ આવું, ત્યાં સુધી તમે પોતાના ગણો સહિત અમારા પક્ષના મરેલા વીરોનાં શરીરોની રક્ષા કરતા રહો. એમને કોઈ ખંડ-ખંડ ન કરી જાય.' શિવજીએ એમની માગણી સ્વીકારી લીધી. એના પછી હનુમાનજી જે રીતે લંકાપુરીમાં સંજીવની જડી-બૂટી લાવ્યા હતા, એ જ રીતે તરત જ સંજીવની જડી-બૂટી લઈ આવ્યા. પહેલાં રાજકુમાર પુષ્કલને જીવાડ્યા, ત્યાર બાદ શત્રુઘ્નજીની મૂર્ચ્છા દૂર કરી અને બધા જ વીરોને જીવન-દાન આપ્યું. આ રીતે એ ભયાનક યુદ્ધમાં હનુમાનજીના જ પરાક્રમથી બધાના પ્રાણ બચ્યા. અંતે ત્યાં ભગવાન શ્રીરામ પોતે પધાર્યા. ભગવાન શિવજીએ રાજા વીરમણિને સમજાવીને શ્રીરામના ભક્ત બનાવી દીધા.

એના પછી તે ઘોડો અનેક દેશ-દેશાંતરોમાં ફરતો ફરતો રાજા સુરથ વડે રક્ષિત કુંડલનગરની પાસે પહોંચ્યો. રાજા સુરથ ભગવાન રામના પરમ ભક્ત હતા. એમણે ભગવાન શ્રીરામનાં દર્શનાર્થે એમના ઘોડાને પકડી લીધો. ત્યાં રાજા સુરથની સાથે શત્રુઘ્નજીનું ઘણું જ ઘોર યુદ્ધ થયું. એ યુદ્ધમાં જ્યારે રાજા સુરથનો પુત્ર ચંપક રાજકુમાર પુષ્કલને બાંધીને નગરમાં લઈ જવા લાગ્યો, એ વખતે શત્રુઘ્નજીની પ્રેરણાથી હનુમાનજી ત્યાં ગયા. જતાં જ એમણે રથમાંથી ચંપકને ઉપાડી લીધો અને એને લઈને આકાશમાં જતા રહ્યા. તે આકાશમાં જ હનુમાનજી સાથે બાહુયુદ્ધ કરવા લાગ્યો. રાજકુમાર ચંપકનું અદ્‌ભુત પરાક્રમ જોઈને હસતાં-હસતાં હનુમાનજીએ એનો પગ પકડી લીધો અને એને સો વખત ફેરવીને હાથીની અંબાડી પર દઈ માર્યો - રાજકુમાર પડતાં જ મૂર્છિત થઈ ગયો.

પોતાના પુત્રને મૂર્છિત થયેલો જોઈને રાજા સુરથ પોતે હનુમાનજી સાથે યુદ્ધ કરવા માટે આવ્યા. એમણે હનુમાનજીના બળ અને પરાક્રમની તથા રામભક્તિની સાચા હૃદયથી પ્રશંસા કરી અને સાથે સાથે જ એ પ્રતિજ્ઞા પણ કરી કે, 'હું તમને બાંધીને પોતાના નગરમાં લઈ જઈશ.' એની વાતનો ઉત્તર આપતાં હનુમાનજીએ કહ્યું કે, 'રાજન્! તમે શ્રીરઘુનાથજીના ચરણોનું ચિંતન કરનારા છો અને હું પણ એમનો જ સેવક છું. જો તમે મને બાંધી લેશો તો મારા સ્વામી મને બળપૂર્વક છોડાવી લેશે. હે વીર! તમે પોતાની પ્રતિજ્ઞા પૂરી કરો. જેઓ શ્રીરામચંદ્રજીનું સ્મરણ કરે છે, એમને કદી દુઃખ નથી પડતું.'

આ રીતે વાતચીત થયા બાદ રાજા સુરથની સાથે હનુમાનજીનું ભયંકર યુદ્ધ થયું. હનુમાનજીએ એ યુદ્ધમાં રાજા સુરથના એક-એક કરીને ઓગણપચાસ રથ તોડી નાખ્યા. રાજાની આખી સેના હેરાન થઈ ગઈ અને સ્વયં રાજાને પણ ઘણું આશ્ચર્ય થયું. રાજાએ શ્રીહનુમાનજીના બળની અત્યંત પ્રશંસા કરી. રાજાએ પાશુપતાસ્ત્ર વડે હનુમાનજીને બાંધવાનો પ્રયત્ન કર્યો. એક વાર તો લોકો સમજ્યા કે હનુમાન બંધાઈ ગયા, પણ શ્રીહનુમાનજીએ પોતાના મનમાં ભગવાન શ્રીરામનું સ્મરણ કરીને ક્ષણમાત્રમાં એ અસ્ત્રના બંધનને તોડી નાખ્યું. રાજાએ બ્રહ્માસ્ત્ર ચલાવ્યું તો તેને પણ હનુમાનજી ગળી ગયા. અંતે ભગવાન રામનું સ્મરણ કરીને શ્રીરામાસ્ત્રને પોતાના ધનુષ પર ચઢાવ્યું અને એનો પ્રયોગ કરીને હનુમાનજીને કહ્યું કે, 'કપિશ્રેષ્ઠ! હવે તમે બંધાઈ ગયા.' હનુમાનજીએ કહ્યું – 'રાજન્! તમે મારા સ્વામી શ્રીરામના જ અસ્ત્રથી બાંધ્યો છે, બીજા કોઈ પ્રાકૃત અસ્ત્રથી નહીં. આથી હું એનો આદર કરું છું. હવે તમે મને પોતાના નગરમાં લઈ જઈ શકો છો.'

રાજા સુરથની સાથે શ્રીહનુમાનજીની વાતો થઈ, એમાં અદ્‌ભુત પ્રેમ ભરેલો છે. શ્રીહનુમાનજીને વળી કોણ બાંધી શકે છે? તે તો પોતે પોતાની ઈચ્છાથી જ ભગવાનના પરમભક્ત સુરથની પ્રતિજ્ઞા સાચી કરવા માટે અને પોતાના સ્વામીના અસ્ત્રનું સન્માન રાખવા માટે બંધાઈ ગયા.

ત્યાર બાદ ત્યાં હનુમાનજીના બોલાવવાથી ભગવાન શ્રીરામચંદ્રજી પોતે પધાર્યા અને એમણે રાજા સુરથને દર્શન આપીને એમને કૃતાર્થ કર્યા. આ રીતે પદ્મપુરાણના પાતાલખંડમાં શ્રીહનુમાનજીના મહત્ત્વનું ઘણું જ સુંદર વર્ણન છે. અહીં તે ખૂબ જ સંક્ષેપમાં લખવામાં આવ્યું છે.

પરમધામ પધારતી વખતે ભગવાન શ્રીરામચંદ્રજી કપિવર શ્રીહનુમાનજીને જગતનું કલ્યાણ કરવા માટે અહીં જ રહેવાની આજ્ઞા આપી ગયા. વાલ્મીકીય રામાયણમાં શ્રીરામ

પરમધામ પધારતી વખતે હનુમાનજીને કહે છે -
મત્કથાઃ પ્રચરિષ્યન્તિ યાવલ્લોકે હરીશ્વર ॥
તાવદ્ રમસ્વ સુપ્રીતો મદ્વાક્યમનુપાલયન્ ।
(વા૦ રા૦ ઉત્તર૦ ૧૦૮/૩૩-૩૪)

'વાનરશ્રેષ્ઠ! સંસારમાં જ્યાં સુધી મારી કથાઓનો પ્રચાર રહે, ત્યાં સુધી તમે પણ મારી આજ્ઞાનું પાલન કરતાં ખુશીથી વિચરતા રહો.' મહાત્મા રામચંદ્રજીના કહેવાથી હનુમાનજીને ઘણો હર્ષ થયો અને એમણે કહ્યું -
યાવત્તવ કથા લોકે વિચરિષ્યતિ પાવની ॥
તાવત્સ્થાસ્યામિ મેદિન્યાં તવાજ્ઞામનુપાલયન્ ।
(વા૦ રા૦ ઉત્તર૦ ૧૦૮/૩૫-૩૬)

'પ્રભો! સંસારમાં જ્યાં સુધી તમારી પાવન કથાનો પ્રચાર રહેશે, ત્યાં સુધી તમારા આદેશનું પાલન કરતો હું આ પૃથ્વી પર જ રહીશ.'

દ્વાપરયુગમાં હનુમાનજીએ ભીમસેન અને અર્જુનને પણ દર્શન આપ્યાં હતાં. કળિયુગમાં પણ તમારા પ્રગટ થવાની ઘણી કથાઓ મળે છે. તમારા ગુણ, પ્રભાવ અને માહાત્મ્યનો ઘણો વિસ્તાર છે. અહીં ઘણા જ સંક્ષેપમાં એનું દિશાસૂચન કરાયેલું છે. આ લેખથી શ્રીહનુમાનજીના અતુલિત ગુણોનું ચિંતન કરીને લાભ ઉઠાવવો જોઈએ. એમને આદર્શ બનાવીને અખંડ બ્રહ્મચર્ય, અટલ ભગવદ્ભક્તિ, વીરતા, ધીરતા, બળ, પરાક્રમ, વિદ્યા, સાહસ અને બુદ્ધિમત્તા વગેરે ગુણો ધારણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

—★—

વાલ્મીકીય રામાયણનો મહિમા

શ્રીસૂતજીનું વચન છે—
ઈતિહાસપુરાણાભ્યાં વેદં સમુપબૃંહયેત્ ।
બિભેત્યલ્પશ્રુતાદ્ વેદો મામયં પ્રહરિષ્યતિ ॥
(પદ્મપુરાણ સૃષ્ટિખંડ ૨/૫૧-૫૨)

'ઈતિહાસ તથા પુરાણોના અધ્યયનથી વેદોનું જ્ઞાન વધારવું - પરિષ્કૃત કરવું જોઈએ. જો કોઈ માણસ ઈતિહાસ-પુરાણોનું જ્ઞાન પ્રાપ્ત કર્યા વિના જ વેદોમાં માથું મારે છે તો એનાથી વેદો ડરે છે કે ક્યાંક આ અમારા પર પ્રહાર ન કરી બેસે - અર્થનો અનર્થ ન કરી નાખે.'

સૌ પહેલાં તો વેદોના અધ્યયનનો અધિકાર જ સૌને નથી. વળી વેદોની ભાષા ઘણી પ્રાચીન તથા એમનો અર્થ ઘણો ગંભીર અને દુરૂહ હોવાને લીધે એને બધા લોકો સરળતાથી સમજી નથી શકતા. યુગ-ધર્મ અનુસાર વેદોના પઠન-પાઠનની પરંપરા પણ ધીરે ધીરે ઊઠી રહી છે. બ્રાહ્મણોમાં પણ વૈદિક વિદ્વાન શોધવા છતાં પણ મુશ્કેલીથી મળે છે. આનું કારણ એ જ છે કે વેદોનું સાંગોપાંગ અધ્યયન કરવા માટે પ્રચુર સમય તેમજ પ્રખર બુદ્ધિની આવશ્યકતા છે અને હાલના યુગમાં બંનેની - પ્રચુર સમય તેમજ પ્રખર બુદ્ધિની - ઊણપ દેખાઈ રહી છે. માણસના આયુષ્ય અને એની બુદ્ધિ - બંનેનો ધીરે ધીરે હ્રાસ થતો જઈ રહ્યો છે. વેદોના અધ્યયન માટે બ્રહ્મચર્યની પણ ખાસ આવશ્યકતા છે અને બ્રહ્મચર્યાશ્રમનો તો ઘણું કરીને લોપ જ થતો જઈ રહ્યો છે. આ બધી બાબતોનો વિચાર કરીને જ આપણા ત્રિકાળદર્શી મહર્ષિઓએ વૈદિક જ્ઞાનને સરળ તેમ જ સુબોધ ભાષામાં તથા રોચક રીતે આમ જનતાની સામે રજૂ કરવાના ઉદ્દેશ્યથી જ ઈતિહાસ તેમજ પુરાણોને પ્રગટ કર્યાં. ઈતિહાસગ્રંથોમાં રામાયણ અને મહાભારત - એ બે જ ગ્રંથો હાલમાં ઉપલબ્ધ છે. બંને ગ્રંથો ભારતીય વાઙ્મયના મુગટ-મણિ છે તેમજ એ આર્યસભ્યતાનું ગૌરવ છે. બંનેમાં

ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, સદાચાર, નીતિ તેમજ ધર્મની શિક્ષા પુષ્કળ પ્રમાણમાં ભરેલી પડી છે. એકમાં મર્યાદા-પુરુષોત્તમ ભગવાન શ્રીરામની દિવ્ય લીલાઓનું વર્ણન છે તો બીજામાં માળામાં પરોવાયેલા દોરાની જેમ લીલા-પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનો મહિમા વણાયેલો છે. બંનેમાં ય ભારતીય સંસ્કૃતિનું જીવંત સ્વરૂપ દૃષ્ટિગોચર થાય છે. સંસ્કૃત સાહિત્યમાં દૃશ્ય તેમજ શ્રાવ્ય કાવ્યના જેટલા પણ ગ્રંથો બન્યા એ સૌની રચના ઘણું કરીને આ બે ગ્રંથોના આધારે જ થયેલી છે.

આ બે ગ્રંથો આર્યજાતિના ઋષિપ્રણીત સાચા ઈતિહાસ તો છે જ, સાથે સાથે બંને ગ્રંથોનું કવિતાની દૃષ્ટિએ પણ ઘણું ઊંચું સ્થાન છે. છતાં પણ મહાભારતને ‘ઈતિહાસ’ જ કહેવાય છે, એની ગણના કાવ્યોમાં થતી નથી. ઈતિહાસની સાથે સાથે ‘આદિકાવ્ય’ કહેવડાવવાનું ગૌરવ તો વાલ્મીકીય રામાયણને જ પ્રાપ્ત થયેલું છે. કાવ્યની વિશેષતા એ જ છે કે એના દ્વારા આપણને ‘કાંતા-સંમિત’ ઉપદેશ મળે છે. જ્યાં વેદો **‘સત્યં વદ’**, **‘ધર્મં ચર’**, **‘આચારાન્મા પ્રમદઃ’**, **પ્રજાતન્તું મા વ્યવચ્છેત્સીઃ’** વગેરે વિધિવાક્યો દ્વારા ગુરુની જેમ ઉપદેશ કરે છે અને ઇતિહાસ-પુરાણ આપણને **‘રામવદ્ વર્તિતવ્યં ન રાવણવત્’** (રામની જેમ વર્તવું, રાવણની જેમ નહીં) એમ મિત્રની જેમ હિતભરી સલાહ આપે છે, ત્યાં કાવ્ય આપણને કાંતાની જેમ રોચક અને મધુર શબ્દોમાં પ્રેમભરી હળવી મંત્રણા કે સલાહ આપે છે. **‘માતૃદેવો ભવ’**, **‘પિતૃદેવો ભવ’** વગેરે વેદવાક્યોની આપણા પર એટલી અસર નથી થતી જેટલી ભગવાન શ્રીરામની માતૃભક્તિ અને પિતૃભક્તિના કાવ્યમય વર્ણનની થાય છે. આ જાતના ‘કાંતાસંમિત’ ઉપદેશ આપનારાં કાવ્યોમાં વાલ્મીકીય રામાયણનું સ્થાન સર્વોપરિ છે. રચના-કૌશલ તેમજ વિષય-વસ્તુ બંનેની દૃષ્ટિએ રામાયણ જગતનાં સમસ્ત કાવ્યોમાં શીર્ષસ્થાને છે.

માણસે કેવી સ્થિતિમાં કોની સાથે કેવું વર્તન કરવું; કેવી રીતે પોતાના કુટુંબના તેમજ સંસારના અન્ય માણસોને સુખ આપવા માટે પોતાનાં બધી જાતનાં સુખનો ત્યાગ કરીને પોતે બધી જાતનું કષ્ટ સહન કરવા તત્પર રહેવું; કેવી રીતે સત્ય, ન્યાય, સદાચાર અને પ્રતિજ્ઞાપાલનમાં દૃઢ રહીને જીવનને આદર્શરૂપ બનાવવું જોઈએ – વગેરે સામાજિક, નૈતિક તેમજ ધાર્મિક શિક્ષાઓનો તો વાલ્મીકીય રામાયણ ભંડાર છે. આમાં પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રીરામચંદ્રજીની પાવન મનુષ્ય-લીલાનું સર્વાંગ-સુંદર ચિત્રણ કરવામાં આવ્યું છે. સાથે સાથે જગત-જનની સીતાના આદર્શ પતિવ્રતાધર્મ, ભરતનો અનુપમ ભ્રાતૃપ્રેમ અને ત્યાગ, રાજા દશરથનો અનોખો વાત્સલ્ય-પ્રેમ, કૌસલ્યાનું મહાન સૌજન્ય, શ્રવણની અનુકરણીય પિતૃભક્તિ, હનુમાનજીની અતુલનીય સ્વામીભક્તિ; વિભીષણની અસાધારણ ન્યાયપ્રિયતા, અયોધ્યાની પ્રજાનો શ્રીરામ પ્રત્યેનો સ્વાભાવિક સ્નેહ તથા ભગવાન શ્રીરામચંદ્રનું સૌની સાથે શ્રદ્ધા, દયા તેમજ પ્રેમપૂર્ણ યથાયોગ્ય વર્તન – વગેરે સઘળા વિષયોનું સાંગોપાંગ વર્ણન થયેલું છે. આના શ્લોક ઘણા જ મધુર, કાવ્યોચિત ગુણો તેમજ અલંકારોથી વિભૂષિત, તાલ-સ્વર સાથે ગાઈ શકાય એવા તેમજ ગંભીર અર્થસભર છે. આમાં સઘળા રસોનો ઘણી જ સુંદર રીતે સમાવેશ કરવામાં આવ્યો છે. કરુણ રસ તો આ ગ્રંથનો પ્રાણ જ છે. આ રીતે આ ગ્રંથ બધી રીતે ઘણો ઉપાદેય છે.

વાલ્મીકીય રામાયણ ઉચ્ચકોટિનું મહાકાવ્ય હોવાની સાથે સાથે જ ભગવાન શ્રીરામચંદ્રજીની અવતારલીલાનો સાચો ઈતિહાસ છે – એ વાત

આપણે ન ભૂલવી જોઈએ. સાક્ષાત્ સ્વયંભૂ બ્રહ્માજીએ ગ્રંથકર્તાને ગ્રંથ-રચના થયા અગાઉ એવું વરદાન આપ્યું હતું કે 'રામ-ચરિત્રસંબંધી સઘળી બાબતો તને આપમેળે વિદિત થઈ જશે.' આ વરદાન અનુસાર જ સઘળી બાબતો સારી પેઠે જાણીને મહર્ષિએ એ બાબતોને પોતાના ચરિત્ર-નાયકના અવતારકાળે જ શ્લોકબદ્ધ કરીને એમના જ પુત્રો કુશ અને લવને કંઠસ્થ કરાવી દીધી તથા એમના જ દ્વારા ભવિષ્યમાં થનારી ઘટનાઓ સહિત આખે આખું ચરિત્ર સ્વયં ચરિત્ર-નાયકને ભરી સભામાં સંભળાવી દીધું. આનાથી વધીને આ ગ્રંથની ઐતિહાસિકતાનું પ્રમાણ બીજું શું હોઈ શકે છે. આ સ્થિતિમાં એમાં અસત્ય, પ્રમાદ અથવા અતિશયોક્તિની કલ્પના પણ નથી થઈ શકતી. આવા સર્વમાન્ય તેમજ સર્વોપયોગી ગ્રંથનો જનતામાં જેટલો પણ પ્રચાર થશે, એટલું જ જગતનું કલ્યાણ થશે.

મારા મત મુજબ આ ગ્રંથને વાંચવા-સાંભળવાનો અધિકાર મનુષ્યમાત્રને છે, ભલે એ કોઈ પણ સમુદાય કે જાતિનો કેમ ન હોય. દરેક મનુષ્ય આનું અધ્યયન કરીને એમાં આવેલા ઉત્તમોત્તમ ઉપદેશોને અધિકાર મુજબ આચરણમાં ઉતારીને પોતાના મનુષ્ય-જીવનને આદર્શ તેમજ સફળ બનાવી શકે છે.

—★—

ગો-મહિમા અને ગોરક્ષાની આવશ્યકતા

ગોરક્ષા હિંદુ ધર્મનું એક મુખ્ય અંગ માનવામાં આવ્યું છે. લગભગ દરેક હિંદુ ગાયને 'માતા' કહીને બોલાવે છે અને માતા જેટલો જ એનો આદર કરે છે. જે રીતે કોઈ પણ પુત્ર પોતાની માતા પ્રત્યે કરવામાં આવેલા અત્યાચારને સહી નહીં શકે, એ જ રીતે એક આસ્તિક અને સાચો હિંદુ ગાયમાતા પ્રત્યે કરવામાં આવતા નિર્દયતાના વ્યવહારને સહી નહીં શકે; ગાયની હિંસાની તો એ કલ્પના પણ નહીં કરી શકે. ગાયનો જીવ બચાવવા માટે એ પોતાના પ્રાણોની આહુતિ આપી દેશે, પણ ગાયનો વાળ પણ વાંકો નહીં થવા દે. મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રીરામના પૂર્વજ રાજા દિલીપના ચરિત્રથી પણ લોકો પરિચિત છે. એમણે પોતાના કુલગુરુ મહર્ષિ વસિષ્ઠજીની વાછરડી નંદિનીની રક્ષા કરવા માટે થઈને સિંહને પોતાનું શરીર અર્પી દીધું, પણ પોતાના જીવતાં એની હિંસા ન થવા દીધી. પાંડવશિરોમણિ અર્જુને ગોરક્ષા માટે બાર વર્ષોનું નિર્વાસન સ્વીકાર્યું.

પણ ખરેખર એ દિવસો હવે ચાલ્યા ગયા છે. હિન્દુ જાતિ આજે દુર્બળ થઈ ગઈ છે. આપણે આપણી સ્વતંત્રતા, આપણું પુરુષત્વ, આપણી ધર્મપ્રાણતા; ઈશ્વર તથા ઈશ્વરી ન્યાયમાં ભરોસો, શાસ્ત્રો પ્રત્યેની આદરબુદ્ધિ, વિચાર-સ્વાતંત્ર્ય, આપણી સંસ્કૃતિ તેમજ મર્યાદા પ્રત્યેની આસ્થા – બધું જ ખોઈ બેઠા છીએ. આજે આપણે પરસ્પરની ફાટફૂટ તેમજ કલહને કારણે છિન્ન-ભિન્ન થઈ રહ્યા છીએ. આપણે આપણી સંસ્કૃતિ તેમજ ધર્મ પર કરવામાં આવતા પ્રહારો તેમજ આક્રમણો ટાળી દેવા માટે સંગઠિત નથી થઈ શકતા. આપણે આપણી જીવનશક્તિ ખોઈ બેઠા છીએ. મૂંગાં પશુઓની જેમ બીજા લોકો આપણને હાંકી રહ્યા છે. રાજનૈતિક ગુલામી જ નહીં, પણ માનસિક ગુલામીના પણ શિકાર બની રહ્યા છીએ. આજે આપણે બધી બાબતો પર પાશ્ચાત્ય દૃષ્ટિકોણને આધારે જ વિચાર કરતા થઈ ગયા છીએ. એ જ કારણ છે કે આપણી આ પવિત્ર ભૂમિ પર દર

વર્ષે લાખો-કરોડોની સંખ્યામાં ગાય અને બળદો કાપવામાં આવી રહ્યાં છે અને આપણે એના વિરોધમાં આંગળી સુદ્ધાં ઊંચી નથી કરતા. આજે આપણે દિલીપ અને અર્જુનના ઈતિહાસને જ માત્ર વાંચીએ અને સાંભળીએ છીએ, એનાથી આપણી રગોમાં જુસ્સો નથી વ્યાપી જતો. આપણી નપુંસકતા ખરેખર દયનીય છે!

આપણે આપણી ધાર્મિક ભાવનાઓને કચડવાનો દોષનો ટોપલો સરકારને માથે નાખીએ છીએ, આપણે આપણા મુસલમાન ભાઈઓ પર ગાય પ્રત્યેની નિર્દયતાનું આળ ચઢાવીએ છીએ, પણ આપણા પોતાના દોષ નથી જોતા. ગાયો પ્રત્યેની આપણી આદરબુદ્ધિ કેવળ કહેવામાત્રની રહી ગઈ છે. આપણે માત્ર વાણીથી જ એની પૂજા કરીએ છીએ. આપણે પોતે જ તો આપણી ગાયો અને બળદોને કસાઈઓના હાથે વેચીએ છીએ. આપણે જ એમની સાથે દુષ્ટતા તેમજ ક્રૂરતાભર્યું વર્તન કરીએ છીએ – એમને ભૂખે મારીએ છીએ, એમનું બધું દૂધ દોહી લઈએ છીએ, વાછરડાના ભાગનું દૂધ પણ છીનવી લઈએ છીએ, બળદો પર હદ બહારનો બોજો લાદીએ છીએ, ન ચાલે તો એમને ખરાબ રીતે મારીએ છીએ, ગોચર ભૂમિઓ - ખુલ્લી જગ્યાઓનો સફાયો કરતા જઈ રહ્યા છીએ. અને છતાં પણ પોતાની જાતને ગોરક્ષક કહીએ છીએ તથા વિધર્મીઓને ગોઘાતક કહીને નિંદીએ છીએ! આપણી વૈશ્ય જાતિ માટે કૃષિ અને વાણિજ્યની સાથે સાથે શાસ્ત્રોએ ગોરક્ષાને પણ મુખ્ય ધર્મ માન્યો છે, પણ આજે આપણા વૈશ્ય ભાઈઓએ ગોરક્ષાને અનાવશ્યક માનીને છોડી દીધી છે. આપણી ગોશાળાઓનો ખરાબ હાલ છે અને એમના દ્રવ્યનો જોઈએ તેવો ઉપયોગ નથી થતો. એમનામાં પરસ્પર સહયોગનો અભાવ છે. સારાંશ એટલો કે બધું જ અવળું થઈ ગયું છે!

બીજી જાતિઓ પોતાના ગોધનની વૃદ્ધિમાં ઘણી ઝડપથી અગ્રેસર થઈ રહી છે. અન્ય દેશોમાં ક્ષેત્રફળના હિસાબે ગાયોની સંખ્યા ભારત કરતાં ઘણી વધુ છે અને મનુષ્ય દીઠ દૂધની ખપત પણ વધુ છે. ત્યાંની ગાયો આપણી ગાયો કરતાં દૂધ પણ વધુ આપે છે. કારણ એ જ છે કે તેઓ ગાયોને ભરપેટ ભોજન આપે છે, વધુ આરામથી રાખે છે, એમની વધુ સંભાળ લે છે અને એમની સાથે વધુ પ્રેમથી અને કોમળતાપૂર્વક વર્તે છે. અન્ય દેશોમાં ગોચર ભૂમિઓનું પ્રમાણ પણ ખેતીના ઉપયોગમાં આવતી ભૂમિની તુલનામાં ઘણું વધુ છે. આ રીતે આપણે જોઈએ છીએ કે જોકે આપણે આપણને 'ગોપૂજક' અને 'ગોરક્ષક' કહીએ છીએ. પણ વાસ્તવમાં આજે આપણે ગાયની રક્ષા કરવામાં ઘણા પછાત છીએ. ગાય પ્રત્યેના આપણા આ અનાદર તેમજ ઉપેક્ષાનું પરિણામ પણ પ્રત્યક્ષ દેખાય છે. અન્ય દેશો કરતાં આપણા ભારતીયોનું સરેરાશ આયુષ્ય ઘણું ઓછું છે અને અન્ય દેશોની તુલનામાં આપણા દેશનાં બાળકો ઘણી વધુ સંખ્યામાં મરે છે. એટલું જ નહીં બીજા લોકો કરતાં આપણામાં જીવનશક્તિ પણ ઘણી ઓછી છે. કહેવાની જરૂર નથી કે દૂધ અને દૂધથી બનેલી વાનગીઓની ઊણપ પણ આપણી આ દયાજનક સ્થિતિનું એક મુખ્ય કારણ છે. આનાથી એ વાત પ્રત્યક્ષ થઈ જાય છે કે કોઈ જાતિના સ્વાસ્થ્ય તેમજ આયુષ્ય-મર્યાદાની સાથે ગોધનનો કેટલો ઘનિષ્ઠ સંબંધ છે.

આપણાં શાસ્ત્રો કહે છે કે ગાયથી અર્થ, ધર્મ, કામ અને મોક્ષ ચારેય પુરુષાર્થોની સિદ્ધિ થાય છે. બીજા શબ્દોમાં ધાર્મિક, આર્થિક, સાંસારિક તેમજ આધ્યાત્મિક – બધી દૃષ્ટિએ ગાય આપણા માટે ઘણી ઉપયોગી છે. પુરાણોમાં લખ્યું છે કે જગતમાં સર્વપ્રથમ વેદ, અગ્નિ, ગાય તેમજ બ્રાહ્મણોની

સૃષ્ટિ થઈ. વેદોમાંથી આપણને આપણા કર્તવ્યની શિક્ષા મળે છે, એ આપણા જ્ઞાનનો સૌ પહેલો સ્રોત છે. વેદો આપણને દેવતાઓને પ્રસન્ન કરવાની વિદ્યા - યજ્ઞાનુષ્ઠાનનો પાઠ ભણાવે છે. ગીતામાં પણ કહ્યું છે -

સહયજ્ઞાઃ પ્રજાઃ સૃષ્ટ્વા પુરોવાચ પ્રજાપતિઃ ।
અનેન પ્રસવિષ્યધ્વમેષ વોઽસ્ત્વિષ્ટકામધુક્ ॥
દેવાન્ભાવયતાનેન તે દેવા ભાવયન્તુ વઃ ।
પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ ॥
ઈષ્ટાન્ભોગાન્હિ વો દેવા દાસ્યન્તે યજ્ઞભાવિતાઃ ।
તૈર્દત્તાનપ્રદાયૈભ્યો યો ભુઙ્ક્તે સ્તેન એવ સઃ ॥
યજ્ઞશિષ્ટાશિનઃ સન્તો મુચ્યન્તે સર્વકિલ્બિષૈઃ ।
ભુઞ્જતે તે ત્વઘં પાપા યે પચન્ત્યાત્મકારણાત્ ॥
અન્નાદ્ભવન્તિ ભૂતાનિ પર્જન્યાદન્નસંભવઃ ।
યજ્ઞાદ્ભવતિ પર્જન્યો યજ્ઞઃ કર્મસમુદ્ભવઃ ॥
કર્મ બ્રહ્મોદ્ભવં વિદ્ધિ બ્રહ્માક્ષરસમુદ્ભવમ્ ।
તસ્માત્સર્વગતં બ્રહ્મ નિત્યં યજ્ઞે પ્રતિષ્ઠિતમ્ ॥
એવં પ્રવર્તિતં ચક્રં નાનુવર્તયતીહ યઃ ।
અઘાયુરિન્દ્રિયારામો મોઘં પાર્થ સ જીવતિ ॥

(ગીતા ૩/૧૦-૧૬)

'પ્રજાપતિ બ્રહ્માએ કલ્પના આદિમાં અર્થાત્ સૃષ્ટિના આરંભે યજ્ઞસહિત પ્રજાઓને સર્જીને તે પ્રજાઓને કહ્યું કે તમે આ યજ્ઞ દ્વારા વૃદ્ધિ પામો અને આ યજ્ઞ તમને બધાને ઈચ્છિત ભોગ આપનાર થાઓ. તમે બધા આ યજ્ઞ વડે દેવતાઓને ઉન્નત કરો અને તે દેવતાઓ તમને બધાને ઉન્નત કરે; આ પ્રમાણે નિઃસ્વાર્થભાવે એક-બીજાને ઉન્નત કરતા રહીને તમે બધા પરમ કલ્યાણને પામશો. યજ્ઞ વડે વૃદ્ધિ પામેલા દેવતાઓ તમને બધાને વણમાગ્યે જ ઈચ્છિત ભોગો અવશ્ય આપતા રહેશે; આ રીતે તે દેવતાઓ દ્વારા અપાયેલા ભોગોને જે પુરુષ તે દેવતાઓને નહીં આપીને પોતે ભોગવે છે, તે ચોર જ છે. યજ્ઞમાંથી વધેલા અન્નને આરોગનારા શ્રેષ્ઠ પુરુષો સર્વ પાપોથી મુક્ત થઈ જાય છે અને જે પાપીઓ પોતાના શરીરના પોષણ માટે જ અન્ન રાંધે છે, તેઓ તો પાપને જ ખાય છે. સઘળાં પ્રાણીઓ અન્નથી ઉત્પન્ન થાય છે, અન્નની ઉત્પત્તિ વરસાદથી થાય છે, વરસાદ યજ્ઞથી થાય છે અને યજ્ઞ વિહિત કર્મોથી ઉત્પન્ન થનારો છે, કર્મસમુદાયને તું વેદથી ઉદ્ભવેલો અને વેદને અવિનાશી પરમાત્માથી ઉદ્ભવેલો જાણ; આથી સિદ્ધ થાય છે કે સર્વવ્યાપી પરમ અક્ષર પરમાત્મા સદાય યજ્ઞમાં પ્રતિષ્ઠિત છે. હે પાર્થ! જે મનુષ્ય આ લોકમાં આ પ્રમાણે પરંપરાથી પ્રચલિત સૃષ્ટિચક્રને નથી અનુસરતો, અર્થાત્ પોતાના કર્તવ્યનું પાલન નથી કરતો, તે ઈન્દ્રિયો વડે ભોગોમાં રમનારો પાપાયુ મનુષ્ય ફોગટ જ જીવે છે.'

ઉપરનાં વચનોથી એ સ્પષ્ટ થાય છે કે (૧) યજ્ઞની ઉત્પત્તિ સૃષ્ટિના પ્રારંભે થઈ અને (૨) યજ્ઞ આપણા અભ્યુદય (લૌકિક ઉન્નતિ) તેમજ નિઃશ્રેયસ (પરમ કલ્યાણ) બેયનું સાધન છે. યજ્ઞથી આપણે જે કંઈ ઈચ્છીએ એ પ્રાપ્ત કરી શકીએ છીએ. લૌકિક સુખ-સમૃદ્ધિ તથા ઐહિક તેમજ પારલૌકિક ભોગ આપણને દેવતાઓ દ્વારા પ્રાપ્ત થાય છે. દેવતાઓ ભગવાનની જ કલાઓ – ભગવાનની જ દિવ્ય ચેતન વિભૂતિઓ છે કે જે મનુષ્યો તેમજ મનુષ્યોથી નિમ્ન સ્તરના જીવોની લૌકિક આવશ્યકતાઓને પૂરી કરે છે – આપણા માટે સમયાનુસાર તડકો, ચાંદની, વરસાદ વગેરેની વ્યવસ્થા કરીને આપણી વનસ્પતિઓનું અને એ દ્વારા આપણા જીવનનું પોષણ કરે છે. એ જ આપણને રહેવા માટે પૃથ્વી, આપણી તરસ છિપાવવા માટે પાણી, આપણે ભોજન રાંધી શકીએ એ માટે તથા આપણું ઠંડીથી રક્ષણ કરવા માટે અગ્નિ, શ્વાસ લેવા માટે પવન

તથા આમ-તેમ હરવા-ફરવા માટે અવકાશ પ્રદાન કરે છે. સારાંશ એ કે એ જ આ સંસારચક્રની વ્યવસ્થા કરે છે, જીવોનાં કર્મોની દેખરેખ તથા એ અનુસાર શુભ-અશુભ ફળભોગનું વિધાન કરે છે તથા આપણા જીવન-મરણનું નિયમન કરે છે. આ ભગવત્કલાઓને પ્રસન્ન રાખવા, એમના આશીર્વાદ, સહાનુભૂતિ તેમજ સદ્ભાવ પ્રાપ્ત થાય એ માટે અને આદાન-પ્રદાનના સિદ્ધાંતને ચાલુ રાખવા માટે – કે જે જગતના ચક્રને ચલાવવા માટે આવશ્યક તેમજ અનિવાર્ય છે – યજ્ઞાનુષ્ઠાન દ્વારા એમની આરાધના કરવી એ મનુષ્યમાત્રનું પરમ કર્તવ્ય છે. જ્યાં સુધી ભારતમાં યજ્ઞ-યાગાદિ દ્વારા દેવતાઓની આરાધના થતી હતી, ત્યાં સુધી આ દેશ સુખી તેમજ સમૃદ્ધ હતો, સમયસર જોઈએ તેટલી માત્રામાં વર્ષા થતી હતી તથા પૂર, ભૂકંપ, તેમજ મહામારી વગેરે દૈવી સંકટોથી એ ઘણું કરીને મુક્ત હતો. જ્યારથી યજ્ઞ-યાગાદિની પ્રથા લુપ્તપ્રાય થઈ ગઈ, ત્યારથી આ દેશ વધુ ને વધુ દૈવી પ્રકોપોનો શિકાર થવા માંડ્યો છે.

આનાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે યજ્ઞથી અભ્યુદય તેમજ નિઃશ્રેયસ - બંને સિદ્ધ થાય છે. સંસાર-ચક્રનું પરિચાલન કરનારા દેવતાઓ જેઓ ભગવાનની વિભૂતિસ્વરૂપ છે - એમની પ્રસન્નતા દ્વારા એ યજ્ઞ આપણી સુખસમૃદ્ધિનું સાધન બને છે અને નિષ્કામભાવે કેવળ કર્તવ્યબુદ્ધિથી કરવામાં આવે તો એ ભગવત્પ્રીતિ પ્રાપ્ત કરાવીને ભગવત્પ્રાપ્તિ અથવા મોક્ષરૂપી જીવનના પરમ લક્ષ્યની પ્રાપ્તિ કરાવી દે છે. એટલું જ નહીં, યજ્ઞ-દાન-તપરૂપી કર્મને ભગવાને અવશ્યકર્તવ્ય, અનિવાર્ય જણાવ્યું છે – **'યજ્ઞદાનતપઃકર્મ ન ત્યાજ્યં કાર્યમેવ તત્'** (ગીતા ૧૮/૫) અને યજ્ઞ વગેરેની પરંપરાનો વિચ્છેદ કરનારને અઘાયુ (પાપી) કહીને એની નિંદા કરી છે. આ યજ્ઞચક્રને ચલાવવા માટે જ વેદ, અગ્નિ, ગાય તેમજ બ્રાહ્મણોની સૃષ્ટિ થઈ છે. વેદોમાં યજ્ઞાનુષ્ઠાનની વિધિ જણાવવામાં આવી છે - **'કર્મ બ્રહ્મોદ્ભવં વિદ્ધિ'** (ગીતા ૩/૧૫) તેમજ બ્રાહ્મણો દ્વારા એ વિધિ સંપન્ન થાય છે. અગ્નિ દ્વારા આહુતિઓ દેવતાઓને પહોંચાડવામાં આવે છે - **'અગ્નિમુખા હિ દેવા ભવન્તિ ।'** અને ગાયમાંથી આપણને દેવતાઓને અર્પણ કરવા યોગ્ય હવિ પ્રાપ્ત થાય છે. માટે આપણાં શાસ્ત્રોમાં ગાયને **'હવિર્દુઘા'** (હવિ આપનારી) કહેવામાં આવી છે. ગાયનું ઘી દેવતાઓનું પરમ પ્રિય હવિ છે અને યજ્ઞ માટે ભૂમિ ખેડીને તૈયાર કરવા માટે તેમજ ઘઉં, ચોખા, જવ, તલ વગેરે હવિષ્યાન્ન ઉત્પન્ન કરવા માટે ગો-સંતતિ - બળદોની ઘણી આવશ્યકતા છે. એટલું જ નહીં, યજ્ઞભૂમિને પરિષ્કૃત તેમજ શુદ્ધ કરવા માટે એને ગોમૂત્રથી સાફ કરવામાં આવે છે અને ગાયના છાણથી લેપવામાં આવે છે તથા ગાયનાં અડાયાં છાણાંથી યજ્ઞાગ્નિને પ્રજ્વલિત કરવામાં આવે છે. યજ્ઞાનુષ્ઠાન કર્યા અગાઉ દરેક યજમાને દેહશુદ્ધિ માટે પંચગવ્યનું પ્રાશન કરવાનું હોય છે અને એ ગાયના દૂધ, દહીં, ઘી, ગોમૂત્ર તથા ગાયના જ છાણમાંથી તૈયાર કરવામાં આવે છે - માટે જ એને 'પંચગવ્ય' કહે છે. એ સિવાય ગાયનું દૂધ અને એમાંથી બનાવેલી વાનગીઓ સૌથી સ્વાદિષ્ટ તેમજ પોષક આહાર છે. દૂધમાં રાંધેલા ચોખાને - જેને આધુનિક ભાષામાં ખીર કહે છે - સંસ્કૃતમાં **'પરમાન્ન'** (સર્વશ્રેષ્ઠ ભોજન) કહેવામાં આવ્યું છે અને ઘીને આપણે ત્યાં સર્વશ્રેષ્ઠ 'રસાયન' માનવામાં આવ્યું છે – **'આયુર્વૈ ઘૃતમ્ ।'** એટલું જ નહીં, ઘી વિનાના અન્નને આપણાં શાસ્ત્રોમાં અપવિત્ર કહેવામાં આવ્યું છે. ઘી અને ખાંડથી યુક્ત ખીરનું ભોજન

બ્રાહ્મણો માટે વિશેષ તૃપ્તિદાયક હોય છે અને દેવતાઓને આહુતિ પહોંચાડવા માટે આપણે ત્યાં બે જ માર્ગ માનવામાં આવ્યા છે - અગ્નિ અને બ્રાહ્મણોનું મુખ. બલકે ભગવાને તો કહ્યું છે કે—

નાહં તથાઽદ્મિ યજમાનહવિર્વિતાને
શ્ચ્યોતદ્‌ઘૃતપ્લુતમદન્ હુતભુઙ્‌મુખેન ।
યદ્‌બ્રાહ્મણસ્ય મુખતશ્ચરતોઽનુઘાસં
તુષ્ટસ્ય મય્યવહિતૈર્નિજકર્મપાકૈઃ ॥

(શ્રીમદ્‌ભાગવત ૩/૧૬/૮)

'જેઓ પોતાનાં સંપૂર્ણ કર્મફળ મને અર્પણ કરીને હંમેશાં સંતુષ્ટ રહે છે તે નિષ્કામ બ્રાહ્મણો પ્રત્યેક કોળિયાથી તૃપ્ત થતા રહીને ઘીથી તરબોળ જાતજાતનાં પકવાનોનું જ્યારે ભોજન કરે છે ત્યારે તેમના મુખેથી હું જેટલો તૃપ્ત થાઉં છું તેટલો યજ્ઞમાં અગ્નિરૂપી મુખેથી યજમાને અર્પણ કરેલી આહુતિઓ ગ્રહણ કરીને થતો નથી.'

તાત્પર્ય એ છે કે બંને પ્રકારે દેવતાઓની તૃપ્તિ માટે તથા સર્વોપરિ ભગવત્પ્રીતિ કાજે ગાયની પરમ ઉપયોગિતા સિદ્ધ થાય છે.

ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં આર્થિક દૃષ્ટિએ પણ ગાયનું મહત્ત્વ સ્પષ્ટ જ છે. જે લોકોએ આપણા ગ્રામીણ જીવનનું ખાસ મનોયોગપૂર્વક અધ્યયન કર્યું છે, એ સૌએ એક મોઢે આપણા જીવન માટે ગાયની પરમ આવશ્યકતા જણાવી છે. ગોધન જ આપણું મુખ્ય બળ છે. ગોધનની ઉપેક્ષા કરીને આપણે જીવિત નથી રહી શકતા. માટે આપણા ગોવંશની સંખ્યા તેમજ ગુણોની દૃષ્ટિએ એનો જે ભયંકર હ્રાસ થઈ રહ્યો છે, એનો ઘણો સત્વરે પ્રતીકાર કરવો જોઈએ. અને આપણી ગાયોની દશા સુધારવા, એમની નસલની ઉન્નતિ કરવા એને એમનું દૂધ વધારવા તથા એ રીતે દૂધના ઉત્પાદનમાં વધારો કરવાનો પણ પૂરો પ્રયત્ન કરવો જોઈએ. ગાયો, વાછરડાં, તેમજ બળદોનો વધ રોકવા તથા એમના પર કરવામાં આવતા અત્યાચારોને બંધ કરવા માટે કાયદો ઘડવો આવશ્યક છે અને વિધર્મીઓને પણ ગાયની પરમ ઉપયોગિતા જણાવીને ગોજાતિ પ્રત્યેની એમની સહાનુભૂતિ તેમજ સદ્‌ભાવ અર્જિત કરવાં જોઈએ. જે દેશમાં ક્યારેક દૂધ અને દહીંની પાણીની જેટલી પુષ્કળતા હતી, એ દેશમાં અસલી દૂધ મળવામાં મુશ્કેલી પડી રહી છે - આ કેવું આશ્ચર્ય છે!

આધ્યાત્મિક દૃષ્ટિએ પણ ગાયનું મહત્ત્વ ઓછું આંકી શકાય નહીં. ગાયનાં દર્શન તથા સ્પર્શથી પવિત્રતા આવે છે, પાપોનો નાશ થાય છે, ગાયના શરીરમાં તેંત્રીસ કરોડ દેવતાઓનો નિવાસ માનવામાં આવ્યો છે. ગાયની ખરીથી ઊડતી ધૂળ પણ પવિત્ર માનવામાં આવી છે.

મહાભારતમાં કથા આવે છે. એક વાર રાજા નહુષે ચ્યવન ઋષિના બદલામાં પોતાનું આખું રાજ્ય આપવાનું પણ સ્વીકારી લીધું, પરંતુ તેમ છતાં પણ ચ્યવન ઋષિએ કહ્યું કે મારું મૂલ્ય હજી નથી અંકાયું. આથી રાજાએ મુનિ ગવિજના નિર્ણય મુજબ બ્રાહ્મણ અને ગાયની કિંમત સરખી સમજીને ગાયના જેટલું ઋષિનું મૂલ્ય આંકી દીધું. ત્યારે ઋષિ બોલ્યા - 'રાજન્! હવે હું ઊભો થાઉં છું, તેં સાચે જ મને ખરીદી લીધો. આ સંસારમાં હું ગાયોની તોલે આવે એવું બીજું કોઈ ધન નથી સમજતો. ગાયોનાં નામ તેમજ એમના ગુણોનું કીર્તન કરવું – સાંભળવું, ગાયોનું દાન દેવું અને એમનાં દર્શન કરવાં – આ બધાંની શાસ્ત્રોમાં મોટી પ્રશંસા કરવામાં આવી છે. આ બધાં કાર્યો સઘળાં પાપોને દૂર કરીને પરમ કલ્યાણ આપનારાં છે. ગાયો લક્ષ્મીનું મૂળ છે, એમનામાં પાપનો અંશ સુદ્ધાં નથી. ગાયો જ મનુષ્યને અન્ન તેમજ દેવતાઓને હવિષ્ય આપનારી છે. સ્વાહા અને

વષટ્કાર સદા ગાયોમાં જ પ્રતિષ્ઠિત હોય છે. ગાયો જ યજ્ઞનું સંચાલન કરનારી અને એનું મુખ છે. એ વિકાર વિનાનું દિવ્ય અમૃત ધારણ કરનારી અને દોહવામાં આવતાં અમૃત જ આપનારી છે. એ અમૃતનો આધાર હોય છે. અને આખો સંસાર એમની સામે મસ્તક નમાવે છે. આ પૃથ્વી પર ગાયો પોતાના તેજ અને શરીરની દૃષ્ટિએ અગ્નિ સમાન છે. એ મહાન તેજનો ભંડાર અને સમસ્ત પ્રાણીઓને સુખ આપનારી છે. ગાયોનો સમુદાય જ્યાં નિર્ભયતાપૂર્વક બેસીને શ્વાસ લે છે એ સ્થાનની શ્રી વધી જાય છે અને ત્યાંનું બધું પાપ નાશ પામે છે. ગાયો સ્વર્ગની નીસરણી છે, એ સ્વર્ગમાં પૂજાય છે. ગાયો સઘળી કામનાઓ પૂર્ણ કરનારી દેવીઓ છે, એમનાથી વધીને બીજું કોઈ નથી. રાજન્! આ મેં ગાયનું માહાત્મ્ય જણાવ્યું છે, એમાં એમના અનેક ગુણોના એક અંશમાત્રનું દિશાસૂચન કરાવવામાં આવ્યું છે. ગાયોના સમસ્ત ગુણોનું વર્ણન તો કોઈ કરી જ નથી શકતું.'✢

બ્રહ્માજી પણ ઇન્દ્રને કહે છે - 'ઇન્દ્ર! ગાયોને યજ્ઞનું અંગ અને સાક્ષાત્ યજ્ઞરૂપે જ ઓળખાવવામાં આવી છે. એમના વિના યજ્ઞ કોઈ રીતે પણ નથી થઈ શકતો. એ સિવાય, એ પોતાનાં દૂધ અને ઘીથી પ્રજાનું પાલન-પોષણ કરે છે તથા એમના પુત્રો (બળદો) પણ ખેતીના કામમાં આવે છે તથા જાતજાતનાં અન્ન તેમજ બીજ ઉપજાવે છે, જેનાથી યજ્ઞ સંપન્ન થાય છે અને બધી રીતે હવ્ય-કવ્યનું પણ કામ પાર પડે છે; એમના દ્વારા જ દૂધ, દહીં અને ઘી પ્રાપ્ત થાય છે. સુરેશ્વર! આ ગાયો ઘણી પવિત્ર હોય છે અને બળદો ભૂખ-તરસનું કષ્ટ સહીને અનેક જાતના બોજા ઉપાડતા રહે છે. આ રીતે ગોજાતિ પોતાના કર્મથી આ લોકમાં ઋષિઓ તથા પ્રજાઓનું પણ પાલન કરતી રહે છે. ઇન્દ્ર! એના વ્યવહારમાં શઠતા કે માયા નથી હોતી, એ સદા પવિત્ર કાર્યોમાં જોડાયેલી રહે છે.'*

આ રીતે બધી દૃષ્ટિએથી ગાય આપણા માટે ઘણા જ આદર અને પ્રેમની વસ્તુ છે, આપણે બધી રીતે એની રક્ષા તેમજ ઉન્નતિ માટે કટિબદ્ધ થઈ જવું જોઈએ.

—★—

✢ ઉત્તિષ્ઠામ્યેષ રાજેન્દ્ર સમ્યક્ ક્રીતોઽસ્મિ તેઽનઘ। ગોભિસ્તુલ્યં ન પશ્યામિ ધનં કિઞ્ચિદિહાચ્યુત॥
કીર્તનં શ્રવણં દાનં દર્શનં ચાપિ પાર્થિવ। ગવાં પ્રશસ્યતે વીર સર્વપાપહરં શિવમ્॥
ગાવો લક્ષ્મ્યાઃ સદા મૂલં ગોષુ પાપ્મા ન વિદ્યતે। અન્નમેવ સદા ગાવો દેવાનાં પરમં હવિઃ॥
સ્વાહાકારવષટ્કારૌ ગોષુ નિત્યં પ્રતિષ્ઠિતૌ। ગાવો યજ્ઞસ્ય નેત્ર્યો વૈ તથા યજ્ઞસ્ય તા મુખમ્॥
અમૃતં હ્યવ્યયં દિવ્યં ક્ષરન્તિ ચ વહન્તિ ચ। અમૃતાયતનં ચૈતાઃ સર્વલોકનમસ્કૃતાઃ॥
તેજસા વપુષા ચૈવ ગાવો વહ્નિસમા ભુવિ। ગાવો હિ સુમહત્તેજઃ પ્રાણિનાં ચ સુખપ્રદાઃ॥
નિવિષ્ટં ગોકુલં યત્ર શ્વાસં મુઞ્ચતિ નિર્ભયમ્। વિરાજયતિ તં દેશં પાપ્મં ચાસ્યાપકર્ષતિ॥
ગાવઃ સ્વર્ગસ્ય સોપાનં ગાવઃ સ્વર્ગેઽપિ પૂજિતાઃ। ગાવઃ કામદુહો દેવ્યો નાન્યત્ કિઞ્ચિત્ પરં સ્મૃતમ્॥
ઇત્યેતદ્ ગોષુ મે પ્રોક્તં માહાત્મ્યં ભરતર્ષભ। ગુણૈકદેશવચનં શક્યં પારાયણં ન તુ॥
(અનુશાસન૦ ૫૧/૨૬-૩૪)

* યજ્ઞાઙ્ગં કથિતા ગાવો યજ્ઞ એવ ચ વાસવ। એતાભિશ્ચ વિના યજ્ઞો ન વર્તેત કથઞ્ચન॥
ધારયન્તિ પ્રજાશ્ચૈવ પયસા હવિષા તથા। એતાસાં તનયાશ્ચાપિ કૃષિયોગમુપાસતે॥
જનયન્તિ ચ ધાન્યાનિ બીજાનિ વિવિધાનિ ચ। તતો યજ્ઞાઃ પ્રવર્તન્તે હવ્યં કવ્યં ચ સર્વશઃ॥
પયોદધિઘૃતં ચૈવ પુણ્યાશ્ચૈતાઃ સુરાધિપ। વહન્તિ વિવિધાન્ ભારાન્ ક્ષુત્તૃષ્ણાપરિપીડિતાઃ॥
મુનીંશ્ચ ધારયન્તીહ પ્રજાશ્ચૈવાપિ કર્મણા। વાસવાકૂટવાહિન્યઃ કર્મણા સુકૃતેન ચ॥
(અનુશાસન૦ ૮૩/૧૭-૨૧)

સ્વધર્મ-પાલનની આવશ્યકતા

જે મનુષ્યો ઈશ્વર-ભક્તિ અને ધર્મની આડમાં અધર્મ કરે છે, એમને વાસ્તવમાં નાસ્તિકોના પણ જનક કહેવા જોઈએ. એ લોકો નાસ્તિકોથી પણ વધુ નાસ્તિક છે; કેમકે એ દંભી, પાખંડી મનુષ્યોને દંડ દેવા માટે જ ભગવાન નાસ્તિકતાને ઉત્પન્ન કરે છે. આ રીતે નાસ્તિકવાદને ઉત્પન્ન કરવામાં કારણભૂત હોવાને કારણે એ લોકો નાસ્તિકોના જનક છે. શી ખબર, આવા કેટલાય ધર્મધ્વજી મનુષ્યો આજે પોતાને અવતાર કે મહાત્મા તરીકે ઓળખાવીને અનાચાર ફેલાવી રહ્યા છે. ઘણા લોકો તો સ્ત્રીઓને ચેલી બનાવીને પહેલાં તો એમની પાસે પોતાના ચરણો પૂજાવે છે, એમને પોતાનું ચરણોદક આપે છે, પોતાનું એઠું ખવડાવે છે અને પછી તેઓ પોતાની જાતને કૃષ્ણના સ્વરૂપ તરીકે ઓળખાવીને પેલી સ્ત્રીઓને ગોપી બનાવીને તેમજ વ્યભિચારને ધર્મ ગણાવીને એમની સાથે દુરાચાર કરે છે તથા આનું ફળ એ દંભી દુરાચારપરાયણ લોકો પરમ ધામની પ્રાપ્તિ જણાવે છે! આવા ધર્મના નામે દુરાચાર કરનાર પાખંડીઓ સાચે જ ભગવાન શ્રીકૃષ્ણને તથા ભક્તિમતી ગોપીઓને કલંક લગાડનારા છે. વાસ્તવમાં ભગવાન તથા ભક્તો પર તો કલંક શું લાગવાનું હતું, આવું કરીને એ લોકો પોતે પોતાનો જ નાશ કરે છે, એ લોકો પોતે પોતાને જ મોટી ઘોર અધોગતિમાં જ લઈ જાય છે. આવી ઘટનાઓ આજકાલ ઘણી જગ્યાએ બની રહી છે.*

આ મોટા અનર્થની વાત છે. ઈશ્વર-ભક્તિને નામે આ રીતે દુરાચારનો ફેલાવો કરવો ઘણું મોટું પાપ છે. સૌ લોકોએ આનો ઘોર વિરોધ કરવો જોઈએ. આવી વાતો ન થાય, એની વ્યવસ્થા કરવી જોઈએ. આપણે ધર્મની બાબતમાં એટલો ખ્યાલ તો રાખવો જોઈએ કે સ્ત્રીને માટે તો વિવાહની વિધિને જ વૈદિક સંસ્કાર અને પતિને જ ગુરુ જણાવવામાં આવ્યો છે, એના માટે પતિગૃહમાં વાસ કરવો એ જ ગુરુકુળવાસ છે અને ગૃહકાર્ય જ અગ્નિહોત્ર છે. મનુ મહારાજ કહે છે–

વૈવાહિકો વિધિઃ સ્ત્રીણાં સંસ્કારો વૈદિકઃ સ્મૃતઃ ।
પતિસેવા ગુરૌ વાસો ગૃહાર્થોઽગ્નિપરિક્રિયા ॥

(મનુ૦ ૨/૬૭)

સ્ત્રીઓ માટે તો પતિ સિવાયના બીજા પુરુષનો સ્પર્શ કરવો એ પણ પાપ છે. વાલ્મીકીય રામાયણમાં કથા આવે છે કે જ્યારે શ્રીહનુમાનજીએ અશોકવાટિકામાં શ્રીસીતાજીને અત્યંત વ્યાકુળ જોયાં, ત્યારે એમણે સીતાજીને કહ્યું કે, 'માતા! આપ મારી પીઠ પર બેસી જાઓ. હું આપને હમણાં જ અહીંથી લઈ જાઉં

★ હમણાં એક પંડિતજીનો પત્ર મળ્યો છે, એમાં લખેલ વિગતનો સાર આવો છે - 'અહીંયાં એક મહાપુરુષ બની બેઠા છે, પોતાને સિદ્ધિપ્રાપ્ત કહે છે, ઔષધ આપે છે, ગુરુ બને છે, પોતાને ..... સંન્યાસી તથા.... ગાદીના શિષ્ય તરીકે ઓળખાવે છે. દારૂ-માંસ એમને ઘણાં પ્રિય છે. એ પોતાના ચેલા-ચેલીઓને પોતાની થાળીમાંથી ખવડાવીને પોતે ખાય છે. ચેલીઓ પાસેથી સર્વસ્વ અર્પણની ઘણી ઈચ્છા છે. વિરોધ કરવામાં લોકો એટલા માટે ડરે છે કે એ કોઈનું કશુંક અનિષ્ટ ન કરી દે. શિષ્યોના ધન અને ધર્મનું હરણ કરી રહ્યા છે.'

આ જાતના દુરાચાર ધર્મ અને અધ્યાત્મના નામે આજે સ્થળે-સ્થળે થઈ રહ્યા છે અને ભોળા નર-નારી અવિવેકપૂર્ણ શ્રદ્ધાને લીધે એમની જાળમાં ફસાઈ જાય છે. આવા ગુરુઓથી ન તો કદી કોઈનું કલ્યાણ થયું છે, કે ન થઈ શકે છે.

— સંપાદક

છું.' પણ શ્રીસીતાજીએ એ વાત સ્વીકારી નહીં. એ બોલ્યાં–

ભર્તુર્ભક્તિં પુરસ્કૃત્ય રામાદન્યસ્ય વાનર ।
નાહં સ્પ્રષ્ટું સ્વતો ગાત્રમિચ્છેયં વાનરોત્તમ ॥

(વા૦ રા૦ ૫/૩૭/૬૨)

'વાનરશ્રેષ્ઠ હનુમાન! પતિભક્તિ પ્રત્યે દૃષ્ટિ રાખીને હું ભગવાન રામ સિવાય બીજા કોઈ પુરુષના શરીરનો સ્વેચ્છાએ સ્પર્શ કરવા નથી ઈચ્છતી.'

જોકે સીતાજી એ વખતે વિપત્તિગ્રસ્ત હતાં! પણ એમણે પતિ પાસે જવા માટે પણ પાતિવ્રત-ધર્મની રક્ષાની દૃષ્ટિએ માતૃભાવ રાખનારા હનુમાન જેવા સેવકનો પણ સ્પર્શ કરવાનું ઉચિત ન માન્યું. આથી એવી શીખ લેવી જોઈએ કે મોટી વિપત્તિના સમયે પણ સ્ત્રીએ યથાસાધ્ય પરપુરુષનો સ્પર્શ ન કરવો.

હાલમાં ઘણા દંભી સ્ત્રી-પુરુષો પોતાને મહાત્મા અને ઈશ્વરના અવતારના સ્થાને સ્થાપિત કરીને ચેલા-ચેલીઓ પાસે પોતાના જ નામનું કીર્તન અને સ્વરૂપનું ધ્યાન કરાવે છે, પોતાના ચિત્રની પૂજા કરાવે છે અને પોતાનાં નામ-ગુણોની કીર્તિ પોતાની જ સામે કરાવીને પોતે એને સાંભળે છે. આ પ્રકારનું આચરણ કરનારા લોકો સાચે જ નાસ્તિકવાદને ઉત્પન્ન કરનારા છે. નાસ્તિકવાદના અનેક હેતુ છે, જેમાંનો આ પણ એક મુખ્ય હેતુ છે.

માટે સાચા ધર્માચાર્ય મહાનુભાવોએ આવા ધર્મધ્વજી સ્ત્રી-પુરુષોનો બહિષ્કાર કરીને સ્વયં ધર્મનું પાલન કરતાં કરતાં સંસારના ભૂલ્યા-ભટક્યા ભાઈઓને સાચો ધર્મ જણાવવો જોઈએ.

સંસારમાં જેમનું જીવન ધર્મમય છે, એમનું જ જીવન ધન્ય છે. ધર્મહીન જીવન પશુ સમાન છે. એક કવિએ કહ્યું છે-

આહારનિદ્રાભયમૈથુનં ચ
સામાન્યમેતત્ પશુભિર્નરાણામ્ ।
ધર્મો હિ તેષામધિકો વિશેષો
ધર્મેણ હીનાઃ પશુભિઃ સમાનાઃ ॥

'આહાર, નિદ્રા, ભય અને મૈથુન - એ મનુષ્યો અને પશુઓ સૌમાં સમાન છે. મનુષ્યોમાં અધિકતા અને વિશેષતા એક જ છે કે એમનામાં ધર્મ છે. જે મનુષ્યોમાં ધર્મ નથી, એ પશુ સમાન જ છે.'

ધર્મ શું છે? ઈશ્વરનું વિધાન, કે જે આ લોક અને પરલોકમાં કલ્યાણકારક છે, એ જ ધર્મ છે. મનુ મહારાજે સૌના માટે સંક્ષેપમાં સામાન્ય ધર્મનાં લક્ષણો આ રીતે જણાવ્યાં છે–

ધૃતિઃ ક્ષમા દમોઽસ્તેયં શૌચમિન્દ્રિયનિગ્રહઃ ।
ધીર્વિદ્યા સત્યમક્રોધો દશકં ધર્મલક્ષણમ્ ॥

(મનુ૦ ૬/૯૨)

'ધૈર્ય, ક્ષમા, મનનો નિગ્રહ, ચોરી ન કરવી, બહાર-ભીતરની પવિત્રતા, ઈન્દ્રિયોનો સંયમ, સાત્ત્વિક બુદ્ધિ, અધ્યાત્મવિદ્યા, સાચું બોલવું અને ક્રોધ ન કરવો - આ ધર્મનાં દસ લક્ષણો છે.'

આને માનવમાત્ર માટે સામાન્ય ધર્મ જણાવવામાં આવ્યો છે. આના પાલનથી મનુષ્યનું આ લોક અને પરલોક - બંનેમાં કલ્યાણ થાય છે.

આજકાલ જે લોકો ઈશ્વર અને ધર્મનો વિરોધ કરે છે, એ લોકો પોતે જ પોતાની જાતને હણી રહ્યા છે. સર્વ કાંઈ જતું રહેવા છતાં પણ જેનો ધર્મ સુરક્ષિત છે, એને જ આ લોકમાં સુખ અને પરલોકમાં પરમ ગતિ મળે છે; પણ જેનો ધર્મ ચાલ્યો ગયો, એનું તો બધું જ ચાલ્યું ગયું એમ સમજવું. શાસ્ત્રમાં જણાવ્યું છે–

ધર્મ એવ હતો હન્તિ ધર્મો રક્ષતિ રક્ષિતઃ ।
તસ્માદ્ધર્મો ન હન્તવ્યો મા નો ધર્મો હતોઽવધીત્ ॥

(મનુ૦ ૮/૧૫)

'વિનાશ કરવામાં આવેલો જ ધર્મ હણે છે અને રક્ષા કરવામાં આવેલો ધર્મ રક્ષા કરે છે; માટે ધર્મનો વિનાશ ન કરવો, કે જેથી એ નષ્ટ થયેલો ધર્મ આપણને જ ન હણે.' અર્થાત્ ધર્મનો ત્યાગ કરનાર પુરુષનું પતન થઈ જાય છે – આ જ વિનષ્ટ થયેલા ધર્મ દ્વારા મનુષ્યનું મરાઈ જવું છે.

માટે મનુષ્યે પ્રાણ જતા કરીને પણ ધર્મની રક્ષા કરવી, કેમકે, ધર્મ નિત્ય છે અને જીવન અનિત્ય છે! મહાભારતમાં કહ્યું છે–

ન જાતુ કામાન્ન ભયાન્ન લોભાદ્
ધર્મં ત્યજેજ્જીવિતસ્યાપિહેતોઃ ।
નિત્યો ધર્મઃ સુખદુઃખે ત્વનિત્યે
જીવો નિત્યો હેતુરસ્ય ત્વનિત્યઃ ॥

(સ્વર્ગારોહણપર્વ ૫/૬૩)

'મનુષ્યે કોઈ પણ સમયે કામથી, ભયથી, લોભથી કે જીવન-રક્ષા માટે પણ ધર્મનો ત્યાગ ન કરવો; કેમકે, ધર્મ નિત્ય છે અને સુખદુઃખ અનિત્ય છે તથા જીવન નિત્ય છે અને જીવનનો હેતુ અનિત્ય છે.'

માટે કામ, ભય, લોભ વગેરે કોઈ પણ કારણે ધર્મનો પરિત્યાગ ન કરવો, બલકે પ્રાણ આપી દેવા પડે તો પ્રસન્નતાપૂર્વક આપી દેવા જોઈએ. ધર્મને માટે પ્રાણ આપી દેવામાં પણ કલ્યાણ જ છે. શ્રીભગવાને કહ્યું છે–

શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ।
સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ॥

(ગીતા ૩/૩૫)

'સારી રીતે આચરવામાં આવેલા અન્યના ધર્મ કરતાં ગુણ વિનાનો હોવા છતાં પણ પોતાનો ધર્મ ઘણો ચઢિયાતો છે; પોતાના ધર્મમાં તો મરવું પણ કલ્યાણકારી છે, જ્યારે અન્યનો ધર્મ તો ભયપ્રદ છે.'

ગુરુ ગોવિંદસિંહના પુત્રોએ ધર્મને માટે પ્રાણોની પણ પરવા ન કરી. એમણે ધર્મભાવનો વિચાર કરીને જ ધર્મનો ત્યાગ ન કર્યો અને હસતાં-હસતાં પ્રાણોની આહુતિ આપી દીધી. માટે જ એમની આ લોકમાં કીર્તિ ફેલાઈ અને શાસ્ત્રોની દૃષ્ટિએ પરલોકમાં પણ એમની પરમ ગતિ થવી જોઈએ.

શ્રુતિ, સ્મૃતિ, પુરાણ વગેરે શાસ્ત્રોમાં ધર્મનું સ્વરૂપ ઘણા વિસ્તારપૂર્વક જણાવવામાં આવ્યું છે, એ ગ્રંથોમાં જોવું જોઈએ. મનુ મહારાજે કહ્યું છે–

વેદઃ સ્મૃતિઃ સદાચારઃ સ્વસ્ય ચ પ્રિયમાત્મનઃ ।
એતચ્ચતુર્વિધં પ્રાહુઃ સાક્ષાદ્ધર્મસ્ય લક્ષણમ્ ॥

(મનુ૦ ૨/૧૨)

'વેદ, સ્મૃતિ, સત્પુરુષોનો આચાર તથા જેને આચરવાથી આપણું હિત થાય એ - આમ ચાર પ્રકારનું આ ધર્મનું સાક્ષાત્ લક્ષણ કહેવામાં આવ્યું છે.'

અહીં **'સ્વસ્ય ચ પ્રિયમાત્મનઃ'** દ્વારા 'જે આપણા આત્મા માટે હિતકર હોય' એને આચરવું એ ધર્મ છે. મનમાન્યા આચરણનો તો સ્વયં ભગવાને જ નિષેધ કર્યો છે. ભગવાન કહે છે–

યઃ શાસ્ત્રવિધિમુત્સૃજ્ય વર્તતે કામકારતઃ ।
ન સ સિદ્ધિમવાપ્નોતિ ન સુખં ન પરાં ગતિમ્ ॥

(ગીતા ૧૬/૨૩)

'જે માણસ શાસ્ત્રવિધિને છોડીને પોતાની ઇચ્છા પ્રમાણે મનમાન્યું આચરણ કરે છે, એ ન તો સિદ્ધિને પામે છે, ન પરમ ગતિને કે ન સુખને.'

તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ ।
જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમિહાર્હસિ ॥

(ગીતા ૧૬/૨૪)

'આથી તારા માટે આ કર્તવ્ય અને

અકર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર જ પ્રમાણ છે, એમ જાણીને તારા માટે શાસ્ત્રવિધિ પ્રમાણે નિયત થયેલું કર્મ જ કરવા યોગ્ય છે.'

ધર્મના વિષયમાં જ્યાં શ્રુતિ અને સ્મૃતિમાં વિરોધ જણાતો હોય ત્યાં શ્રુતિ જ બળવાન માનવામાં આવે છે, માટે શ્રુતિના કથનાનુસાર જ પાલન કરવું. જ્યાં એક શ્રુતિ સાથે અન્ય શ્રુતિનો વિરોધ જણાય ત્યાં એ બંને માન્ય છે. અને જ્યાં શ્રુતિ અને સદાચાર—એ બેમાં વિરોધ જણાતો હોય, ત્યાં (શ્રેષ્ઠ પુરુષોએ આચરેલો) સદાચાર જ મુખ્ય છે.

જેમકે, શ્રુતિમાં માંસ-ભક્ષણ વગેરે એવી ઘણી વાતો આવી જાય છે, જે આપણી સમજમાં નથી આવતી અને આપણને આત્મા માટે અહિતકર જણાય છે તથા સૌ કોઈ એનો નિર્ણય નથી કરી શકતા. પરંતુ ભગવત્પ્રાપ્ત પુરુષોના આચરણોમાં ક્યાંય પણ અહિતની આશંકાની જરા પણ સંભાવના નથી. માટે જ મહારાજ યુધિષ્ઠિરે એવો નિર્ણય આપ્યો છે કે—

તર્કોઽપ્રતિષ્ઠઃ શ્રુતયો વિભિન્ના
નૈકો ઋષિર્યસ્ય મતં પ્રમાણમ્ ।
ધર્મસ્ય તત્ત્વં નિહિતં ગુહાયાં
મહાજનો યેન ગતઃ સ પન્થાઃ ॥

(વનપર્વ ૩૧૩/૧૧૭)

'ધર્મના વિષયમાં તર્કની કોઈ પ્રતિષ્ઠા (સ્થિરતા) નથી, શ્રુતિઓ જુદું જુદું તાત્પર્ય ધરાવનારી છે, તથા ઋષિ-મુનિ પણ એવા કોઈ એક નથી, જેથી એમના જ મતને પ્રમાણ સ્વરૂપે સ્વીકારી શકાય. ધર્મનું તત્ત્વ ગુહામાં છુપાયેલું છે - ધર્મની ગતિ ઘણી ગહન છે, માટે (મારી સમજમાં) જે માર્ગે કોઈ મહાપુરુષ ગયા હોય કે જઈ રહ્યા હોય, એ જ માર્ગ છે; અર્થાત્ એવા મહાપુરુષનું અનુસરણ કરવું એ જ ધર્મ છે.'

માટે મહાપુરુષો જે માર્ગ પર ચાલે છે, એ જ માર્ગ અનુસરવા યોગ્ય છે કેમકે ભગવત્પ્રાપ્ત મહાપુરુષો દ્વારા કદી ભગવાનની આજ્ઞારૂપી ધર્મનું ઉલ્લંઘન થઈ શકતું નથી. આમાં પ્રહ્‌લાદનું ઉદાહરણ પ્રત્યક્ષ છે. ભક્ત પ્રહ્‌લાદે પોતાના પ્રિય પુત્રની અવહેલના કરી દીધી, પરંતુ ધર્મનો ત્યાગ ન કર્યો.

કેશિની નામની કન્યા હતી, એની સાથે પ્રહ્‌લાદનો પુત્ર વિરોચન અને અંગિરા-પુત્ર સુધન્વા - બંને જણ વિવાહ કરવા ઇચ્છતા હતા. આ જ બાબતને લઈને બંનેમાં વિવાદ થઈ ગયો. કન્યાએ કહ્યું, 'તમારા બંનેમાંથી જે શ્રેષ્ઠ હશે, હું એની જ સાથે વિવાહ કરીશ.' આથી એ બંને જણ પોતાને શ્રેષ્ઠ તરીકે ઓળખાવવા માંડ્યા. છેવટે એવો નિર્ણય થયો કે એમની શ્રેષ્ઠતાનો નિર્ણય ન્યાય તથા ધર્મપરાયણ પ્રહ્‌લાદજી કરે. જે ઊતરતો હોય, એના પ્રાણ હરી લેવામાં આવે. બંને જણે પ્રહ્‌લાદની સેવામાં ઉપસ્થિત થઈને પોતાની કહાણી સંભળાવી અને નિર્ણય માટે પ્રાર્થના કરી. પ્રહ્‌લાદે બધી વાતો સાંભળીને પુત્ર વિરોચનની અપેક્ષાએ સુધન્વા બ્રાહ્મણને જ શ્રેષ્ઠ માન્યો અને વિરોચનને કહ્યું—

શ્રેયાન્ સુધન્વા ત્વત્તો વૈ મત્તઃશ્રેયાંસ્તથાઙ્ગિરાઃ ।
માતા સુધન્વનશ્ચાપિ માતૃતઃ શ્રેયસી તવ ।
વિરોચન સુધન્વાયં પ્રાણાનામીશ્વરસ્તવ ॥

(મહાભારત સભાપર્વ ૬૮/૮૭)

'વિરોચન! ખરેખર સુધન્વા તારા કરતાં શ્રેષ્ઠ છે તથા આના પિતા અંગિરા મારા કરતાં શ્રેષ્ઠ છે અને આ સુધન્વાની માતા પણ તારી માતા કરતાં શ્રેષ્ઠ છે, માટે આ સુધન્વા તારા પ્રાણોનો સ્વામી છે.'

આ નિર્ણયને સાંભળીને સુધન્વા મુગ્ધ થઈ ગયો અને એણે કહ્યું -

પુત્રસ્નેહં પરિત્યજ્ય યસ્ત્વં ધર્મે વ્યવસ્થિતઃ।
અનુજાનામિ તે પુત્રં જીવત્વેષ શતં સમાઃ॥

(મહાભારત સભાપર્વ ૬૮/૮૮)

'પ્રહ્લાદજી! પુત્રસ્નેહનો ત્યાગ કરીને તમે ધર્મ પર અવિચળ રહ્યા, માટે તમારો આ પુત્ર સો વર્ષ સુધી જીવતો રહે (હું આના પ્રાણ નહીં હરું).'

રાજા હરિશ્ચન્દ્રે મોટામાં મોટી વિપત્તિ સહન કરી, પણ છતાં ધર્મનો ત્યાગ ન કર્યો. એટલે સુધી કે ધર્મપાલન માટે એમણે પોતાની પત્નીને વેચી દીધી અને પોતે ચાંડાળને ત્યાં ચાકરી કરી. આ ધર્મપાલનના પ્રભાવને લીધે જ તેઓ સ્ત્રી-પુત્રો સહિત ઉત્તમ ગતિને પામ્યા.

મહારાજ યુધિષ્ઠિર પર આવી વિપત્તિઓ ઘણીવાર આવી, પણ છતાં એમણે કદી ધર્મનો ત્યાગ ન કર્યો. જ્યારે દ્રૌપદી અને ચારેય ભાઈઓના પડી ગયા પછી મહારાજ યુધિષ્ઠિર એકલા જ હિમાલય તરફ આગળ વધી રહ્યા હતા, ત્યારે એક કૂતરો એમની પાછળ-પાછળ ચાલ્યો આવતો હતો. એ જ વખતે દેવરાજ ઈન્દ્ર રથ લઈને આવ્યા અને એમણે યુધિષ્ઠિરને રથમાં બેસવા અનુરોધ કર્યો. પણ યુધિષ્ઠિરે ઈન્દ્રના ઘણા આગ્રહ કરવા છતાં પણ પોતાના ભક્ત કૂતરાને છોડી દઈને એકલા સ્વર્ગે જવાનું ન ઈચ્છ્યું. એમણે સ્પષ્ટ કહી દીધું - 'હું આ કૂતરાને કોઈ રીતે પણ છોડી નહીં શકું.' આથી સાક્ષાત્ ધર્મ - કે જે કૂતરાના રૂપમાં હતા - પ્રગટ થઈ ગયા. એમણે યુધિષ્ઠિરને કહ્યું - 'તેં કૂતરાને પોતાના ભક્ત તરીકે ઓળખાવીને સ્વર્ગનો પણ ત્યાગ કર્યો. તારા આ ત્યાગની બરોબરી કોઈ સ્વર્ગવાસી પણ નહીં કરી શકે.' આમ કહી તેઓ યુધિષ્ઠિરને રથમાં બેસાડીને સ્વર્ગમાં ગયા. આ રીતે મહારાજ યુધિષ્ઠિરે સ્વર્ગની પણ પરવા ન કરતાં છેવટ સુધી ધર્મનું પાલન કર્યું.

જે લોકો ધર્મ અને ઈશ્વરને નથી માનતા, તેઓ ધર્મ અને ઈશ્વર શું છે, એને જ નથી સમજતા. એમણે ન તો કદી આ વિષયના શાસ્ત્રોનું અધ્યયન કર્યું છે કે ન આ વિષયનું તત્ત્વ સમજવાનો કદી પ્રયત્ન પણ કર્યો છે. એમનો આ વિષયના ઊંડાણમાં પ્રવેશ ન થવાને લીધે જ એ લોકો આ મોટા લાભથી વંચિત થઈ રહ્યા છે.

ઈશ્વરની આજ્ઞારૂપી જે ધર્મ છે, એનું સકામભાવે પાલન કરવામાં આવે તો એનાથી આ લોક અને પરલોકમાં સુખ મળે છે અને જો એનું નિષ્કામભાવે પાલન કરવામાં આવે તો એનાથી આપણા આત્માનું કલ્યાણ થાય છે. ભગવાને કહ્યું છે–

દેવાન્ભાવયતાનેન તે દેવા ભાવયન્તુ વઃ।
પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ॥

(ગીતા ૩/૧૧)

'તમે બધા આ યજ્ઞ વડે દેવતાઓને ઉન્નત કરો અને તે દેવતાઓ તમને બધાને ઉન્નત કરે; આ પ્રમાણે નિઃસ્વાર્થભાવે એક-બીજાને ઉન્નત કરતા રહીને તમે બધા પરમ કલ્યાણને પામશો.'

માટે આપણે નિષ્કામભાવે ધર્મનું પાલન કરવું જોઈએ. નિષ્કામભાવે ધર્મનું પાલન કરનાર મનુષ્ય પરમ પદને પામી જાય છે.

—★—

દીવાળી પર ચેતવણી

દીવાળી આવી ગઈ છે. આ અવસર આવતાં આપણે ઉત્સવ મનાવીએ છીએ. તથા શ્રીલક્ષ્મીનારાયણનું પૂજન કરીએ છીએ. આપણા માટે આ એક ઘણું શુભ પર્વ છે; માટે શાસ્ત્રવિધિ અનુસાર શ્રદ્ધા તથા પ્રેમપૂર્વક નિષ્કામભાવે ઘણા જ આનંદ અને ઉલ્લાસની સાથે પૂજન વગરે કર્મો સંપાદિત કરતાં કરતાં આ મહોત્સવ મનાવવો જોઈએ. પણ આ મહોત્સવ પૂર્ણ રીતે તો ત્યારે જ સફળ થયો કહેવાય, જ્યારે આપણે આપણા પરમ આવશ્યક એવા આત્મકલ્યાણના મોટા કાર્યને સિદ્ધ કરીએ. દર વર્ષે દીવાળી આવે છે અને આપણા સીમિત આયુષ્યમાંથી એક વર્ષ નીકળી જાય છે. એવી જ રીતે એક એક કરીને આપણા જીવનનાં ઘણાં વર્ષો વીતી ચૂક્યાં છે અને કોઈ પણ માણસ એવું નથી કહી શકતો કે આવતી દીવાળી સુધી આપણે જીવતા રહીશું કે નહીં. માટે આ જ વર્ષની દીવાળીથી આપણે બુદ્ધિમત્તાપૂર્વક લાભ લેવો જોઈએ. આ લાભ એ જ છે કે જે કામ માટે આપણને આ માનવ-દેહ પ્રાપ્ત થયો છે, એ કામ અતિશીઘ્ર સાધી લઈએ. દીવાળીની જ્યોત આપણને ચેતવણી આપી રહી છે કે જેમ બહાર દીવાઓની હારમાળાની જ્યોતિ ફેલાઈ રહી છે. એ જ રીતે અંતઃકરણમાં જ્ઞાનરૂપી જ્યોતની આવશ્યકતા છે. જેમ બહારની આ જ્યોતથી બાહ્ય અંધકાર દૂર થાય છે, એ જ રીતે અંતઃકરણની જ્યોતિથી આંતરિક અજ્ઞાન નષ્ટ થઈને પરમાત્માનું જ્ઞાન થઈ જાય છે. માટે હૃદયમાં રહેલા અજ્ઞાનના નાશને માટે ભીતરની જ્યોત જગાવવી જોઈએ. વાસ્તવમાં તો બહાર અને ભીતર બંને બાજુઓ પ્રકાશિત કરનારી એવી જ્યોત હોવી જોઈએ કે જે નિર્મળ હોય, બાળનારી ન હોય, હોલવાઈ જાય એવી ન હોય, નિત્ય પ્રકાશરૂપ હોય અને વસ્તુનું અસલ સ્વરૂપ દેખાડી દે. આવી જ્યોત છે - 'ભક્તિપૂર્વક ભગવાનનું નિત્ય સ્મરણ.' શ્રીતુલસીદાસજીએ કહ્યું છે-

રામ નામ મનિદીપ ધરુ જીહ દેહરીં દ્વાર ।
તુલસી ભીતર બાહેરહુઁ જૌં ચાહસિ ઉજિઆર ॥

આપણે આપણી અયોગ્યતા તથા દુર્બળતા જોઈને કદી નિરાશ ન થવું જોઈએ. આ કાર્યમાં દયામય ભગવાન આપણને પૂરી સહાય કરવા તૈયાર છે. એ આપણને આશ્વાસન આપી રહ્યા છે—

તેષામેવાનુકમ્પાર્થમહમજ્ઞાનજં તમઃ ।
નાશયામ્યાત્મભાવસ્થો જ્ઞાનદીપેન ભાસ્વતા ॥
(ગીતા ૧૦/૧૧)

'હે અર્જુન! એમના ઉપર અનુગ્રહ કરવા માટે, એમના અન્તઃકરણમાં રહેલો હું પોતે જ, એમના અજ્ઞાનજનિત અન્ધકારને ઝળહળતા તત્ત્વજ્ઞાનરૂપી દીપક દ્વારા નષ્ટ કરી દઉં છું.'

બસ, આપણે તો કેવળ ભગવાનના આ અનુગ્રહને પ્રાપ્ત કરવાનો છે. એને પ્રાપ્ત કરવાનો સર્વોત્તમ અને સૌથી સરળ ઉપાય છે – ભગવાનની અનન્ય ભક્તિ; જેનો ઉલ્લેખ ભગવાને સ્વયં ગીતામાં કરી દીધો છે. ભગવાન કહે છે—

મચ્ચિત્તા મદ્‌ગતપ્રાણા બોધયન્તઃ પરસ્પરમ્ ।
કથયન્તશ્ચ માં નિત્યં તુષ્યન્તિ ચ રમન્તિ ચ ॥
તેષાં સતતયુક્તાનાં ભજતાં પ્રીતિપૂર્વકમ્ ।
દદામિ બુદ્ધિયોગં તં યેન મામુપયાન્તિ તે ॥
(ગીતા ૧૦/૯-૧૦)

'નિરંતર મારામાં મન પરોવી રાખનારા અને મારામાં જ પ્રાણોને અર્પણ કરી રાખનારા ભક્તજનો, મારી ભક્તિની ચર્ચા દ્વારા પરસ્પર

મારા પ્રભાવને ઓળખાવતા તથા ગુણ અને પ્રભાવસહિત મારું કથન કરતા જ નિત્ય-નિરંતર સંતોષી રહે છે અને મુજ વાસુદેવમાં જ નિરંતર રમ્યા કરે છે. નિરંતર મારા ધ્યાન વગેરેમાં પરોવાયેલા અને પ્રેમથી ભજનારા એ ભક્તોને હું એવો તત્ત્વજ્ઞાનરૂપી યોગ આપું છું, જેનાથી એ ભક્તો મને જ પામે છે.' આ બંને શ્લોકોમાં ભગવાને પોતાના પરમ બુદ્ધિમાન અનન્યપ્રેમી ભક્તોની ભક્તિનો પ્રકાર જણાવીને પોતાની પ્રાપ્તિ માટે ભક્તિરૂપી પરમ સાધનના સરળતમ ઉપાયોનું દિશાસૂચન કર્યું છે. એમનો આશય એ છે કે એ પ્રેમી ભક્તો ભગવાનને જ પોતાના પરમ પ્રેમાસ્પદ, પરમ સુહૃદ અને પરમ આત્મીય સમજીને પોતાના ચિત્તને અનન્યભાવે એમનામાં જ પરોવી દે છે. ભગવાન સિવાય કોઈ પણ વસ્તુમાં એમની પ્રીતિ, આસક્તિ કે રમણીય બુદ્ધિ નથી રહેતી; તેઓ સદાય ભગવાનનાં નામ, રૂપ, લીલા, ધામ, અને ગુણ-પ્રભાવનું ચિંતન કરતા રહે છે – શાસ્ત્રવિધિ અનુસાર સઘળાં કર્મો કરતાં કરતાં, ઊઠતાં-બેસતાં, સૂતાં-જાગતાં, હરતાં-ફરતાં, ખાતાં-પીતાં – સર્વકાળે, વ્યવહારકાળમાં અને એકાંત સાધનકાળમાં પણ, કદી ક્ષણમાત્ર માટે પણ ભગવાનને નથી ભૂલતા; એમનું જીવન ભગવાનને અર્પિત થયેલું હોય છે અને તેથી એમની ઇન્દ્રિયોની સઘળી ક્રિયાઓ કેવળ ભગવાનને માટે જ થાય છે, એમના માટે ક્ષણમાત્રનો પણ ભગવાનનો વિયોગ અસહ્ય થઈ પડે છે.

તદર્પિતાખિલાચારિતા તદ્વિસ્મરણે પરમવ્યાકુલતા ।

(નારદભક્તિસૂત્ર ૧૯)

તેઓ ભગવાનને ખાતર જ પ્રાણ ધારણ કરે છે; ખાવા-પીવાની, હરવા-ફરવાની, સૂવા-જાગવાની વગેરે કોઈ પણ ક્રિયામાં એમનું પોતાનું કશું પ્રયોજન જ નથી રહેતું, એ લોકો જે કંઈ પણ કરે છે, બધું ભગવાનને ખાતર જ. એ લોકો ભગવાનમાં શ્રદ્ધા-ભક્તિ રાખનારા પ્રેમી ભક્તોની વચ્ચે પરસ્પર ભગવાનનો બોધ કરાવવાના ઉદ્દેશ્યથી પોત-પોતાના અનુભવ મુજબ ભગવાનનાં ગુણ, પ્રભાવ, તત્ત્વ, રહસ્ય અને લીલા-માહાત્મ્યને સમજતાં-સમજાવતાં શ્રદ્ધાપ્રીતિપૂર્વક ભગવદ્‌વિષયનું જ કથન કરતા રહે છે; અને આ રીતે દરેક ક્રિયામાં નિરંતર પરમ આનંદનો અનુભવ કરીને નિત્ય સંતુષ્ટ રહે છે; એમને ભગવદ્‌વિષયની વાતોના શ્રવણ, મનન, કીર્તન અને પઠન-પાઠનથી જ પરમ શાંતિ, આનંદ અને સંતોષ પ્રાપ્ત થાય છે, સાંસારિક વસ્તુઓ સાથે એમના આનંદ અને સંતોષનો જરા પણ સંબંધ નથી રહેતો; અને એ લોકો ભગવાનનાં નામ, ગુણ, પ્રભાવ, લીલા, સ્વરૂપ, તત્ત્વ અને રહસ્યનું યથાયોગ્ય શ્રવણ, મનન અને કીર્તન કરતાં કરતાં તેમજ એમની રુચિ, આજ્ઞા અને સંકેત અનુસાર કેવળ એમનામાં પ્રેમ થાય એ માટે જ દરેક ક્રિયા કરતાં કરતાં, મન દ્વારા એમને સદા-સર્વદા પ્રત્યક્ષવત્ પોતાની સમીપ સમજીને નિરંતર પ્રીતિપૂર્વક એમનાં દર્શન, સ્પર્શ અને એમની સાથે વાર્તાલાપ વગેરે ક્રીડા કરતાં કરતાં એમનામાં જ નિરંતર રમણ કરતા રહે છે. એ ભક્તો વિષયભોગોની કામનાને માટે ભગવાનને નથી ભજતા, પણ કોઈ પ્રકારનું પણ ફળ ન ઇચ્છતાં કેવળ નિષ્કામ અનન્ય પ્રેમપૂર્વક જ નિરંતર ભક્તિ કરે છે, આવા અનન્ય પ્રેમી ભક્તોને ભગવાન એવો બુદ્ધિયોગ પ્રદાન કરે છે - એમના અંતઃકરણમાં પોતાના પ્રભાવ અને રહસ્યસહિત નિર્ગુણ-નિરાકાર તત્ત્વને તથા લીલા, રહસ્ય, ગુણ અને પ્રભાવ વગેરે સહિતના સગુણ

નિરાકાર અને સાકાર તત્ત્વને યથાર્થપણે સમજવાની શક્તિ પ્રદાન કરી દે છે, જેથી તેઓ ભગવાનનો સાક્ષાત્કાર કરીને સહજ રીતે જ એમને પ્રાપ્ત કરી લે છે. આ રીતે ભગવત્કૃપાથી એ પ્રેમી ભક્તોના હૃદયના અંધકારનો સર્વ રીતે નાશ થઈને એમાં સદાને માટે જ્ઞાનનો પ્રકાશ છવાઈ જાય છે. અને તેઓ ભગવાનની આ સહાયતાથી ભગવાનને પામીને સફળજીવનના થઈ જાય છે.

આપણે પણ ભગવાનની આ અનવરત વરસનારી અપાર અનંત અસીમ કૃપા તરફ ધ્યાન રાખીને એનો ખરો લાભ લેતાં લેતાં આપણા જીવનને કૃતાર્થ કરવું જોઈએ. આપણે આપણા અત્યાર સુધીના જીવન પર દૃષ્ટિ નાખવી જોઈએ. કેટલા દુઃખની બાબત છે કે આપણું આટલું આયુષ્ય વ્યર્થ પ્રમાદમાં ચાલ્યું ગયું. જે મહત્ત્વના કામ માટે આપણે માનવ-શરીરમાં આવ્યા હતા, એને તો સાવ ભૂલી જ ગયા. આમ સુઅવસર મેળવીને પણ જો આપણે નહીં ચેતીએ તો આપણે માટે એ ઘણી જ હાનિકારક વાત કહેવાશે. શ્રુતિ ભગવતી આપણને ચેતવી રહી છે–

ઈહ ચેદવેદીદથ સત્યમસ્તિ
ન ચેદિહાવેદીન્મહતી વિનષ્ટિઃ।
ભૂતેષુ ભૂતેષુ વિચિત્ય ધીરાઃ
પ્રેત્યાસ્માલ્લોકાદમૃતા ભવન્તિ ॥

(કેન૦ ૨/૫)

'જો આ મનુષ્ય-જન્મમાં જ ભગવાનને જાણી લીધા તો ઘણી સારી વાત છે, અને જો આ જન્મમાં ન જાણ્યા તો ઘણી મોટી હાનિ છે. માટે ધીર પુરુષો સઘળા ભૂતોમાં રહેલા સર્વાન્તર્યામી પરમાત્માને ઓળખી જાય છે, જેથી આ લોકમાંથી પ્રયાણ કર્યા પછી તેઓ અમૃતસ્વરૂપ બની જાય છે એટલે કે એ અમૃતમય પરમાત્માને પામી જાય છે.'

નચિકેતાને ઉપદેશ આપતાં યમરાજ કહે છે–

ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધત।
ક્ષુરસ્ય ધારા નિશિતા દુરત્યયા।
દુર્ગં પથસ્તત્કવયો વદન્તિ ॥

(કઠ૦ ૧/૩/૧૪)

'ઊઠો, જાગો અને શ્રેષ્ઠ પુરુષો પાસે જઈને એ જ્ઞાન પ્રાપ્ત કરો. કેમકે તત્ત્વજ્ઞ પુરુષો એ માર્ગને છરાની તીક્ષ્ણ અને દુસ્તર ધારના જેવો દુર્ગમ જણાવે છે.' માટે જ્યાં સુધી મૃત્યુ દૂર છે, વૃદ્ધાવસ્થા નથી આવી, શરીર રોગીષ્ટ બનીને જર્જર નથી થયું, એ પહેલાં જ આત્મકલ્યાણનું કામ કરી લેવું જોઈએ. નહીં તો પછી ઘણો પશ્ચાત્તાપ કરવા છતાં પણ કશું કામ નહીં થાય.

શ્રીતુલસીદાસજીએ કહ્યું છે–

સો પરત્ર દુખ પાવઇ સિર ધુનિ ધુનિ પછિતાઇ ।
કાલહિ કર્મહિ ઈસ્વરહિ મિથ્યા દોષ લગાઇ ॥

માટે પહેલાંથી જ સાવધાન થઈ જવું જોઈએ. આ એશ-આરામ, મોજ-શોખ, ભોગ-વિલાસના પદાર્થોમાં ફસાઈને એમના સેવનમાં આપણું ઘણું મૂલ્યવાન આયુષ્ય વિતાવવું એ તો જીવનને ધૂળધાણી કરવા બરાબર છે. આ વિષયોમાં જણાઈ આવતું સુખ વાસ્તવમાં સુખ નથી. આપણને ભ્રમને લીધે દુઃખ જ સુખરૂપે ભાસી રહ્યું છે. માટે કલ્યાણવાંછુ વિવેકી મનુષ્ય માટે ઉચિત છે કે એ બધાને છેતરામણી વસ્તુઓ સમજીને દૂરથી જ ત્યાગી દેવા. ગીતામાં ભગવાન કહે છે–

યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે।
આદ્યન્તવન્તઃ કૌન્તેય ન તેષુ રમતે બુધઃ॥

(ગીતા ૫/૨૨)

'જે આ ઇન્દ્રિય અને વિષયોના સંયોગથી

ઉત્પન્ન થતા સર્વ ભોગો છે, તે બધા - જો કે વિષયી માણસોને સુખસ્વરૂપ ભાસે છે, તો પણ - નિઃશંકપણે દુઃખના જ હેતુ છે; વળી આદિ-અન્તવાળા એટલે કે અનિત્ય છે, માટે હે કૌન્તેય! ડાહ્યો અને વિવેકી માણસ એમનામાં આસક્ત રહેતો નથી.'

યોગદર્શનમાં કહ્યું છે–

પરિણામતાપસંસ્કારદુઃખૈર્ગુણવૃત્તિવિરોધાચ્ચ દુઃખમેવ સર્વં વિવેકિનઃ ।

(સાધનપાદ ૧૫)

'પરિણામ-દુઃખ, તાપદુઃખ, સંસ્કાર-દુઃખ – વગેરે અનેક દુઃખો ભળેલાં હોવાને લીધે તથા સાત્ત્વિક, રાજસ, તામસ વૃત્તિઓમાં વિરોધ હોવાને લીધે પણ વિવેકી પુરુષોની દૃષ્ટિએ સઘળાં વિષયસુખ દુઃખરૂપ જ છે.'

જો કોઈ મનુષ્ય અજ્ઞાનવશ આ વિષયસુખને સુખ પણ માને તો વિચાર કરતાં ખબર પડશે કે આ સુખ કેટલું અસ્થિર છે. દેશ, કાળ અને વસ્તુ દ્વારા પરિચ્છિન્ન હોવાને કારણે એ સુખ સર્વ રીતે ક્ષણભંગુર, વિનાશશીલ અને સાવ નજીવું જ છે. માટે જ તો બુદ્ધિશાળી નચિકેતાએ યમરાજ દ્વારા અનેક પ્રલોભનો આપવા છતાં પણ એમને આમ જ કહ્યું–

શ્વોભાવા મર્ત્યસ્ય યદન્તકૈત-
ત્સર્વેન્દ્રિયાણાં જરયન્તિ તેજઃ ।
અપિ સર્વં જીવિતમલ્પમેવ
તવૈવ વાહાસ્તવ નૃત્યગીતે ॥

(કઠ૦ ૧/૧/૨૬)

'હે યમરાજ! આ સઘળા ભોગો 'કાલે રહેશે કે નહીં' એ જાતના સંદેહયુક્ત તેમજ સઘળા ઇન્દ્રિયોના તેજને જીર્ણ કરનારા છે. એ ભોગો તો શું, આ આખું જીવન પણ ઘણું ઓછું જ છે. માટે આ આપના વાહન અને નાચ-ગાન આપની પાસે જ ભલે રહે, મારે એમની આવશ્યકતા નથી.' આ તો જીવનમાં આ ભોગોથી મળનારા સુખની વાત થઈ. મર્યા પછી તો એમાંથી કોઈ પણ પદાર્થ કોઈ પણ સ્થિતિમાં જરા જેટલો પણ કોઈની સાથે જઈ જ નથી શકતો.

કવિએ કહ્યું છે–

ચેતોહરા યુવતયઃ સુહૃદોઽનુકૂલાઃ
સદ્બાન્ધવાઃ પ્રણયગર્ભગિરશ્ચ ભૃત્યાઃ ।
ગર્જન્તિ દન્તિનિવહાસ્તરલાસ્તુરઙ્ગાઃ
સમ્મીલને નયનયોર્ન હિ કિઞ્ચિદસ્તિ ॥

'જેને અત્યંત મનોહારિણી સ્ત્રીઓ છે, અનુકૂળ મિત્રો છે, ઘણા જ સુયોગ્ય બન્ધુ-બાંધવો છે, પ્રેમથી મધુર વાણી બોલનારા સેવકો છે તથા જેના ઘરમાં ઘણા હાથીઓના સમૂહો ગરજી રહ્યા છે અને વેગવંત ઘોડાઓ હણહણી રહ્યા છે, એવા મનુષ્યની પણ જ્યારે આંખો મીંચાઈ જાય છે, ત્યારે ન તો કોઈ તેનું પોતાનું રહે છે કે ન કોઈ વસ્તુ એ વખતે એના કામે આવે છે.'

આ ધન-ઐશ્વર્ય વગેરે ભોગ્ય પદાર્થોની તો વાત જ શું, આ શરીર પણ આપણી સાથે નથી જઈ શકતું, અહીં જ ભસ્મીભૂત થઈ જાય છે. તો પછી કયો બુદ્ધિશાળી મનુષ્ય સંસારના આ નાશવંત પદાર્થોના સંગ્રહ અને એમના સેવનમાં પોતાનું આયુષ્ય નષ્ટ કરશે? વળી આપણે જોઈએ છીએ કે આ ધન-ઐશ્વર્ય વગેરે પદાર્થો તો આ જ જન્મે નષ્ટ થઈ જાય છે. આજનો ધનવાન કાલે રસ્તાનો કંગાળ માણસ બની જાય છે. માટે એ બધા માટે પરલોકની વાત તો વિચારવી એ જ મૂર્ખતા છે. આવી સ્થિતિમાં એમના સંગ્રહ તેમજ સેવનમાં માનવ-જીવનનો સમય વેડફવો એ જીવનનો ભયાનક દુરુપયોગ

કરવા બરાબર જ છે. ધનને જ લો. એના ઉપાર્જનમાં કેટલી હેરાનગતિ છે. જૂઠ, કપટ, ચોરી, બેઈમાની અને લૂંટી લૂંટીને અન્યાયથી કમાયેલું ધન પરિણામે આ લોક અને પરલોકમાં તો દુઃખરૂપ છે જ; સરકારી કાયદો ન તૂટે એ રીતે ન્યાય અને ધર્મ અનુસાર ધનનું ઉપાર્જન કરવામાં પણ કેટલો બધો પરિશ્રમ છે, એના પર પણ ધ્યાન આપવું જોઈએ. વળી, ધનના સંચય અને સંરક્ષણમાં પણ ઘણી હેરાનગતિ છે તથા એના વિયોગમાં તો ઘણું કષ્ટ થાય છે. શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે–

અર્થસ્ય સાધને સિદ્ધે ઉત્કર્ષે રક્ષણે વ્યયે ।
નાશોપભોગ આયાસસ્ત્રાસશ્ચિન્તા ભ્રમો નૃણામ્ ॥

(ભાગવત ૧૧/૨૩/૧૭)

'ધન કમાવાના લોભમાં, કમાઈ લીધા પછી તેમાં વૃદ્ધિ કરવામાં અને તેનું રક્ષણ કરવામાં, તે ખર્ચ કરવામાં, તેમજ ધન નાશ પામતાં અને તેનો ઉપભોગ કરતાં નિરંતર પરિશ્રમ, ફિકર, ભય અને ભ્રમનો સામનો કરવો પડે છે.'

જેમાં આ રીતે દુઃખ જ દુઃખ ભર્યું છે, સુખની કેવળ ભ્રાન્તિમાત્ર છે, એ ધનના ઉપાર્જન અને સંચયને જ પોતાના જીવનનું ઉદ્દેશ્ય માની લેવું અને એમાં જ દિવસરાત રચ્યા-પચ્યા રહેવું પ્રમાદ સિવાય બીજું શું છે? મનુષ્ય જો ગંભીરતાથી વિચાર કરીને જુએ તો એને જણાશે કે હાલના સમયમાં તો કેવળ શરીર-નિર્વાહ માત્રને માટે પણ ન્યાયપૂર્વક ધનોપાર્જન કરવું એ દુઃખ અને પરિશ્રમથી ભરેલું છે. આવી સ્થિતિમાં કયો સમજુ માણસ થોડાક એવા જીવન માટે ધનના સંગ્રહ માટે પોતાના અણમોલ સમયને મોટા સંકટમાં નાખીને ભયંકર પાપ વહોરશે અને એના ફળે પોતાના આ લોક અને પરલોકને અશાંતિ, દુઃખ અને નરકની પીડાથી ભરી દેશે.

આ જ વાત શરીરના પાલન-પોષણ અને ભોગોના ઉપભોગની બાબતમાં સમજવી જોઈએ. કોઈ પણ ભોગ આરંભ કર્યા વિના પ્રાપ્ત નથી થતો. શરીરના પાલન-પોષણ અથવા ભોગો ભોગવવા માટે કોઈકનો ને કોઈકનો તો આરંભ કરવો જ પડે છે. અને કોઈ પણ આરંભ પ્રયાસ અને પાપ વિના નથી થતો; ખાસ કરીને આજકાલના અર્થપ્રધાન આસુરી યુગમાં.

સર્વારમ્ભા હિ દોષેણ ધૂમેનાગ્નિરિવાવૃતાઃ ॥

(ગીતા ૧૮/૪૮)

'કેમકે ધૂમાડાથી અગ્નિની પેઠે સઘળાં કર્મો કોઈને કોઈ દોષથી યુક્ત છે.' માટે થોડું જીવવા માટે શરીરનિર્વાહ સિવાયના વિશેષ વિષયોપભોગ માટે ભોગ્ય પદાર્થોનો સંગ્રહ કરવો એ આ લોક અને પરલોકથી વંચિત થઈને પોતાની જાતને ભયાનક ભયમાં નાખવા બરાબર છે.

પૂર્ણ, વાસ્તવિક અને નિત્ય સુખ તો પરમાત્માની પ્રાપ્તિમાં છે. એમાં જ પરમ આનંદ અને શાશ્વતી શાંતિ છે. એ સુખ-શાંતિ દેશ, કાળ અને વસ્તુ દ્વારા અપરિચ્છિન્ન હોવાને કારણે નિત્ય, અસીમ, અપાર, સર્વોપરિ અને મહાન છે. એનો મહિમા કોઈ નથી જણાવી શકતું. ભગવાન કહે છે–

રાજવિદ્યા રાજગુહ્યં પવિત્રમિદમુત્તમમ્ ।
પ્રત્યક્ષાવગમં ધર્મ્યં સુસુખં કર્તુમવ્યયમ્ ॥

(ગીતા ૯/૨)

'આ વિજ્ઞાનસહિત જ્ઞાન સઘળી વિદ્યાઓનો રાજા, સઘળા ગોપનીયોનો રાજા, અતિ પવિત્ર, ઘણું ઉત્તમ, પ્રત્યક્ષ ફળ અનુભવી શકાય એવું, ધર્મયુક્ત, સાધન કરવામાં સાવ સહેલું અને અવિનાશી છે.'

જે પરમાનંદસ્વરૂપ પરમેશ્વરની પ્રાપ્તિ થતાં મનુષ્ય મોટામાં મોટાં દુઃખો પ્રાપ્ત થવા છતાં

પણ એમાં વિચલિત નથી થતો--

યસ્મિન્ સ્થિતો ન દુઃખેન ગુરુણાપિ વિચાલ્યતે ॥

(ગીતા ૬/૨૨)

જેને પ્રાપ્ત કરવામાં કશો વિશેષ આયાસ કે શ્રમ પણ નથી, જે ભગવત્કૃપાથી સહજપણે જ પ્રાપ્ત થઈ શકે છે, જેની પ્રાપ્તિનાં સાધનો પણ સાવ સુગમ છે અને એ સાધનો કરતી વેળાએ પણ એટલે કે પરમેશ્વરનાં ભક્તિ, ધ્યાન, સત્સંગ-સ્વાધ્યાય વગેરેનું સાધન કરતી વેળાએ પણ સુખ, શાંતિ, પ્રસન્નતા અને આનંદ પ્રત્યક્ષ જોવા મળે છે, માટે બુદ્ધિશાળી મનુષ્ય માટે એ ઉચિત છે કે એ આવા પરમાનંદસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરવા માટે પોતાના જીવનને ઉત્તરોત્તર ઉન્નત બનાવતાં બનાવતાં એક ક્ષણ પણ વ્યર્થ ન જાય, એનું દરેક ક્ષણે ધ્યાન રાખીને કટિબદ્ધ થઈને પ્રયત્ન કરે. આ રીતે દિવસ-રાત ભક્તિમાં પરોવાયેલા રહેવું એ જ જીવનમાં ખરી જ્યોતિ પ્રગટાવવા બરાબર છે - નિત્યસુખરૂપી પ્રકાશનો વિસ્તાર કરવા બરાબર છે. આ જ ખરી દીવાળીનો ખરો આનંદ છે.

—★—

અમૃત-કણ

૧. મનુષ્ય-જીવનનો સમય ઘણો અણમોલ છે. એ વારંવાર નથી મળી શકતો. માટે એને ઉત્તરોત્તર ભક્તિ-ધ્યાનમાં ગાળવો જોઈએ.

૨. મૃત્યુ કોઈને સૂચના આપીને નથી આવતું, અચાનક જ આવે છે; જો ભગવાનના સ્મરણ વિના જ મૃત્યુ થઈ ગયું તો આ જન્મ વ્યર્થ જ ગયો સમજવો. મૃત્યુ ક્યારે આવી જાય એનો કોઈ ભરોસો નથી. માટે ભગવાનનું સ્મરણ કરવાનું કામ પણ ભૂલવું નહીં.

૩. મનુષ્યે વિચારવું કે હું કોણ છું, શું કરી રહ્યો છું અને કયા કામમાં મારે સમય વિતાવવો જોઈએ. બુદ્ધિપૂર્વક વિચાર કરીને વાસ્તવમાં જેમાં આપણું પરમ હિત હોય, એ જ કામ કરવું જોઈએ.

૪. જો આપણા આત્માનો ઉદ્ધાર કરવો હોય તો બધી પળોજણને જતી કરીને બધો સમય ભગવાનની ભક્તિ કરવી.

૫. ભગવાન સિવાય બીજે ક્યાંય પણ મન ન પરોવવું, જે ભગવાન સિવાય બીજા કોઈનો ભક્ત નથી, એ જ અનન્યભક્ત છે.

૬. પોતાની બુદ્ધિથી વિચાર કરવો કે શું કરવું સારું છે અને શું કરવું ખરાબ. જે ખરાબ છે એને છોડી દેવું અને જે સારું હોય એના પાલનમાં તત્પર થઈ જવું.

૭. ભગવાનનાં ભક્તિ-સાધન કરવામાં જો શરીર સુકાવા માંડે, મૃત્યુ પણ થઈ જાય તો કશો વાંધો નહીં.

૮. જ્યારે શરીર માટે સંઘરેલા સંસારના પદાર્થો સાથે નથી જઈ શકતા, તો એમના માટે પોતાનો અણમોલ સમય આપવો વ્યર્થ છે. જગતમાં જેટલા મનુષ્યો છે, ઘણું કરીને કોઈને પણ પોતાના પૂર્વજન્મનું જ્ઞાન નથી. એ જ રીતે આ હાલના ઘરને છોડીને ચાલ્યા જઈશું ત્યારે એને પણ ભૂલી જઈશું તો પછી આ પરિવાર અને ધન શા માટે ભેગું કર્યું? એ આપણા શું કામમાં આવશે? જ્યારે પછી આ કોઈ પણ કામમાં નથી આવવાનું તો આપણે માટે ઉચિત છે કે આ લૌકિક સંપત્તિનો મોહ છોડીને દૈવી સંપત્તિનો ભંડાર ભરીએ. આપણા હૃદયમાંથી દુર્ગુણ-દુરાચારો

દૂર કરીને એમાં સદ્‌ગુણ-સદાચારો ભરીએ.

૯. સાધન ન થવામાં અશ્રદ્ધા જ મુખ્ય કારણ છે, એને દૂર કરવી જોઈએ.

૧૦. ઈશ્વરે આપણને જે કંઈ પણ તન, મન, ધન, કુટુંબ, વિદ્યા, બળ, બુદ્ધિ, વિવેક વગેરે આપ્યું છે, એને ઈશ્વરની સેવામાં જ અર્પવું જોઈએ. જે રીતે પતિવ્રતા સ્ત્રી દરેક કાર્યમાં પતિની પ્રસન્નતાનું ધ્યાન રાખે છે, એ જ રીતે આપણે જે પણ કાર્ય કરીએ, પહેલાં વિચારી લેવું કે એનાથી ભગવાન પ્રસન્ન છે કે નહીં. એ જ કાર્ય કરીએ, જેથી ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થાય.

૧૧. કઠપૂતળીને સૂત્રધાર જેમ નચાવે છે, એ રીતે જ એ નાચે છે. એ જ રીતે ભગવાનની આજ્ઞા અનુસાર ચાલવું. જેમ એ કરાવે, એમ જ કરવું.

૧૨. ભગવાનની ભક્તિમાં કોઈ પણ જાતિ અને વર્ણ માટે કશી અડચણ નથી, આવશ્યકતા છે તો માત્ર વિશુદ્ધ પ્રેમની.

૧૩. બધો વખત ભગવાનને સ્મરણમાં રાખીને જ સમસ્ત કાર્યો કરવાં. ભગવાનની સ્મૃતિરૂપી સૂર્યની સામે અંધકાર નથી રહી શકતો. ભગવત્સ્મૃતિથી સઘળા દોષો આપમેળે જ દૂર થઈ જાય છે.

૧૪. પોતાના પર ભગવાનની અને મહાપુરુષોની વિશેષ દયા સમજીને એવો અનુભવ કરવો કે આપણી દિવસે દિવસે ઉન્નતિ થઈ રહી છે, સદ્‌ગુણોનો વિકાસ, આસુરી સંપત્તિનો નાશ અને દૈવી સંપત્તિની વૃદ્ધિ થઈ રહી છે તેમજ સાધન પ્રત્યક્ષપણે વધી રહ્યું છે.

૧૫. શ્રીબલરામજીને ગાય-વાછરડાં અને ગોવાળો - સૌમાં ભગવાન જ દેખાતા હતા, એ જ રીતે સઘળાં પ્રાણીઓમાં ભગવાનને જોવા અને એ રીતે જોઈ-જોઈને મુગ્ધ થતા રહેવું.

૧૬. ભગવાનનું બધું વિધાન જીવોના વાસ્તવિક કલ્યાણ માટે જ હોય છે.

૧૭. કળિયુગમાં ભગવાન થોડાક જ સાધનથી મળી જાય છે. આપણને આવો અવસર મળી ગયો છે, હવે એ છોડવો ન જોઈએ.

૧૮. આપણી પ્રતિકૂળ જે ઘટના બને એને ભગવાનનો મોકલેલો પુરસ્કાર સમજવો; એમાં ગભરાવું નહીં, બલકે પરમ આનંદનો અનુભવ કરવો. વિપત્તિ જે પણ આવે છે, ભગવાનની મોકલેલી આવે છે! માટે એને વહાલાનો પ્રસાદ સમજવો અને આનંદમાં મગ્ન થઈ જવું. વિપત્તિમાં ભગવાનને જોવા, કેમકે વિપત્તિમાં ભગવાનનો છુપાયેલો પ્રેમભર્યો હાથ હોય છે.

૧૯. મનુષ્યની માન્યતા ફળે છે. જે જેવું માને છે, એને એવું જ ફળ મળે છે. માટે સારામાં સારી ભાવના કરવી જોઈએ. ભાવનામાં કંજૂસાઈ શા માટે?

૨૦. માન્યતા કરવાથી એને અનુરૂપ જ અનુભવ થઈ જાય છે, અનુભવ થયા બાદ એવી જ સ્થિતિ થઈ જાય છે.

૨૧. નિત્યકર્મ, સાધન, ભજન - સૌમાં ઊંચામાં ઊંચો ભાવ લાવવો જોઈએ.

૨૨. બધો સમય પોતાના પર ભગવાનની કૃપા સમજવી, કૃપા સમજવામાં સત્સંગ અને સ્વાધ્યાય – એ બે સહાયક છે. અભિપ્રાય એ છે કે ભગવત્સંબંધી વાતોનું શ્રવણ, મનન, પઠન, કથન અને આલોચન કરવું.

૨૩. ભગવાનના વિષયમાં આ બાર બાબતો વિશેષ મનન કરવા યોગ્ય છે - (૧) નામ, (૨) રૂપ, (૩) લીલા, (૪) ધામ, (૫) તત્ત્વ, (૬) રહસ્ય, (૭) ગુણ, (૮) પ્રભાવ,

(૯) શ્રદ્ધા, (૧૦) પ્રેમ, (૧૧) શાંતિ અને (૧૨) આનંદ.

૨૪. ચાર બાબતો ઘણી સારી છે - (૧) ભગવાનના નામનો જપ, (૨) એમના સ્વરૂપનું ધ્યાન, (૩) સત્સંગ (સત્પુરુષનો સંગ અને સત્-શાસ્ત્રોનું મનન), (૪) સેવા. સાધનની આ ચતુઃસૂત્રી છે. અમને તો પોતાના ૬૦ વર્ષના જીવનમાં આ ચાર વાતો બધાના સારરૂપે મળી છે.

૨૫. વૈરાગ્ય, નિષ્કામભાવ, સત્યભાષણ અને શાસ્ત્રે જણાવેલી મર્યાદા મુજબનું આચરણ - આ ચાર વાતો માટે પણ મારો ખાસ અનુરોધ છે. પરમાર્થના માર્ગે ચાલનારાઓએ આમના પાલન પર ખાસ જોર આપવું જોઈએ.

૨૬. ચાર વસ્તુઓને ઝેર જેવી ગણીને બિલકુલ ત્યાગી દેવી - (૧) પાપ, (૨) ભોગ, (૩) પ્રમાદ અને (૪) આળસ.

૨૭. સાધનમાં પાંચ ઘણી મોટી ખીણ છે - (૧) કંચન, (૨) કામિની, (૩) શરીરનો આરામ, (૪) માન અને (૫) યશ (કીર્તિ).

૨૮. બીજાના ગુણો જ હંમેશાં જોવા, અવગુણ કદી ન જોવા. મનુષ્યે ગુણગ્રાહી બનવું જોઈએ.

૨૯. એક હોય છે સેવા અને બીજી છે પરમ સેવા. સેવા તો એ કે બીજાના લૌકિક હિત માટે, શારીરિક સુખ પહોંચાડવા માટે પોતાનું તન, મન, ધન જોડી દેવું. કોઈ પીડિત મનુષ્યને અન્ન, જળ, વસ્ત્ર, ઔષધ વગેરે પોતાની યોગ્યતા અનુસાર આપી દેવાં, આ એની ભૌતિક સેવા છે. પરમ સેવા એ છે કે કોઈને ભગવાનના માર્ગે વાળવો તથા જે મનુષ્યો ભગવાનના માર્ગે વળેલા છે એમના માટે, એમના સાધનમાં સહાયરૂપ આવશ્યક વસ્તુઓની પૂર્તિ કરવી, સાધનની અન્ય સુવિધાઓ પ્રદાન કરવી તથા એમને સત્સંગમાં જોડવા - આ રીતે ભગવચ્ચર્ચા વગેરે દ્વારા સાધનની ઉન્નતિમાં હેતુ બનવું; અને કોઈ મરી રહ્યો હોય, એને ગીતા, રામાયણ, ભગવન્નામ વગેરે સંભળાવવાં. આ પારમાર્થિક સેવા છે. આ જ પરમ સેવા છે. લાખ માણસોની ભૌતિક સેવા કરતાં એક માણસની પરમ સેવા ચઢિયાતી છે.

૩૦. ભગવાન પાસે માંગવું જ હોય તો એવું માંગવું કે સઘળા જીવોનું કલ્યાણ થઈ જાય, બધાં સુખી થાય. આ રીતે સકામ ભાવે કરવામાં આવેલી પ્રાર્થના પણ નિષ્કામ બરાબર જ છે.

૩૧. વક્તા અને શ્રોતા બંને જો પાત્ર હોય તો અસર વધુ થાય છે. બંનેમાંથી એક પાત્ર હોય તો ઓછી અસર થાય છે અને જો બંને અપાત્ર હોય તો અસર નહીંવત્ થાય છે.

૩૨. મહાપુરુષોની કોઈ પણ ક્રિયા પ્રયોજન વિના નથી થતી. એમની સઘળી ક્રિયાઓ બીજા લોકોના હિત માટે - કલ્યાણને માટે જ થાય છે. એ કોઈની પાસેથી કામ કરાવે છે તો એના કલ્યાણને માટે જ, પોતાના માટે નહીં.

૩૩. મહાન પુરુષો કદી પોતાને મહાન નથી માનતા. શ્રેષ્ઠ પુરુષો કદી પોતાની બડાઈ નથી ઇચ્છતા.

૩૪. જે મહાત્માઓ પરમાત્મામાં મળી જાય છે, એ પરમાત્મસ્વરૂપ જ બની જાય છે. પરમાત્માની પૂજા જ એમની પૂજા છે.

૩૫. મહાત્મા પુરુષોનાં દર્શનથી, એમની સાથે વાર્તાલાપ કરવાથી મનુષ્ય પવિત્ર થઈ જાય - એમાં તો કહેવું જ શું, એમનું સ્મરણ

કરવાથી પણ અંતઃકરણ પવિત્ર થઈ જાય છે.

૩૬. ભગવાનનો એ નિયમ છે કે **'યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।'** જે મને જેવી રીતે ભજે છે, એ જ રીતે હું એમને ભજું છું. પણ મહાત્માઓનો આવો નિયમ નથી. એમનો નિયમ આનાથી જુદો છે, એ છે - 'જેઓ અમને નથી પણ ભજતા, એમને પણ અમે ભજીએ છીએ.'

૩૭. જેમ આગમાં ઘાસ નાખવામાં આવે તો એ આગ થઈ જાય છે અને ઘાસમાં આગ નાખવામાં આવે તો પણ આગ થઈ જાય છે. એ જ રીતે મહાત્માની પાસે અજ્ઞાની જાય તો એ પણ મહાત્મા બની જાય છે અને અજ્ઞાનીઓ પાસે મહાત્મા ચાલ્યો જાય તો પણ એ અજ્ઞાની મનુષ્ય મહાત્મા બની જાય છે; કેમકે, મહાત્માઓની પાસે જ્ઞાનાગ્નિ છે, એનાથી અજ્ઞાન નાશ પામે છે.

૩૮. મહાત્માઓનું જ્ઞાન અમોઘ - અવ્યર્થ છે. એમનો સંગ, દર્શન, ભાષણ, સ્મરણ - બધાં જ મહાન ફળ આપનારાં છે.

૩૯. એક દીવામાંથી જ્યારે લાખો દીવા પ્રગટી શકે છે તો સંસારમાં એક મહાત્માના હાજર રહેતાં સૌ મહાત્મા કેમ ન બની શકે.

૪૦. મહાત્માનું યથાર્થ તત્ત્વ જાણવાથી મનુષ્ય મહાત્મા જ બની જાય છે, જે રીતે પરમાત્માનું તત્ત્વ જાણવાથી એ પરમાત્મા બની જાય છે.

૪૧. મહાત્માનું તત્ત્વ ત્યારે જાણમાં આવે છે, જ્યારે મનુષ્ય એમની આજ્ઞા અનુસાર આચરણ કરે છે.

—★—

ઉપનિષદોમાં ભેદ અને અભેદ-ઉપાસના

ॐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥
ॐ શાન્તિઃ શાન્તિઃ શન્તિઃ ।
(બૃહદારણ્યક ૫/૧/૧)

'એ સચ્ચિદાનંદઘન પરમાત્મા પોતાનામાં પરિપૂર્ણ છે, આ સંસાર પણ એ પરમાત્માથી પરિપૂર્ણ છે; કેમકે એ પૂર્ણ બ્રહ્મ પરમાત્માથી જ આ પૂર્ણ (સંસાર) પ્રગટ થયેલ છે; પૂર્ણ (સંસાર)ના પૂર્ણ (પૂરક પરમાત્મા)ને સ્વીકારીને એમાં સ્થિત થવાથી એ સાધક માટે એક પૂર્ણ બ્રહ્મ પરમાત્મા જ અવશિષ્ટ રહી જાય છે.'

હિંદુ શાસ્ત્રોનું મૂળ વેદો છે, વેદો અનંત જ્ઞાનના ભંડાર છે, વેદોનો જ્ઞાનકાંડ એના શીર્ષસ્થાને છે અથવા એનો અંત છે, એ જ ઉપનિષદ્ કે વેદાંતના નામે ઓળખાય છે. ઉપનિષદોમાં બ્રહ્મના સ્વરૂપનો ખરો નિર્ણય કરવામાં આવ્યો છે અને સાથે સાથે એની પ્રાપ્તિ માટે ભિન્ન ભિન્ન શ્રદ્ધા, રુચિ અને સ્થિતિના સાધકો માટે ભિન્ન ભિન્ન ઉપાસનાઓનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એમાં જે પ્રતીક-ઉપાસનાનું વર્ણન છે, એને પણ એકદેશીય અને સર્વદેશીય – બેય રીતે કરવાનું કહેવામાં આવ્યું છે. આવી ઉપાસના સ્ત્રી, પુત્ર, ધન, અન્ન, પશુ વગેરે ઈહલોકના ભોગોની તથા નંદનવન, અપ્સરાઓ અને અમૃતપાન વગેરે સ્વર્ગીય ભોગોની પ્રાપ્તિના ઉદ્દેશ્યથી કરવાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તેમજ સાથે સાથે પરમાત્માની પ્રાપ્તિ કાજે પણ અનેક પ્રકારની ઉપાસનાઓ જણાવવામાં આવી છે. એમાંથી ઈહલોક અને પરલોકના ભોગોની પ્રાપ્તિના ઉદ્દેશ્યથી કરવામાં આવતી ઉપાસનાઓની બાબતમાં

અહીં કશું લખવાની જરૂર નથી. ઉપનિષદોમાં પરમાત્માની પ્રાપ્તિવિષયક ઉપાસનાઓનું જે વિસ્તૃત વિવેચન છે, એનું જ અહીં ઘણા સંક્ષેપમાં કંઈક દિશાસૂચન કરાવવામાં આવે છે.

ઉપનિષદોમાં પરમાત્માની પ્રાપ્તિ માટે દૃષ્ટાંત, ઉદાહરણ, રૂપક, સંકેત તથા વિધિ-નિષેધાત્મક વિવિધ વાક્યો દ્વારા વિવિધ યુક્તિઓથી અનેક જાતનાં સાધનો જણાવવામાં આવ્યાં છે; એમાંથી કોઈ પણ એક સાધન મુજબ સંલગ્ન થઈને અનુષ્ઠાન કરવાથી મનુષ્યને પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે. ઉપનિષદ્‌માં કહેલાં સઘળાં સાધન (૧) ભેદોપાસના અને (૨) અભેદોપાસના – આ બે ઉપાસનાઓની અંતર્ગત આવી જાય છે. ભેદોપાસનાના પણ બે પ્રકાર છે. એક તો એ, જેમાં સાધનમાં ભેદભાવના રહે છે અને ફળમાં પણ ભેદ જ રહે છે; અને બીજી એ, જેમાં સાધનકાળમાં તો ભેદ રહે છે, પણ ફળમાં અભેદ હોય છે. પહેલાં ક્રમાનુસાર આપણે ભેદોપાસના પર જ વિચાર કરીએ.

ભેદોપાસના

ભેદોપાસનામાં ત્રણ પદાર્થો અનાદિ માનવામાં આવે છે – (૧) માયા (પ્રકૃતિ), (૨) જીવ અને (૩) માયાપતિ પરમેશ્વર. આ ત્રણનું વર્ણન ઉપનિષદોમાં ઘણી જગ્યાએ આવે છે. પ્રકૃતિ જડ છે અને એનું કાર્ય એવો દૃશ્યવર્ગ જડ હોવાને લીધે ક્ષણિક, નાશવંત અને પરિણામી પણ છે. જીવાત્મા અને પરમેશ્વર - બેય નિત્ય, ચેતન અને આનંદસ્વરૂપ છે, પણ છતાં જીવાત્મા અલ્પજ્ઞ છે અને પરમેશ્વર સર્વજ્ઞ છે; જીવ અસમર્થ છે અને પરમેશ્વર સર્વસમર્થ છે; જીવ અંશ છે અને પરમેશ્વર અંશી છે; જીવ ભોક્તા છે અને પરમેશ્વર સાક્ષી છે તથા જીવ ઉપાસક છે અને પરમેશ્વર ઉપાસ્ય છે. એ પરમેશ્વર સમયે સમયે પ્રગટ થઈને જીવોના કલ્યાણ માટે ઉપદેશ પણ આપે છે.

આ વિષયમાં કેનોપનિષદ્‌માં એક ઇતિહાસ આવે છે. એક વખત પરમેશ્વરના પ્રતાપથી સ્વર્ગના દેવતાઓએ અસુરો પર વિજય મેળવ્યો. પણ દેવતાઓ અજ્ઞાનને લીધે અભિમાનવશ એવું માનવા માંડ્યા કે અમારા જ પ્રભાવથી આ વિજય થયો છે. દેવતાઓનું આ અજ્ઞાનપૂર્ણ અભિમાન દૂર કરીને એમનું હિત સાધવા માટે સ્વયં સચ્ચિદાનંદઘન પરમાત્મા એ દેવતાઓ સમક્ષ સગુણ-સાકાર યક્ષના રૂપમાં પ્રગટ થયા. યક્ષનો પરિચય જાણવા માટે ઇન્દ્ર વગેરે દેવતાઓએ પહેલાં અગ્નિને મોકલ્યા. યક્ષે અગ્નિને પૂછ્યું - 'તમે કોણ છો અને તમારું શું સામર્થ્ય છે?' એમણે ઉત્તર આપ્યો, 'હું જાતવેદા અગ્નિ છું અને ઇચ્છું તો આખા બ્રહ્માંડને બાળી શકું એમ છું.' યક્ષે એક તણખલું મૂક્યું અને એને બાળવા કહ્યું, પણ અગ્નિ દેવતા એને બાળી ન શક્યા અને પાછા ફરીને દેવતાઓને એમણે કહ્યું, 'હું એ ન જાણી શક્યો કે આ યક્ષ કોણ છે.' એ પછી દેવતાઓએ મોકલેલા વાયુ દેવતા ગયા. એમને પણ યક્ષે એ જ પૂછ્યું, 'તમે કોણ છો અને તમારું શું સામર્થ્ય છે?' એમણે કહ્યું – 'હું માતરિશ્વા વાયુ છું અને ઇચ્છું તો આખા બ્રહ્માંડને ઉડાડી શકું એમ છું.' એટલે યક્ષે એમની સામે પણ એક તણખલું મૂક્યું, પણ તેઓ એને ઉડાડી ન શક્યા અને પાછા ફરીને એમણે પણ દેવતાઓને એ જ કહ્યું, 'હું આને ન જાણી શક્યો કે આ યક્ષ કોણ છે.' એ પછી સ્વયં ઇન્દ્રદેવ ગયા, એટલે યક્ષ અંતર્ધાન થઈ ગયા. ત્યારબાદ ઇન્દ્રે એ જ આકાશમાં હૈમવતી ઉમાદેવીને જોઈને એમને યક્ષ વિશે પૂછ્યું. ઉમાદેવીએ જણાવ્યું, 'એ બ્રહ્મ હતા અને એ બ્રહ્મના જ આ વિજયમાં તમે તમારો વિજય માનવા માંડ્યા હતા.' આ ઉપદેશથી જ ઇન્દ્રે

સમજી લીધું કે એ બ્રહ્મ છે. પછી અગ્નિ અને વાયુ દેવતા પણ એ બ્રહ્મને ઓળખી ગયા. એમણે બ્રહ્મને સર્વપ્રથમ જાણ્યા, માટે ઈન્દ્ર, અગ્નિ અને વાયુદેવતા અન્ય દેવતાઓ કરતાં શ્રેષ્ઠ માનવામાં આવ્યા.

આ કથાથી એ પણ સિદ્ધ થઈ જાય છે કે પ્રાણીઓમાં જે કંઈ પણ બળ, બુદ્ધિ, તેજ તેમજ વિભૂતિ છે, એ બધું પરમેશ્વરને લીધે જ છે. ગીતામાં પણ શ્રીભગવાને કહ્યું છે–

યદ્યદ્વિભૂતિમત્સત્ત્વં શ્રીમદૂર્જિતમેવ વા।
તત્તદેવાવગચ્છ ત્વં મમ તેજોંડશસમ્ભવમ્ ॥
(૧૦/૪૧)

'જે-જે પણ વિભૂતિયુક્ત એટલે કે ઐશ્વર્યસંપન્ન, શોભાયુક્ત અને શક્તિયુક્ત પદાર્થ છે, એને-એને તું મારા તેજના અંશની જ અભિવ્યક્તિ સમજ.'

આ રીતે ઉપનિષદોમાં ક્યાંક સાકારરૂપે અને ક્યાંક નિરાકારરૂપે, ક્યાંક સગુણરૂપે અને ક્યાંક નિર્ગુણરૂપે ભેદ-ઉપાસનાનું વર્ણન આવે છે. ત્યાં એ પણ જણાવવામાં આવ્યું છે કે ઉપાસક પોતાના ઉપાસ્ય દેવની જેવા ભાવે ઉપાસના કરે છે, એના ઉદેશ્ય અનુસાર જ એની કાર્ય-સિદ્ધિ થઈ જાય છે. કઠોપનિષદ્‌માં સગુણ-નિર્ગુણરૂપ ઓંકારની ઉપાસનાનું ભેદરૂપે વર્ણન કરતાં યમરાજ નચિકેતાને કહે છે–

એતદ્ધ્યેવાક્ષરં બ્રહ્મ એતદ્ધ્યેવાક્ષરં પરમ્।
એતદ્ધ્યેવાક્ષરં જ્ઞાત્વા યો યદિચ્છતિ તસ્ય તત્ ॥
એતદાલમ્બનઃ શ્રેષ્ઠમેતદાલમ્બનં પરમ્।
એતદાલમ્બનં જ્ઞાત્વા બ્રહ્મલોકે મહીયતે ॥
(૧/૨/૧૬-૧૭)

'આ અક્ષર જ તો બ્રહ્મ છે અને અક્ષર જ પરબ્રહ્મ છે; આ જ અક્ષરને જાણીને જે જેને ઈચ્છે છે, એને એ જ મળી જાય છે. આ જ ઉત્તમ આલંબન છે, આ જ સૌનો અંતિમ આશ્રય છે. આ આલંબનને સારી પેઠે ઓળખીને સાધક બ્રહ્મલોકમાં મહિમાન્વિત થાય છે.'

માટે કલ્યાણવાંછુ મનુષ્યોએ આ દુઃખરૂપી સંસાર-સાગરથી સદાને માટે પાર થઈને પરમેશ્વરને પામવા માટે જ એમની ઉપાસના કરવી, સાંસારિક પદાર્થો માટે નહીં. એ પરમેશ્વર આ શરીરની અંદર સૌના હૃદયમાં નિરાકારરૂપે સદા-સર્વદા વિરાજમાન છે, પણ એમને ન ઓળખવાને કારણે જ લોકો દુઃખી થઈ રહ્યા છે. જે એ પરમેશ્વરની ઉપાસના કરે છે એ એમને ઓળખી જાય છે અને માટે સઘળાં દુઃખો અને શોકસમૂહથી નિવૃત્ત થઈને પરમેશ્વરને પામી જાય છે. મુંડકોપનિષદ્‌માં પણ જણાવ્યું છે–

દ્વા સુપર્ણા સયુજા સખાયા સમાનં વૃક્ષં પરિષસ્વજાતે।
તયોરન્યઃ પિપ્પલં સ્વાદ્વત્ત્યનશ્નન્નન્યો અભિચાકશીતિ ॥
સમાને વૃક્ષે પુરુષો નિમગ્નોડનીશયા શોચતિ મુહ્યમાનઃ।
જુષ્ટં યદા પશ્યત્યન્યમીશમસ્ય મહિમાનમિતિ વીતશોકઃ ॥
યદા પશ્યઃ પશ્યતે રુક્મવર્ણં કર્તારમીશં પુરુષં બ્રહ્મયોનિમ્।
તદા વિદ્વાન્ પુણ્યપાપે વિધૂય નિરઞ્જનઃ પરમં સામ્યમુપૈતિ ॥
(૩/૧/૧-૩)

'એક સાથે રહેનારા અને પરસ્પર સખાભાવ રાખનારા બે પક્ષી (જીવાત્મા અને પરમાત્મા) એક જ વૃક્ષ (શરીર)નો આશ્રય લઈને રહે છે, એ બંનેમાંથી એક તો એ વૃક્ષનાં કર્મરૂપી ફળોનો સ્વાદ લઈ લઈને ઉપભોગ કરે છે, પણ બીજું પક્ષી નહીં ખાઈને માત્ર જોતું રહે છે. આ શરીરરૂપી સમાન વૃક્ષ ઉપર રહેતો જીવાત્મા શરીરની ઊંડી આસક્તિમાં ડૂબેલો છે અને અસમર્થતારૂપી દીનતાનો અનુભવ કરતો મોહિત થઈને શોક કરતો રહે છે; પણ જ્યારે કદી ભગવાનની નિર્હેતુક દયાથી ભક્તો વડે સદા સેવાયેલા તથા પોતાનાથી ભિન્ન એવા પરમેશ્વર અને એમના

મહિમાનો એ સાક્ષાત્કાર કરી લે છે, ત્યારે સર્વ રીતે શોકરહિત થઈ જાય છે તથા જ્યારે આ દ્રષ્ટા (જીવાત્મા) સૌના શાસક, બ્રહ્માના પણ આદિકારણ, આખા જગતના રચયિતા, દિવ્યપ્રકાશસ્વરૂપ પરમપુરુષનો સાક્ષાત્કાર કરી લે છે એ વખતે પુણ્ય-પાપ – બંનેથી રહિત થઈને નિર્મળ થયેલો એ જ્ઞાની ભક્ત સર્વોત્તમ સમતાને પામી જાય છે.'

એ સગુણ-નિર્ગુણ એવા પરમેશ્વર સઘળી ઇન્દ્રિયોથી રહિત હોવા છતાં પણ ઇન્દ્રિયોના વિષયોને જાણનારા છે. એ સૌની ઉત્પત્તિ અને પાલન કરનારા હોવા છતાં પણ અકર્તા જ છે. એ સર્વજ્ઞ, સર્વવ્યાપી, કારણ વિના દયાળુ અને પરમપ્રેમી હૃદયમાં રહેલા પરમેશ્વરની સ્તુતિ-પ્રાર્થના કરવી. એ ભક્તિયોગ્ય પરમેશ્વરનું શરણ લેવાથી મનુષ્ય સઘળાં દુ:ખ, ક્લેશ, પાપ અને વિકારોથી છૂટી જઈને પરમ શાંતિ અને પરમગતિસ્વરૂપ મુક્તિ પામે છે. માટે સૌની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનારા, સર્વશક્તિમાન, સર્વાધાર, સર્વવ્યાપી, સૂક્ષ્મથી ય સૂક્ષ્મ અને મહાનથી યે મહાન એવા સૌના સુહૃદ પરમેશ્વરને તત્ત્વથી જાણીને એને પ્રાપ્ત કરવા માટે બધી રીતે એનું જ શરણ લેવું.

શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં પરમેશ્વરની ભેદરૂપે ઉપાસનાનું વર્ણન વિસ્તાર સાથે કરવામાં આવેલું છે; એમાંથી કેટલાક મંત્રો અહીં આપવામાં આવે છે–

સર્વેન્દ્રિયગુણાભાસં સર્વેન્દ્રિયવિવર્જિતમ્ ।
સર્વસ્ય પ્રભુમીશાનં સર્વસ્ય શરણં બૃહત્ ॥
(૩/૧૭)

'જે પરમ પુરુષ પરમેશ્વર સઘળી ઇન્દ્રિયોથી રહિત હોવા છતાં પણ સઘળી ઇન્દ્રિયોના વિષયોને જાણનારા છે તથા સૌના સ્વામી, સૌના શાસક અને સૌથી મોટો આશ્રય છે, એમને શરણે જવું જોઈએ.'

અણોરણીયાન્મહતો મહીયાનાત્મા ગુહાયાં નિહિતોઽસ્ય જન્તોઃ ।
તમક્રતું પશ્યતિ વીતશોકો ધાતુઃ પ્રસાદાન્મહિમાનમીશમ્ ॥
(૩/૨૦)

'એ સૂક્ષ્મથી ય અતિસૂક્ષ્મ તથા મોટાથી ય ઘણો મોટો પરમાત્મા આ જીવની હૃદયરૂપી ગુફામાં છુપાયેલો છે, સૌની રચના કરનારા પરમેશ્વરની કૃપાથી જે મનુષ્ય એ સંકલ્પરહિત પરમેશ્વરને અને એમના મહિમાને જોઈ લે છે એ સર્વ પ્રકારનાં દુ:ખોથી રહિત થઈને આનંદસ્વરૂપ પરમેશ્વરને પામી જાય છે.'

બીજું પણ કહ્યું છે –

માયાં તુ પ્રકૃતિં વિદ્યાન્માયિનં તુ મહેશ્વરમ્ ।
તસ્યાવયવભૂતૈસ્તુ વ્યાપ્તં સર્વમિદં જગત્ ॥
યો યોનિં યોનિમધિતિષ્ઠત્યેકો
યસ્મિન્નિદં સ ચ વિ ચૈતિ સર્વમ્ ।
તમીશાનં વરદં દેવમીડ્યં
નિચાય્યેમાં શાન્તિમત્યન્તમેતિ ॥
(૪/૧૦-૧૧)

'માયા પ્રકૃતિને જાણવી જોઈએ અને મહેશ્વરને માયાપતિ જાણવા જોઈએ; એ પરમેશ્વરની શક્તિરૂપા પ્રકૃતિનાં જ અંગ એવા કારણ-કાર્યસમુદાયથી આ આખું જગત વ્યાપ્ત થઈ રહ્યું છે. જે એકલો જ દરેક યોનિનો અધિષ્ઠાતા થઈ રહ્યો છે, જેમાં આ આખું જગત પ્રલયકાળે વિલીન થઈ જાય છે, અને સૃષ્ટિકાળે વિવિધ રૂપોમાં પ્રગટ થઈ જાય છે, એ સર્વનિયંતા વરદાયક, સ્તુતિ કરવા યોગ્ય પરમદેવ પરમેશ્વરને તત્ત્વથી જાણીને મનુષ્ય નિરંતર ટકી રહેનારી આ મુક્તિરૂપી શાંતિને પામી જાય છે.'

સૂક્ષ્માતિસૂક્ષ્મં કલિલસ્ય મધ્યે
વિશ્વસ્ય સ્રષ્ટારમનેકરૂપમ્ ।
વિશ્વસ્યૈકં પરિવેષ્ટિતારં
જ્ઞાત્વા શિવં શાન્તિમત્યન્તમેતિ ॥
(૪/૧૪)

'જે સૂક્ષ્મથી ય અત્યંત સૂક્ષ્મ, હૃદયગુહારૂપી ગુહ્યસ્થાનની ભીતર રહેલ, અખિલ વિશ્વની રચના કરનાર, અનેક રૂપો ધારણ કરનાર તથા આખા જગતને બધી બાજુએથી ઘેરી રાખનાર છે, એ એક અદ્વિતીય કલ્યાણસ્વરૂપ મહેશ્વરને ઓળખીને મનુષ્ય સદા રહેનારી શાંતિ પામે છે.'

એકો દેવઃ સર્વભૂતેષુ ગૂઢઃ સર્વવ્યાપી સર્વભૂતાન્તરાત્મા ।
કર્માધ્યક્ષઃ સર્વભૂતાધિવાસઃ સાક્ષી ચેતા કેવલો નિર્ગુણશ્ચ ॥
એકો વશી નિષ્ક્રિયાણાં બહૂનામેકં બીજં બહુધા યઃ કરોતિ ।
તમાત્મસ્થં યેઽનુપશ્યન્તિ ધીરાસ્તેષાં સુખં શાશ્વતં નેતરેષામ્ ॥
(૬/૧૧-૧૨)

'એ એક દેવ જ સઘળાં પ્રાણીઓમાં છુપાયેલો સર્વવ્યાપી અને સઘળાં પ્રાણીઓનો અંતર્યામી પરમાત્મા છે, એ જ સૌના કર્મોનો અધિષ્ઠાતા, સઘળાં ભૂતોનું નિવાસસ્થાન, સૌનો સાક્ષી, ચેતનસ્વરૂપ, સર્વ રીતે વિશુદ્ધ અને ગુણાતીત છે તથા જે એકલો જ ઘણા-બધા વાસ્તવમાં અક્રિય જીવોનો શાસક છે અને એક પ્રકૃતિરૂપી બીજને અનેક રૂપોમાં પરિણત કરી દે છે, એ હૃદયમાં રહેલા પરમેશ્વરનો જે ધીર પુરુષો નિરંતર અનુભવ કરે છે, એમને જ સદા રહેનારો પરમાનંદ પ્રાપ્ત થાય છે, બીજા લોકોને નહીં.'

યો બ્રહ્માણં વિદધાતિ પૂર્વં યો વૈ વેદાંશ્ચ પ્રહિણોતિ તસ્મૈ ।
તꣳહ દેવમાત્મબુદ્ધિપ્રકાશં મુમુક્ષુર્વૈ શરણમહં પ્રપદ્યે ॥
(૬/૧૮)

'જે પરમેશ્વર ખરેખર સૌપ્રથમ બ્રહ્માને ઉત્પન્ન કરે છે અને જે ખરેખર એ બ્રહ્માને સમસ્ત વેદોનું જ્ઞાન આપે છે, પરમાત્મવિષયક બુદ્ધિને પ્રગટ કરનારા એ પ્રસિદ્ધ દેવ પરમેશ્વરનું હું મોક્ષની ઈચ્છા રાખનારો સાધક શરણ લઉં છું.'

જેમાં સાધનમાં પણ ભેદ હોય અને ફળમાં (પરિણામે) પણ ભેદ હોય એવી ભેદોપાસનાનું વર્ણન ઉપર કરવામાં આવ્યું; હવે સાધનમાં ભેદ હોય, પણ ફળમાં અભેદ હોય એવી ઉપાસના પર વિચાર કરીએ.

શાસ્ત્રોમાં ભેદોપાસના અનુસાર ચાર પ્રકારની મુક્તિ જણાવવામાં આવી છે – (૧) સાલોક્ય, (૨) સામીપ્ય, (૩) સારૂપ્ય અને (૪) સાયુજ્ય. આમાંથી પહેલી ત્રણ મુક્તિ સાધનમાં પણ ભેદ હોય અને ફળમાં પણ ભેદ હોય એવી છે, સાયુજ્ય-મુક્તિમાં સાધનમાં તો ભેદ છે, પણ ફળમાં ભેદ નથી રહેતો. ભગવાનના પરમ ધામમાં જઈને ત્યાં નિવાસ કરવો એને 'સાલોક્ય' મુક્તિ કહેવાય છે; જેઓ વાત્સલ્ય વગેરે ભાવોથી ભગવાનની ઉપાસના કરે છે એ લોકો 'સાલોક્ય' મુક્તિને પામે છે. ભગવાનના પરમ ધામમાં જઈને એમની સમીપે નિવાસ કરવો એને 'સામીપ્ય' મુક્તિ કહે છે; જેઓ દાસભાવે કે માધુર્યભાવે ભગવાનની ઉપાસના કરે છે, તેઓ 'સામીપ્ય' મુક્તિને પામે છે. ભગવાનના પરમધામમાં જઈને ભગવાનના જેવા સ્વરૂપના થઈને નિવાસ કરવો એને 'સારૂપ્ય' મુક્તિ કહે છે; જેઓ સખાભાવે ભગવાનની ઉપાસના કરે છે, તેઓ 'સારૂપ્ય' મુક્તિને પામે છે. આ બધા ભક્તોમાં સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને પાલનરૂપી ભગવત્સામર્થ્ય સિવાયના સઘળા ગુણો આવી જાય છે. ભગવાનના સ્વરૂપમાં અભેદરૂપે વિલીન થઈ જવું એને 'સાયુજ્ય' મુક્તિ કહે છે. જેઓ શાંતભાવે (જ્ઞાનમિશ્રિત ભક્તિથી) ભગવાનની ઉપાસના કરે છે, તેઓ 'સાયુજ્ય' મુક્તિને પામે છે તથા જેઓ વેરથી, દ્વેષથી અથવા ભયથી ભગવાનને ભજે છે, એ પણ 'સાયુજ્ય' મુક્તિને પામે છે. જે રીતે નદીઓનું પાણી પોતાના નામ-રૂપને છોડીને સમુદ્રમાં ભળી જઈને સમુદ્ર જ થઈ જાય છે, એ જ રીતે આવા સાધકો ભગવાનમાં લીન થઈને ભગવત્સ્વરૂપ જ થઈ જાય છે. ઉપનિષદોમાં તથા અન્ય શાસ્ત્રોમાં આ માટેનાં સ્થળે સ્થળે અનેક

પ્રમાણો મળે છે. કઠોપનિષદ્‌માં યમરાજ નચિકેતાને કહે છે–

યથોદકં શુદ્ધે શુદ્ધમાસિક્તં તાદૃગેવ ભવતિ ।
એવં મુનેર્વિજાનત આત્મા ભવતિ ગૌતમ ॥
(૨/૧/૧૫)

'જે રીતે નિર્મળ જળમાં વાદળો વડે બધી બાજુએથી વરસાવેલું નિર્મળ જળ એવું જ બની જાય છે, એ જ રીતે હે ગૌતમવંશીય નચિકેતા! એકમાત્ર પરબ્રહ્મ પુરુષોત્તમ જ બધું છે – આ રીતે જાણનાર મુનિનો આત્મા પરમાત્માને પામી જાય છે એટલે કે પરમાત્મામાં મળીને તદ્રૂપ થઈ જાય છે.'

મુંડકોપનિષદ્‌માં પણ કહ્યું છે –

સ વેદૈતત્પરમં બ્રહ્મ ધામ યત્ર વિશ્વં નિહિતં ભાતિ શુભ્રમ્ ।
ઉપાસતે પુરુષં યે હ્યકામાસ્તે શુક્રમેતદતિવર્તન્તિ ધીરાઃ ॥
(૩/૨/૧)

'એ નિષ્કામભાવનો પુરુષ આ પરમ વિશુદ્ધ (પ્રકાશમાન) બ્રહ્મધામને જાણી લે છે, જેમાં સંપૂર્ણ જગત રહેલું પ્રતીત થાય છે; જે કોઈ પણ નિષ્કામ સાધકો પરમ પુરુષની ઉપાસના કરે છે, તેઓ બુદ્ધિમાન રજોવીર્યમય આ જગતનું અતિક્રમણ કરી જાય છે.'

યથા નદ્યઃ સ્યન્દમાનાઃ સમુદ્રેઽસ્તં ગચ્છન્તિ નામરૂપે વિહાય ।
તથા વિદ્વાન્નામરૂપાદ્વિમુક્તઃ પરાત્પરં પુરુષમુપૈતિ દિવ્યમ્ ॥
(૨/૧/૧૫)

સ યો હ વૈ તત્પરમં બ્રહ્મ વેદ બ્રહ્મૈવ ભવતિ નાસ્યાબ્રહ્મવિત્કુલે ભવતિ । તરતિ શોકં તરતિ પાપ્માનં ગુહાગ્રન્થિભ્યો વિમુક્તોઽમૃતો ભવતિ ।
(૩/૨/૮-૯)

'જે રીતે વહેતી જતી નદીઓ નામ-રૂપ છોડીને સમુદ્રમાં વિલીન થઈ જાય છે, એ જ રીતે જ્ઞાની મહાત્મા નામરૂપ વિનાનો થઈને ઉત્તમથી ઉત્તમ દિવ્ય પરમ પુરુષ પરમાત્માને પામી જાય છે. સાચે જ, જે કોઈ પણ એ પરબ્રહ્મ પરમાત્માને જાણી લે છે, એ મહાત્મા બ્રહ્મ જ થઈ જાય છે; એના કુળમાં બ્રહ્મને ન જાણનાર નથી હોતો; એ શોકથી પાર થઈ જાય છે, પાપ-સમુદાયથી તરી જાય છે, હૃદયની ગાંઠોથી સદાને માટે છૂટીને અમૃત થઈ જાય છે. અર્થાત્ જન્મ-મૃત્યુથી રહિત થઈને બ્રહ્મસ્વરૂપ થઈ જાય છે.'

જે મનુષ્ય માયા (પ્રકૃતિ), જીવ અને પરમેશ્વરને ભિન્ન ભિન્ન સમજીને ઉપાસના કરે છે અને એ સમજે છે કે ઈશ્વરની આ પ્રકૃતિ ઈશ્વરથી અભિન્ન છે, કેમકે શક્તિ શક્તિમાનથી અભિન્ન હોય છે. તેમ જ જીવો ભિન્ન હોવા છતાં પણ ઈશ્વરનો અંશ હોવાને કારણે અભિન્ન જ છે, માટે પ્રકૃતિ અને જીવ - બંનેથી પરમાત્મા ભિન્ન હોવા છતાં પણ અભિન્ન જ છે, એ પુરુષ ભેદરૂપે સાધન કરતો હોવા છતાં પણ અંતે અભેદરૂપે જ પરમાત્માને પામી જાય છે. આ વાત પણ શાસ્ત્રોમાં તથા ઉપનિષદોમાં અનેક સ્થળોએ મળે છે. જેમકે –

જ્ઞાજ્ઞૌ દ્વાવજાવીશનીશાવજા હ્યેકા ભોક્તૃભોગ્યાર્થયુક્તા ।
અનન્તશ્ચાત્મા વિશ્વરૂપો હ્યકર્તા ત્રયં યદા વિન્દતે બ્રહ્મમેતત્ ॥
ક્ષરં પ્રધાનમમૃતાક્ષરં હરઃ ક્ષરાત્માનાવીશતે દેવ એકઃ ।
તસ્યાભિધ્યાનાદ્યોજનાત્તત્ત્વભાવાદ્ભૂયશ્ચાન્તે વિશ્વમાયાનિવૃત્તિઃ ॥
(શ્વેતાશ્વતર ૧/૧/૯-૧૦)

'સર્વજ્ઞ અને અલ્પજ્ઞ, સર્વસમર્થ અને અસમર્થ – આ બંને પરમાત્મા અને જીવાત્મા અજન્મા છે તથા ભોગવનાર જીવાત્મા માટે ઉપર્યુક્ત ભોગ્ય-સામગ્રીથી યુક્ત અને અનાદિ પ્રકૃતિ એક ત્રીજી શક્તિ છે; (આ ત્રણેમાં જે ઈશ્વર-તત્ત્વ છે, એ બાકીના બેથી વિલક્ષણ છે.) કેમકે એ પરમાત્મા અનંત, સંપૂર્ણ રૂપો ધરાવતો અને કર્તાપણાના અભિમાન વિનાનો છે. જ્યારે આ મનુષ્ય આ રીતે ઈશ્વર, જીવ અને પ્રકૃતિ - એ ત્રણેને બ્રહ્મરૂપે પામી જાય છે (ત્યારે એ સર્વ

પ્રકારનાં બંધનોથી મુક્ત થઈ જાય છે). તથા પ્રકૃતિ વિનાશશીલ છે, એને ભોગવનાર જીવાત્મા અમૃતસ્વરૂપ અવિનાશી છે, આ વિનાશશીલ જડતત્ત્વ અને ચેતન આત્મા – બંનેને એક ઈશ્વર પોતાના શાસનમાં રાખે છે, આ રીતે જાણીને એનું નિરંતર ધ્યાન કરવાથી, મનને એમાં પરોવી રાખવાથી તથા તન્મય થઈ જવાથી છેવટે એને જ પામી જાય છે; પછી સમસ્ત માયાની નિવૃત્તિ થઈ જાય છે.'

અહીં સુધી ભેદોપાસનાના બંને પ્રકારોને ઉપનિષદ્ અનુસાર સંક્ષેપમાં જણાવીને હવે અભેદોપાસના ઉપર વિચાર કરીએ –

અભેદોપાસના

અભેદ-ઉપાસનાના પણ મુખ્ય ચાર પ્રકાર છે. એમાંથી પહેલા બે પ્રકારો **'તત્'** પદને અને બાકીના બે પ્રકારો **'ત્વમ્'** પદને અનુલક્ષીને સંક્ષેપમાં નીચે જણાવવામાં આવે છે–

(૧) આ ચરાચર જગતમાં જે કંઈ પ્રતીત થાય છે, બધું બ્રહ્મ જ છે; કોઈ પણ વસ્તુ એક સચ્ચિદાનંદઘન પરમાત્માથી ભિન્ન નથી. આ રીતે ઉપાસના કરવી.

(૨) એ નિર્ગુણ નિરાકાર નિષ્ક્રિય નિર્વિકાર પરમાત્મા આ ક્ષણભંગુર નાશવંત જડ દશ્યવર્ગ એવી માયાથી સર્વ રીતે અતીત છે – આ રીતે ઉપાસના કરવી.

(૩) જડ-ચેતન, સ્થાવર-જંગમ સંપૂર્ણ ચરાચર જગત એક બ્રહ્મ છે અને એ બ્રહ્મ હું છું. માટે સર્વ કાંઈ મારું જ સ્વરૂપ છે – આ રીતે ઉપાસના કરવી.

(૪) નાશવંત ક્ષણભંગુર માયામય દશ્યવર્ગથી જે અતીત, નિરાકાર, નિર્વિકાર, નિત્ય વિજ્ઞાનાનંદઘન નિર્વિશેષ પરબ્રહ્મ પરમાત્મા છે એ મારો જ આત્મા છે અર્થાત્ મારું જ સ્વરૂપ છે – આ રીતે ઉપાસના કરવી.

હવે એમને સારી પેઠે સમજવા માટે ઉપનિષદોનાં પ્રમાણો આપીને કંઈક વિસ્તારપૂર્વક વિચાર કરવામાં આવે છે.

(૧) સર્ગના આદિમાં એક સચ્ચિદાનંદઘન બ્રહ્મતત્ત્વ જ હતું. એણે વિચાર્યું કે 'હું પ્રગટ થાઉં અને અનેક નામ-રૂપ ધારણ કરીને બહુ થઈ જાઉં.', **'સોऽકામયત । બહુ સ્યાં પ્રજાયેયેતિ ।'** (તૈત્તિરીય ઉપનિષદ્ ૨/૬) આ રીતે એ એક જ બ્રહ્મતત્ત્વ ઘણાં રૂપોમાં થઈ ગયું. માટે આ જે કંઈ પણ જડ-ચેતન, સ્થાવર-જંગમ જગત છે, એ પરમાત્માનું જ સ્વરૂપ છે. શ્રુતિ કહે છે–

બ્રહ્મૈવેદમમૃતં પુરસ્તાદ્બ્રહ્મ પશ્ચાદ્બ્રહ્મ દક્ષિણતશ્ચોત્તરેણ ।
અધશ્ચોર્ધ્વં ચ પ્રસૃતં બ્રહ્મૈવેદં વિશ્વમિદં વરિષ્ઠમ્ ॥

(મુંડક ઉપનિષદ્ ૨/૨/૧૧)

'આ અમૃતસ્વરૂપ પરબ્રહ્મ જ સામે છે, બ્રહ્મ જ પાછળ છે, બ્રહ્મ જ જમણી અને ડાબી બાજુએ, નીચે તથા ઉપરની તરફ ફેલાયેલું છે; આ જે આખું જગત છે, આ સર્વશ્રેષ્ઠ બ્રહ્મ જ છે.'

સમ્પ્રાપ્યૈનમૃષયો જ્ઞાનતૃપ્તાઃ કૃતાત્માનો વીતરાગાઃ પ્રશાન્તાઃ ।
તે સર્વગં સર્વતઃ પ્રાપ્ય ધીરા યુક્તાત્માનઃ સર્વમેવાવિશન્તિ ॥

(મુંડક ઉપનિષદ્ ૩/૨/૫)

'સર્વ રીતે આસક્તિ વિનાના અને વિશુદ્ધ અંતઃકરણના ઋષિઓ આ પરમાત્માને પૂર્ણ રીતે પામીને જ્ઞાનથી તૃપ્ત તેમજ પરમ શાંત થઈ જાય છે, પોતાને પરમાત્મામાં જોડી દેનારા એ જ્ઞાનીજનો સર્વવ્યાપી પરમાત્માને બધી બાજુએથી પામી જઈને સર્વસ્વરૂપ પરમાત્મામાં જ પ્રવેશી જાય છે.'

સર્વં હ્યેતદ્ બ્રહ્માયમાત્મા બ્રહ્મ સોऽયમાત્મા ચતુષ્પાત્ ॥

(માંડૂક્ય ઉપનિષદ્ ૨)

'કેમકે આ આખેઆખું જગત પરબ્રહ્મ પરમાત્મા છે તથા જે આ ચાર ચરણો ધરાવતો આત્મા છે, એ આત્મા પણ પરબ્રહ્મ પરમાત્મા છે.'

સર્વં ખલ્વિદં બ્રહ્મ તજ્જલાનિતિ શાન્ત ઉપાસીત ।

(છાન્દોગ્ય ઉપનિષદ્ ૩/૧૪/૧)

'આ આખું જગત ખરેખર બ્રહ્મ જ છે, એની ઉત્પત્તિ, સ્થિતિ અને લય – એ બ્રહ્મથી જ છે – આ રીતે સમજીને શાંતચિત્ત થયેલાએ ઉપાસના કરવી.'

(૨) **'તત્'** પદના અર્થ એવા બ્રહ્મના સ્વરૂપનું, જે કંઈ જડ-ચેતન, સ્થાવર-જંગમ ચરાચર સંસાર છે, એ બધુ બ્રહ્મ જ છે – એ રીતે નિરૂપણ કરવામાં આવ્યું. હવે એ જ **'તત્'** પદના લક્ષ્યાર્થ એવા બ્રહ્મના નિર્વિશેષ સ્વરૂપનું વર્ણન કરવામાં આવે છે. એ નિર્ગુણ-નિરાકાર અક્રિય નિર્વિકાર પરમાત્મા આ ક્ષણભંગુર નાશવંત જડ દૃશ્યવર્ગ એવી માયાથી સર્વ રીતે અતીત છે. જે કંઈ આ દૃશ્યવર્ગ પ્રતીત થાય છે, એ બધું અજ્ઞાનમૂલક છે. વાસ્તવમાં એક વિજ્ઞાનાનંદઘન અનંત નિર્વિશેષ બ્રહ્મ સિવાય બીજું કશુંય નથી. આ જાતના અનુભવથી એ આ જન્મ-મૃત્યુરૂપી સંસારથી મુક્ત થઈને અનંત વિજ્ઞાન આનંદઘન બ્રહ્મને પામી જાય છે. આ વાત શાસ્ત્રો તથા ઉપનિષદોમાં ઘણે સ્થળે જણાવવામાં આવી છે.

કઠોપનિષદ્‌માં પરબ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરતાં યમરાજ કહે છે–

અશબ્દમસ્પર્શમરૂપમવ્યયં તથારસં નિત્યમગન્ધવચ્ચ યત્ ।
અનાદ્યનન્તં મહતઃ પરં ધ્રુવં નિચાય્ય તન્મૃત્યુમુખાત્પ્રમુચ્યતે ॥

(૧/૩/૧૫)

'જે શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, રસરહિત અને ગંધરહિત છે તથા જે અવિનાશી, નિત્ય, અનાદિ, અનંત (અસીમ), મહત્તત્ત્વથી પર તેમજ સર્વ રીતે સત્ય તત્ત્વ છે, એ પરમાત્માને ઓળખીને મનુષ્ય મૃત્યુના મુખમાંથી સદાને માટે છૂટી જાય છે.'

મનસૈવેદમાપ્તવ્યં નેહ નાનાસ્તિ કિઞ્ચન ।
મૃત્યોઃ સ મૃત્યું ગચ્છતિ ય ઇહ નાનેવ પશ્યતિ ॥

(૨/૧/૧૧)

'આ પરમાત્મતત્ત્વ શુદ્ધ મનથી જ પ્રાપ્ત કરવા યોગ્ય છે; આ જગતમાં એક પરમાત્મા સિવાય નાના – ભિન્ન ભિન્ન ભાવો જરા પણ નથી, માટે જે આ જગતમાં નાનાની પેઠે જુએ છે, એ મનુષ્ય મૃત્યુથી મૃત્યુને પ્રાપ્ત થાય છે એટલે કે વારંવાર જન્મતો-મરતો રહે છે.'

મુંડકોપનિષદ્‌માં પણ કહ્યું છે–

ન ચક્ષુષા ગૃહ્યતે નાપિ વાચા નાન્યૈર્દેવૈસ્તપસા કર્મણા વા ।
જ્ઞાનપ્રસાદેન વિશુદ્ધસત્ત્વસ્તતસ્તુ તં પશ્યતે નિષ્કલં ધ્યાયમાનઃ ॥

(૩/૧/૮)

'એ નિર્ગુણ-નિરાકાર પરબ્રહ્મ પરમાત્મા ન તો નેત્રોથી, ન તો વાણીથી કે ન બીજી ઇન્દ્રિયોથી ગ્રહણ કરવામાં આવે છે તથા તપની અથવા કર્મોથી પણ એ ગ્રહણ કરી શકાય એમ નથી; એ અવયવરહિત પરમાત્માને વિશુદ્ધ અંતઃકરણનો સાધક એ વિશુદ્ધ અંતઃકરણથી નિરંતર એનું ધ્યાન કરતો કરતો જ જ્ઞાનની નિર્મળતાથી અનુભવે છે.'

તૈત્તિરીય ઉપનિષદ્‌માં પણ કહ્યું છે–

બ્રહ્મવિદાપ્નોતિ પરમ્ । તદેષાભ્યુક્તા ।
સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ । (૨/૧/૧)

'બ્રહ્મજ્ઞાની પરબ્રહ્મને પામી જાય છે; એ જ ભાવને વ્યક્ત કરનારી આ શ્રુતિ કહેવામાં આવી છે – બ્રહ્મ સત્ય, જ્ઞાનસ્વરૂપ અને અનંત છે.'

(૩) **'તત્'**ની ઉપાસનાના પ્રકારનું વર્ણન કરીને હવે **'ત્વમ્'** પદની ઉપાસનાનો પ્રકાર જણાવવામાં આવે છે. જે કંઈ જડ-ચેતન, સ્થાવર-જંગમ પ્રતીત થાય છે, એ બધું બ્રહ્મ છે અને જે બ્રહ્મ છે, એ હું છું. માટે મનુષ્યે સઘળાં ભૂતોમાં પોતાના આત્માને અર્થાત્ પોતાને તથા આત્મામાં સઘળાં ભૂતોને ઓત-પ્રોત જોવા. અભિપ્રાય એ છે કે 'જે પણ કંઈ છે, બધું મારું જ સ્વરૂપ છે.' – આ જાતનો અભ્યાસ કરનાર સાધક શોક અને મોહથી પાર થઈને વિજ્ઞાન આનંદઘન બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થઈ

જાય છે. આ વાત શાસ્ત્રો તથા ઉપનિષદોમાં સ્થળે સ્થળે મળે છે. ગીતામાં કહ્યું છે–

સર્વભૂતસ્થમાત્માનં સર્વભૂતાનિ ચાત્મનિ ।
ઈક્ષતે યોગયુક્તાત્મા સર્વત્ર સમદર્શનઃ ॥
(૬/૨૯)

'સર્વવ્યાપી અનંત ચેતનમાં એકાત્મભાવે રહેવારૂપી યોગથી યુક્ત આત્મવાન તેમજ સૌમાં સમભાવે જોનાર યોગી આત્માને સર્વ ભૂતોમાં રહેલો અને સર્વ ભૂતોને આત્મામાં કલ્પિત જુએ છે.'

ઈશાવાસ્યોપનિષદ્‌માં પણ કહ્યું છે–

યસ્તુ સર્વાણિ ભૂતાન્યાત્મન્યેવાનુપશ્યતિ ।
સર્વભૂતેષુ ચાત્માનં તતો ન વિજુગુપ્સતે ॥ ૬॥
યસ્મિન્ સર્વાણિ ભૂતાન્યાત્મૈવાભૂદ્વિજાનતઃ ।
તત્ર કો મોહઃ કઃ શોક એકત્વમનુપશ્યતઃ ॥ ૭॥

'પણ જે મનુષ્ય સઘળાં પ્રાણીઓને આત્મામાં જ જુએ છે અને આત્માને સઘળાં ભૂતોમાં જુએ છે એટલે કે સઘળાં ભૂતોને પોતાનો આત્મા જ સમજે છે, એ પછી કોઈની ઘૃણા નથી કરતો – સૌને પોતાનો આત્મા સમજનાર કોની કેવી રીતે ઘૃણા કરે?'

'આ રીતે જ્યારે આત્મતત્ત્વને જાણનાર મહાત્મા માટે સર્વ કાંઈ આત્મા થઈ જાય છે, ત્યાર પછી એકત્વનો એટલે કે સૌમાં એક આત્માનો અનુભવ કરનાર એ મનુષ્યને મોહ ક્યાં અને શોક ક્યાં? એટલે કે સૌમાં એક વિજ્ઞાન આનંદમય પરબ્રહ્મ પરમાત્માનો અનુભવ કરનાર પુરુષના શોક-મોહ વગેરે વિકારોનો અત્યંત અભાવ થઈ જાય છે.'

આ વિષયનું રહસ્ય સમજાવવા માટે છાન્દોગ્ય ઉપનિષદ્‌માં એક ઇતિહાસ આવે છે. અરુણનો પૌત્ર અને ઉદ્દાલકનો પુત્ર શ્વેતકેતુ બાર વર્ષની વયે ગુરુની પાસે વિદ્યા-પ્રાપ્તિ માટે ગયો અને ત્યાંથી એ વિદ્યા ભણીને ચોવીસ વર્ષની વયે ઘરે પાછો આવ્યો. એ પોતાને બુદ્ધિમાન અને વ્યાખ્યાન આપનાર માનતો અનમ્રભાવે જ ઘરે આવ્યો તથા એણે બુદ્ધિના અભિમાનવશ પિતાને પ્રણામ ન કર્યા. એથી એના પિતાએ એને પૂછ્યું–

શ્વેતકેતો યન્નુ સોમ્યેદં મહામના અનૂચાનમાની સ્તબ્ધોઽસ્યુત તમાદેશમપ્રાક્ષ્યઃ । યેનાશ્રુતઃ શ્રુતં ભવત્યમતં મતમવિજ્ઞાતં વિજ્ઞાતમિતિ । (૬/૧/૨-૩)

'હે શ્વેતકેતુ! હે સોમ્ય! તું જે પોતાને આવો મહામના અને પંડિત માનીને અવિનીત થઈ રહ્યો છે, તો શું તેં એ આદેશ આચાર્યને પૂછ્યો છે જે આદેશથી અશ્રુત શ્રુત થઈ જાય છે, વિચાર્યા વિનાનું વિચારમાં આવી જાય છે એટલે કે નિશ્ચય કર્યા વિનાનું નિશ્ચિત થઈ જાય છે અને જાણ્યા વિનાનું વિશેષરૂપે જાણેલું થઈ જાય છે.'

આથી શ્વેતકેતુએ કહ્યું કે 'ભગવન્! એ આદેશ કેવો છે.' ત્યારે ઉદ્દાલક બોલ્યા–

યથા સોમ્યૈકેન મૃત્પિણ્ડેન સર્વં મૃન્મયં વિજ્ઞાતઃ સ્યાદ્વાચારમ્ભણં વિકારો નામધેયં મૃત્તિકેત્યેવ સત્યમ્ । (૬/૧/૪)

'સોમ્ય! જે રીતે એક માટીના પિંડ દ્વારા સઘળા માટીના પદાર્થોનું જ્ઞાન થઈ જાય છે કે વિકારો માત્ર વાણીના આશ્રયભૂત નામમાત્ર છે, સત્ય તો કેવળ માટી જ છે.'

યથા સોમ્યૈકેન લોહમણિના સર્વં લોહમયં વિજ્ઞાતઃ સ્યાદ્વાચારમ્ભણં વિકારો નામધેયં લોહમિત્યેવ સત્યમ્ ॥ (૬/૧/૫)

'સોમ્ય! જે રીતે એક લોહમણિ (સુવર્ણ)નું જ્ઞાન થતાં સઘળા સુવર્ણમય પદાર્થો જાણમાં આવી જાય છે; કેમકે, વિકાર વાણી પર આધારિત નામમાત્ર છે, સત્ય કેવળ સુવર્ણ જ છે.'

યથા સોમ્યૈકેન નખનિકૃન્તનેન સર્વં કાર્ષ્ણાયસં વિજ્ઞાતઃ સ્યાદ્વાચારમ્ભણં વિકારો

નામધેયં કૃષ્ણાયસમિત્યેવ સત્યમેવં સોમ્ય સ આદેશો ભવતીતિ ॥ (૬/૧/૬)

'સોમ્ય! જે રીતે એક નખનિકૃન્તન (નખિયું) એટલે કે લોઢાના જ્ઞાનથી સઘળા લોઢાના પદાર્થો જાણમાં આવી જાય છે, કેમકે, વિકાર વાણી પર આધારિત કેવળ નામમાત્ર છે, સત્ય કેવળ લોઢું જ છે; હે સોમ્ય! આવો જ એ આદેશ છે.'

આ સાંભળીને શ્વેતકેતુ બોલ્યો-

ન વૈ નૂનં ભગવન્તસ્ત એતદવેદિષુર્યદ્ધ્યેતદવેદિષ્યન્ કથં મે નાવક્ષ્યન્નિતિ ભગવાંસ્ત્વેવ મે તદ્બ્રવીત્વિતિ તથા સોમ્યેતિ હોવાચ ॥ (૬/૧/૭)

'સાચે જ એ મારા પૂજ્ય ગુરુદેવ આને જાણતા નહીં હોય. જો એ જાણતા હોત તો મને કેમ ન કહેત. હવે આપ જ મને સારી પેઠે જણાવો.' ત્યારે પિતાએ કહ્યું - 'સારું સોમ્ય! જણાવું છું.'

સદેવ સોમ્યેદમગ્ર આસીદેકમેવાદ્વિતીયમ્ । (૬/૨/૧)

'હે સોમ્ય! આરંભે આ એકમાત્ર અદ્વિતીય સત્ જ હતું.'

આથી શ્વેતકેતુએ કહ્યું – 'હે પિતાજી! મને આ વિષય વધુ સ્પષ્ટ કરીને સમજાવો.' ઉદ્દાલક આરુણિ બોલ્યા - 'હે સોમ્ય! જેમ દહીં મથવાથી એનું સૂક્ષ્મ સાર તત્ત્વ માખણ ઉપર તરી આવે છે, એ જ રીતે જે અન્ન ખાવામાં આવે છે, એનો સૂક્ષ્મ સાર અંશ એવું મન બને છે. જળનો સૂક્ષ્મ અંશ પ્રાણ અને તેજનો સૂક્ષ્મ અંશ વાક્ બને છે. વાસ્તવમાં આ મન, પ્રાણ અને વાણી તથા એમનાં કારણ એવાં અન્ન વગેરે કાર્ય-કારણ પરંપરાથી મૂળમાં એક જ સત્ વસ્તુ સિદ્ધ થાય છે. સૌનું મૂળ કારણ સત્ છે, એ જ પરમ આશ્રય અને અધિષ્ઠાન છે. સત્નાં કાર્યો એવી અનેક પ્રકારની આકૃતિઓ એ બધું વાણીના વિકારો છે, નામમાત્ર છે. આ સત્ અણુની જેમ સૂક્ષ્મ છે, આખા જગતના આત્મારૂપ છે. હે શ્વેતકેતુ! એ 'સત્' વસ્તુ તું જ છે – **'તત્ત્વમસિ ।'**

શ્વેતકેતુએ કહ્યું - 'ભગવન્! મને હજી સમજાવો.' પિતા આરુણિએ કહ્યું - 'સારું. એક વટવૃક્ષનું ફળ તોડીને લાવ. પછી તને સમજાવું છું.' શ્વેતકેતુ ફળ લઈ આવ્યો. પિતાએ કહ્યું – 'આને તોડીને જો, આમાં શું છે?' શ્વેતકેતુએ ફળ તોડીને કહ્યું – 'ભગવન્! આમાં નાનાં-નાનાં બીજ છે.' ઋષિ ઉદ્દાલક બોલ્યા - 'સારું, એક બીજને તોડીને જો, એમાં શું છે?' શ્વેતકેતુએ બીજ તોડીને કહ્યું - 'આમાં તો કશું પણ નથી દેખાતું.' ત્યારે પિતા આરુણિ બોલ્યા - 'હે સોમ્ય! તું આ વડના બીજના સૂક્ષ્મ તત્ત્વને નથી જોતો, આ અત્યંત સૂક્ષ્મ તત્ત્વથી જ મહાન વટવૃક્ષ નીકળે છે. બસ, જેમ આ અત્યંત સૂક્ષ્મ વડનું બીજ ઘણા મોટા વડલાના વૃક્ષનો આધાર છે, એ જ રીતે સૂક્ષ્મ સત્ એવો આત્મા આ આખા સ્થૂળ જગતનો આધાર છે. હે સોમ્ય! હું સત્ય કહું છું, તું મારાં વચનોમાં શ્રદ્ધા રાખ. આ જે સૂક્ષ્મ તત્ત્વ આત્મા છે, એ સત્ છે અને એ જ આત્મા છે હે શ્વેતકેતુ! એ 'સત્' તું જ છે - **'તત્ત્વમસિ ।'** (૬/૧૨/૩)

આ રીતે ઉદ્દાલકે ઘણાં દૃષ્ટાંત અને યુક્તિઓથી આ તત્ત્વને વિસ્તારપૂર્વક સમજાવ્યું છે, પણ અહીં એનું થોડુંક દિશાસૂચન કરાવવામાં આવ્યું છે. આખું વર્ણન જોવું હોય તો છાન્દોગ્ય ઉપનિષદ્ જોવું જોઈએ.

ઉપર્યુક્ત વિષયની બાબતમાં બૃહદારણ્યક ઉપનિષદ્માં પણ આ રીતે કહેવાયું છે–

બ્રહ્મ વા ઇદમગ્ર આસીત્તદાત્માનમેવાવેત્ । અહં બ્રહ્માસ્મીતિ । તસ્માત્તત્સર્વમભવત્તદ્યો યો દેવાનાં પ્રત્યબુધ્યત સ એવ તદભવત્ તથર્ષીણાં તથા મનુષ્યાણાં તદ્ધૈતત્પશ્યન્નૃષિર્વામદેવઃ

પ્રતિપેદેઽહં મનુરભવસ્સૂર્યશ્ચેતિ । તદિદમપ્યેતર્હિ ય એવં વેદાહં બ્રહ્માસ્મીતિ સ ઇદꣳ સર્વં ભવતિ તસ્ય હ ન દેવાશ્ચ નાભૂત્યા ઈશતે । આત્મા હ્યેષાꣳ સ ભવતિ ॥ (૧/૪/૧૦)

'પહેલાં આ બ્રહ્મ જ હતું; એણે પોતે જ અનુભવ્યું કે 'હું બ્રહ્મ છું.' માટે એ સર્વ થઈ ગયું. એને દેવોમાંથી જેણે જેણે જાણ્યું એ જ તદ્રૂપ થઈ ગયા. એ જ રીતે ઋષિઓ અને મનુષ્યોમાંથી પણ જેણે એને જાણ્યું, એ જ તદ્રૂપ થઈ ગયા. એને આત્મારૂપે જોતાં ઋષિ વામદેવે જાણ્યું - 'હું મનુ થયો અને સૂર્ય પણ.' એ બ્રહ્મને હાલમાં પણ જે એ રીતે જાણે છે કે 'હું બ્રહ્મ છું', એ આ સર્વ થઈ જાય છે. એના પરાભવ માટે દેવતાઓ પણ સમર્થ નથી હોતા; કેમકે એ એમનો આત્મા જ થઈ જાય છે.'

ઉપર્યુક્ત વિષયનું રહસ્ય સમજાવવા માટે બૃહદારણ્યક ઉપનિષદ્‌માં પણ એક ઈતિહાસ મળે છે. મહર્ષિ યાજ્ઞવલ્ક્યની બે પત્નીઓ હતી – મૈત્રેયી અને કાત્યાયની. મહર્ષિ યાજ્ઞવલ્ક્યે સંન્યાસ ગ્રહણ કરતી વેળાએ મૈત્રેયીને કહ્યું – 'હું આ ગૃહસ્થાશ્રમથી ઉપર સંન્યાસ-આશ્રમમાં જવાનો છું, માટે સંપત્તિના ભાગ પાડીને તને અને કાત્યાયનીને આપી દઉં તો સારું.' મૈત્રેયીએ કહ્યું - 'ભગવન્! જો આ ધનથી સંપન્ન એવી આખી પૃથ્વી મારી થઈ જાય તો શું હું એના દ્વારા કોઈ રીતે અમૃતસ્વરૂપ થઈ શકું ખરી?' યાજ્ઞવલ્ક્યે કહ્યું - 'ના, ભોગસામગ્રીઓથી સંપન્ન મનુષ્યોનું જેવું જીવન હોય છે, એવું જ તારું જીવન થઈ જશે. ધન પાસે અમૃતત્વની તો આશા ન કરી શકાય.' મૈત્રેયીએ કહ્યું - 'જેનાથી હું અમૃતસ્વરૂપ નથી થઈ શકતી, એને લઈને શું કરીશ? શ્રીમાન્! જે કંઈ અમૃતત્વનું સાધન હોય, એ જ મને જણાવો.' આથી યાજ્ઞવલક્યે કહ્યું – 'ધન્ય છે. અરે મૈત્રેયી! તું પહેલાં પણ મારી પ્રિયા રહી છે અને હાલમાં પણ તું પ્રિય વાત કહી રહી છે. સારું, હું તને એની વ્યાખ્યા કરીને સમજાવીશ. તું મારા વાક્યોના અભિપ્રાયનું ચિંતન કરજે.'

યાજ્ઞવલ્ક્યે પછી કહ્યું –

ન વા અરે સર્વસ્ય કામાય સર્વં પ્રિયં ભવત્યાત્મનસ્તુ કામાય સર્વં પ્રિયં ભવતિ । આત્મા વા અરે દ્રષ્ટવ્યઃ શ્રોતવ્યો મન્તવ્યો નિદિધ્યાસિતવ્યો મૈત્રેય્યાત્મનો વા અરે દર્શનેન શ્રવણેન મત્યા વિજ્ઞાનેનેદꣳ સર્વં વિદિતમ્ । (૨/૪/૫)

'અરે મૈત્રેયી! સૌના પ્રયોજન માટે થઈને સૌ પ્રિય નથી હોતાં, આપણા પોતાના જ પ્રયોજન માટે થઈને સૌ પ્રિય હોય છે. આ આત્મા જ દર્શનીય, શ્રવણીય, મનનીય અને ધ્યાન કરવા યોગ્ય છે. હે મૈત્રેયી! આ આત્માનાં જ દર્શન, શ્રવણ, મનન તથા વિજ્ઞાનથી આ બધાનું જ્ઞાન થઈ જાય છે.'

તથા–

ઈદં બ્રહ્મેદં ક્ષત્રમિમે લોકા ઈમે દેવા ઈમાનિ ભૂતાનીદꣳ સર્વં યદયમાત્મા । (૨/૪/૬)

'હે મૈત્રેયી! આ બ્રાહ્મણજાતિ, આ ક્ષત્રિયજાતિ, આ લોક, આ દેવગણો, આ ભૂતગણો આ બધું જે કંઈ પણ છે, બધું આત્મા જ છે.'

તેમજ–

યત્ર હિ દ્વૈતમિવ ભવતિ તદિતર ઈતરં જિઘ્રતિ તદિતર ઈતરં પશ્યતિ તદિતર ઈતરꣳ શૃણોતિ તદિતર ઈતરમભિવદતિ તદિતર ઈતરં મનુતે તદિતર ઈતરં વિજાનાતિ યત્ર વા અસ્ય સર્વમાત્મૈવાભૂત્તત્કેન કં જિઘ્રેત્ તત્કેન કꣳ પશ્યેત્તત્કેન કꣳ શૃણુયાત્તત્કેન કમભિવદેત્તત્કેન કં મન્વીત તત્કેન કં વિજાનીયાત્ । યેનેદꣳ સર્વં વિજાનાતિ તં કેન વિજાનીયાદ્વિજ્ઞાતારમરે કેન વિજાનીયાદિતિ । (૨/૪/૧૪)

'જ્યાં (અવિદ્યાવસ્થામાં) દ્વૈત જેવું હોય છે, ત્યાં જ અન્ય અન્યને સૂંઘે છે, અન્ય અન્યને જુએ છે, અન્ય અન્યને જાણે છે; પણ જ્યાં એના માટે બધું આત્મા જ થઈ ગયું છે, ત્યાં કોના દ્વારા કોને સૂંઘે, કોના દ્વારા કોને જુએ, કોના દ્વારા કોને સાંભળે, કોના દ્વારા કોની સાથે વાતચીત કરે, કોના દ્વારા કોનું મનન કરે અને કોના દ્વારા કોને જાણે? જેના દ્વારા આ બધાને જાણે છે, એને કોના થકી જાણે! હે મૈત્રેયી! વિજ્ઞાતાને કોના થકી જાણે?'

આ રીતે બૃહદારણ્યક ઉપનિષદ્‌ના બીજા તથા ચોથા અધ્યાયમાં આ પ્રસંગ વિસ્તારપૂર્વક આવેલો છે, અહીં તો એનો થોડોક અંશ જ આપવામાં આવ્યો છે.

(૪) જે નાશવંત, ક્ષણભંગુર, માયામય દૃશ્યવર્ગથી રહિત નિરાકાર, નિર્વિકાર, નિત્ય, વિજ્ઞાનાનંદઘન નિર્વિશેષ પરબ્રહ્મ પરમાત્મા છે, એ મારો જ આત્મા છે એટલે કે મારું જ સ્વરૂપ છે; આ રીતે એ નિરાકાર નિર્વિશેષ વિજ્ઞાનાનંદઘન પરમાત્માને એકાત્મભાવે જાણીને મનુષ્ય એને પામી જાય છે. શ્રુતિ કહે છે–

યોઽકામો નિષ્કામ આપ્તકામ આત્મકામો ન તસ્ય પ્રાણા ઉત્ક્રામન્તિ બ્રહ્મૈવ સન્ બ્રહ્માપ્યેતિ ।

(બૃહદારણ્યક ૪/૪/૬)

'જે અકામ, નિષ્કામ, આપ્તકામ અને આત્મકામ હોય છે, એના પ્રાણોનું ઉત્ક્રમણ નથી થતું; એ બ્રહ્મ જ હોઈને બ્રહ્મને પામે છે.'

આ વિષયનું રહસ્ય સમજાવવા માટે બૃહદારણ્યક ઉપનિષદ્‌માં એક ઇતિહાસ મળે છે. એકવાર રાજા જનકે એક મોટી દક્ષિણાવાળો યજ્ઞ કર્યો. એમાં કુરુ અને પાંચાલ દેશોના ઘણા બધા બ્રાહ્મણો એકઠા થયા. એ સમયે રાજા જનકે આ બ્રાહ્મણોમાંથી કોણ સૌથી શ્રેષ્ઠ પ્રવચન કરનારો છે એ જાણવાની ઇચ્છાથી પોતાની ગોશાળામાં એવી દસ હજાર ગાયો દાન આપવા માટે રોકી રાખી, જેમના દરેકના શિંગડામાં દસ-દસ પાદ સુવર્ણ બંધાયેલું હતું. અને પછી એમણે બ્રાહ્મણોને કહ્યું – 'પૂજનીય બ્રાહ્મણો! આપનામાંથી જે બ્રહ્મિષ્ઠ હોય, એ આ ગાયોને લઈ જાય.' બ્રાહ્મણોએ રાજાની વાત સાંભળી તો ખરી, પણ એમનામાંથી કોઈનું સાહસ ન થયું. એટલે યાજ્ઞવલ્ક્યે પોતાના બ્રહ્મચારીને એ ગાયો લઈ જવા માટે કહ્યું. એ ગાયોને લઈને ચાલ્યો. આથી એ બધા બ્રાહ્મણો કોપિત થઈ ગયા અને જનકના હોતા અશ્વલે યાજ્ઞવલ્ક્યને પૂછ્યું – 'યાજ્ઞવલ્ક્ય! અમારા બધામાંથી શું તમે જ બ્રહ્મિષ્ઠ છો?' યાજ્ઞવલ્ક્યે કહ્યું – 'બ્રહ્મિષ્ઠને તો અમે નમસ્કાર કરીએ છીએ, અમે તો ગાયોની ઇચ્છા રાખીએ છીએ.' આ સાંભળીને ક્રમશઃ અશ્વલ, આર્તભાગ અને ભુજ્યુએ એમને અનેક પ્રશ્નો કર્યા અને મહર્ષિ યાજ્ઞવલ્ક્યે એમનું સારી પેઠે સમાધાન કર્યું.

પછી ચાકાયણ ઉષસ્તે યાજ્ઞવલ્ક્યને પૂછ્યું - 'હે યાજ્ઞવલ્ક્ય! જે સાક્ષાત્ અપરોક્ષ બ્રહ્મ અને સર્વાન્તર આત્મા છે, એની મારી સામે વ્યાખ્યા કરો.' યાજ્ઞવલ્ક્યે કહ્યું –

એષ ત આત્મા સર્વાન્તરઃ કતમો યાજ્ઞવલ્ક્ય સર્વાન્તરો યઃ પ્રાણેન પ્રાણિતિ સ ત આત્મા સર્વાન્તરો યોઽપાનેનાપાનિતિ સ ત આત્મા સર્વાન્તરો યો વ્યાનેન વ્યાનિતિ સ ત આત્મા સર્વાન્તરો ય ઉદાનેનોદાનિતિ સ ત આત્મા સર્વાન્તર એષ ત આત્મા સર્વાન્તરઃ ।

(૩/૪/૧)

'આ તારો આત્મા જ સર્વાન્તર છે.' ઉષસ્તે પૂછ્યું – 'એ સર્વાન્તર કયો છે?' યાજ્ઞવલ્ક્યે કહ્યું – 'જે પ્રાણથી પ્રાણક્રિયા કરે છે એ તારો આત્મા સર્વાન્તર છે, જે અપાનથી અપાનક્રિયા કરે છે એ તારો આત્મા સર્વાન્તર છે, જે વ્યાનથી વ્યાનક્રિયા

કરે છે એ તારો આત્મા સર્વાન્તર છે, જે ઉદાનથી ઉદાનક્રિયા કરે છે એ તારો આત્મા સર્વાન્તર છે, એ તારો આત્મા સર્વાન્તર છે.'

ઉષસ્તે ફરી પૂછ્યું કે એ સર્વાન્તર ક્યો છે. ત્યારે યાજ્ઞવલ્ક્ય ફરી બોલ્યા–

.... સર્વાન્તરઃ । ન દૃષ્ટેર્દ્રષ્ટારં પશ્યેર્ન શ્રુતેઃ શ્રોતારં શૃણુયા ન મતેર્મન્તારં મન્વીથા ન વિજ્ઞાતેર્વિજ્ઞાતારં વિજાનીયાઃ । એષ ત આત્મા સર્વાન્તરોઽતોઽન્યદાર્તં તતો હોષસ્તશ્ચાક્રાયણ ઉપરરામ । (૩/૪/૨)

'આ તારો આત્મા સર્વાન્તર છે. તું એ દૃષ્ટિના દ્રષ્ટાને નથી જોઈ શકતો, શ્રુતિના શ્રોતાને નથી સાંભળી શકતો, મતિના મંતાનું મનન નથી કરી શકતો, વિજ્ઞાતિના વિજ્ઞાતાને નથી જાણી શકતો. તારો આ આત્મા સર્વાન્તર છે, આનાથી જે ભિન્ન છે એ આર્ત (નાશવંત) છે. આ સાંભળીને ચાક્રાયણ ઉષસ્ત ચૂપ થઈ ગયા.'

અથ હૈનં કહોલઃ કૌષીતકેયઃ પપ્રચ્છ યાજ્ઞવલ્ક્યેતિ હોવાચ યદેવ સાક્ષાદપરોક્ષાદ્બ્રહ્મ ય આત્મા સર્વાન્તરસ્તં મે વ્યાચક્ષ્વેત્યેષ ત આત્મા સર્વાન્તરઃ । કતમો યાજ્ઞવલ્ક્ય સર્વાન્તરો યોઽશનાયાપિપાસે શોકં મોહં જરાં મૃત્યુમત્યેતિ । (૩/૫/૧)

'એ પછી કૌષીતકેય કહોલે 'હે યાજ્ઞવલ્ક્ય!' (એ રીતે સંબોધીને કહ્યું - 'જે પણ સાક્ષાત્ અપરોક્ષ બ્રહ્મ અને સર્વાન્તર આત્મા છે, એની તમે મારી સામે વ્યાખ્યા કરો.' આથી યાજ્ઞવલ્ક્યે કહ્યું - 'આ તારો આત્મા સર્વાન્તર છે.' કહોલે પૂછ્યું - 'યાજ્ઞવલ્ક્ય! એ સર્વાન્તર કયો છે.' ત્યારે યાજ્ઞવલ્ક્યે કહ્યું - 'જે ભૂખ, તરસ, શોક, મોહ, જરા અને મૃત્યુથી પર છે (એ તારો આત્મા સર્વાન્તર છે).'

પછી આરુણિ ઉદ્દાલકે યાજ્ઞવલ્ક્યને કહ્યું - 'જો તમે એ સૂત્ર અને અંતર્યામીને નથી જાણતા અને તેમ છતાં પણ બ્રહ્મવેત્તાની પોતાની ગાયોને લઈ જશો તો તમારું માથું પડી ભાંગશે.' યાજ્ઞવલ્ક્યે ઉત્તરમાં કહ્યું - 'હું એ સૂત્ર અને અંતર્યામીને જાણું છું. હે ગૌતમ! વાયુ જ એ સૂત્ર છે; આ વાયુરૂપી સૂત્ર દ્વારા જ આ લોક, પરલોક અને આખો ભૂતસમુદાય ગૂંથાયેલા છે.' ત્યારે એનું સમર્થન કરતાં ઉદ્દાલકે અંતર્યામીનું વર્ણન કરવા માટે કહ્યું.

યાજ્ઞવલ્ક્યે કહ્યું -

યઃ પૃથિવ્યાં તિષ્ઠન્ પૃથિવ્યા અન્તરો યં પૃથિવી ન વેદ યસ્ય પૃથિવી શરીરં યઃ પૃથિવીમન્તરો યમયત્યેષ આત્માન્તર્યામ્યમૃતઃ । (૩/૭/૩)

તથા–

અદૃષ્ટો દ્રષ્ટાશ્રુતઃ શ્રોતામતો મન્તાવિજ્ઞાતો વિજ્ઞાતા નાન્યોઽતોઽસ્તિ વિજ્ઞાતૈષ ત આત્માન્તર્યામ્યમૃતોઽતોઽન્યદાર્તં તતો હોદ્દાલક આરુણિરુપરરામ । (૩/૭/૨૩)

'એ ન દેખાતો છતાં જોનારો છે, સંભળાતો છતાં સાંભળનારો છે, મનનો વિષય ન હોવા છતાં મનન કરનારો છે અને વિશેષરૂપે ન જાણી શકાતો હોવા છતાં વિશેષરૂપે જાણનારો છે. આ તારો આત્મા અન્તર્યામી અમૃત છે. આનાથી ભિન્ન જે છે એ બધું નાશવંત છે. આ સાંભળીને અરુણપુત્ર ઉદ્દાલકે પ્રશ્ન પૂછવાનું બંધ કર્યું.'

એ પછી વાચક્નવી ગાર્ગીએ તથા શાકલ્ય વિદગ્ધે ઘણા પ્રશ્નો કર્યા, જેમના ઉત્તરો યાજ્ઞવલ્ક્યજીએ તરત જ આપી દીધા. છેવટે એમણે શાકલ્યને કહ્યું - 'હવે હું તમને એ ઔપનિષદ પુરુષ વિશે પૂછું છું, જો તમે એ સ્પષ્ટપણે નહીં જણાવી શકો તો તમારું મસ્તક પડી ભાંગશે.' પણ શાકલ્ય એને જાણતા ન હતા, માટે

એમનું મસ્તક પડી ભાંગ્યું.

પછી યાજ્ઞવલ્ક્યે કહ્યું - 'પૂજ્ય બ્રાહ્મણગણો! આપનામાંથી જેની ઈચ્છા હોય, એ મને પ્રશ્ન પૂછે અથવા આપને હું પ્રશ્ન પૂછું.' પણ એ બ્રાહ્મણોનું સાહસ ન થયું.

આ વિષયનું રહસ્ય સમજાવવા માટે બૃહદારણ્યક ઉપનિષદ્‌માં બીજું એ પણ કહ્યું છે–

સ વા એષ મહાનજ આત્માજરોડમરોડમૃતોડભયો બ્રહ્માભયં વૈ બ્રહ્માભયઃ હિ વૈ બ્રહ્મ ભવતિ ય એવં વેદ । (૪/૪/૨૫)

'તે આ મહાન અજન્મા આત્મા અજર, અમૃત, અભય તેમજ બ્રહ્મ છે, સાચે જ બ્રહ્મ અભય છે, જે આ પ્રમાણે જાણે છે, એ જરૂર અભય બ્રહ્મ જ થઈ જાય છે.'

આ **'ત્વમ્'** પદના લક્ષ્યાર્થ એવા સમસ્ત દૃશ્યવર્ગથી અતીત આત્મસ્વરૂપ નિર્વિશેષ બ્રહ્મની ઉપાસના પર સંક્ષિપ્ત વિચાર થયો.

ઉપર જણાવેલી આ ઉપાસનાઓમાંથી કોઈનું પણ સારી પેઠે અનુષ્ઠાન કરવાથી મનુષ્યને પરમાત્માની પ્રાપ્તિ થઈ જય છે. શરૂમાં સાધક ભેદ કે અભેદ જે ભાવે ઉપાસના કરે છે, એ પોતાની રુચિ, સમજ તથા કોઈના દ્વારા ઉપદેશ પામીને સાધનની શરૂઆત કરે છે, પણ જો એનું લક્ષ્ય ખરેખર પરમાત્માને પ્રાપ્ત કરવાનું હોય, તો એ ભલે ગમે તે ભાવે ઉપાસના કરે, છેવટે એને પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે; કેમકે, સૌનું છેવટનું પરિણામ એક જ છે. ગીતામાં પણ ભગવાને જણાવ્યું છે–

યત્સાઙ્ખ્યૈઃ પ્રાપ્યતે સ્થાનં તદ્યોગૈરપિ ગમ્યતે ।
એકં સાઙ્ખ્યં ચ યોગં ચ યઃ પશ્યતિ સ પશ્યતિ ॥
(૫/૫)

'જ્ઞાનયોગીઓ વડે જે પરમધામ પ્રાપ્ત કરાય છે, કર્મયોગીઓ વડે પણ એ જ પ્રાપ્ત કરવામાં આવે છે; આથી જે માણસ જ્ઞાનયોગ અને કર્મયોગને ફળરૂપે એક જુએ છે, તે જ યથાર્થ જુએ છે.'

બીજું એ પણ કહ્યું છે–

ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ કેચિદાત્માનમાત્મના ।
અન્યે સાઙ્ખ્યેન યોગેન કર્મયોગેન ચાપરે ।
(ગીતા ૧૩/૨૪)

'એ પરમાત્માને, કેટલાક માણસો શુદ્ધ થયેલી સૂક્ષ્મ બુદ્ધિ વડે ધ્યાન દ્વારા હૃદયમાં જુએ છે, તો બીજા કેટલાક જ્ઞાનયોગ દ્વારા અને વળી બીજા કેટલાક કર્મયોગ દ્વારા જુએ છે એટલે કે પામે છે.'

ગીતા, ઉપનિષદ્ વગેરે શાસ્ત્રોમાં જેટલાં સાધન જણાવવામાં આવ્યાં છે, એ બધાંનું ફળ – છેવટનું પરિણામ એક જ છે અને એ અનિર્વચનીય છે, જેને કોઈ કોઈ રીતે પણ જણાવી નથી શકતું. જે કંઈ પણ જણાવવામાં આવે છે, એનાથી એ સાવ વિલક્ષણ છે.

આમ અહીં સગુણ-નિર્ગુણસ્વરૂપ સચ્ચિદાનંદઘન પરમાત્માની ભેદોપાસના તેમજ અભેદોપાસના પર ઘણા જ સંક્ષેપમાં વિચાર કરવામાં આવ્યો છે. ઉપનિષદ્‌માં કહેવામાં આવેલી ઉપાસનાનો વિષય ઘણો જ વિસ્તૃત અને અત્યંત ગહન છે. સ્થાન-સંકોચને લીધે અહીં કેવળ દિશાસૂચન કરવામાં આવ્યું છે. સુરુચિ-સંપન્ન જિજ્ઞાસુ વાચકો આ વિષયને વિશેષરૂપે જાણવા ઈચ્છે તો તેઓ ઉપનિષદોમાં જ એને જુએ અને એનું યથાયોગ્ય મનન તેમજ ધારણ કરીને જીવનને સફળ બનાવે.

—★—